દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

# દૈનિક મુંબઈ તરંગ

❖ વર્ષ - 2 ❖ અંક - 308 ❖ ગુરૂવાર 08 મે 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com

## સંક્ષિપ્ત સમાચાર

### પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક બાદ ભારતભરમાં એલર્ટ, જામનગર-રાજકોટની ફ્લાઈટ્સ રદ

ભારતીય સેના અડધી રાત્રે પાકિસ્તાનના 9 ઠેકાણે એરસ્ટ્રાઈક કર્યા બાદ ભારતભરમાં એલર્ટ આપવામાં આવ્યું છે. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સેનાએ આતંકવાદીઓના ઠેકાણા પર હુમલા કર્યા હતા. જે બાદ શ્રીનગર એરપોર્ટ સામાન્ય લોકો માટે બંધ કરી દેવાયું છે. આટલું જ નહીં ભારતમાં અનેક ફ્લાઈટ્સ રદ પણ થઈ છે. એર ઈન્ડિયાએ બપોરના 12 વાગ્યા સુધીની જમ્મુ કાશ્મીર, રાજસ્થાન, ચંડીગઢ, પંજાબ જતી તમામ ફ્લાઈટ્સ રદ કરી છે. જામનગર, ભુજ, રાજકોટ, જોધપુર, અમૃતસરની તમામ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. ઈન્ડિગોની પણ અનેક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. મુસાફરો માટે ખાસ એડવાઈઝરી જાહેર કરાઈ છે કે તેઓ યાત્રા શરૂ કરતાં પહેલા ફ્લાઈટની જાણકારી મેળવી લે.

## આજ નો સુવિચાર

જીવનમાં પ્રેમ અને સન્માન બે મુખ્ય ધરો છે.

## 'Operation Sindoor' માટે ભારતે પાકિસ્તાનનું આ શહેર જ કેમ પસંદ કર્યું? લશ્કર-જૈશ સાથે કનેક્શન



ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન તથા PoKમાં એરસ્ટ્રાઈક કરી છે. પ્રાથમિક માહિતી અનુસાર થલ અને વાયુસેનાએ રાતના પોણા બે વાગ્યે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના ઠેકાણા પર હુમલો કર્યો. જેમાં પાકિસ્તાને હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે, 'ભારતીય હુમલામાં કોટલી, મુરિદકે અને બહાવલપુરમાં 9 સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા.' આતંકવાદી સંગઠનોના ઠેકાણાઓને ધ્વસ્ત કરવાનો ઉદ્દેશ્ય  આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત પર છેલ્લા ત્રણ દાયકામાં થયેલા ઘણા મોટા આતંકવાદી હુમલાઓમાં સામેલ જૈશ-એ-મોહમ્મદ (JeM) અને લશ્કર-એ-તૈયબા (LeT) જેવા આતંકવાદી સંગઠનોના ઠેકાણાઓને ધ્વસ્ત કરવાનો હતો. આ ત્રણેય સેનાઓનું સંયુક્ત ઓપરેશન હતું.

## એરસ્ટ્રાઈક બાદ શું આજે ભારતમાં સ્કૂલ, કૉલેજ, બૅન્કો બંધ રહેશે? ફ્લાઈટ્સ માટે એડવાઈઝરી

ભારતીય વાયુસેનાએ સિક્રેટ ઓપરેશન હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(POK)માં લગભગ 9 આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. આ કાર્યવાહી રાત્રે લગભગ 1:30 વાગ્યે કરવામાં આવી હતી. ભારતીય વાયુસેના દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર બાદ હવે લોકોના મનમાં મોટો પ્રશ્ન એ છે કે શું બાળકો માટે આજે શાળાઓ ખુલશે અને હવાઈ અને રેલ મુસાફરી પર તેની શું અસર પડશે. આવી સ્થિતિમાં, ચાલો દરેક પ્રશ્નનો જવાબ જાણીએ...શું બાળકોને શાળાએ મોકલવા જોઈએ?ઉલ્લેખનીય છે કે વાયુસેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી બાદ ભારતના તમામ રાજ્યોમાં પરિસ્થિતિ સામાન્ય છે. ભારતની સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. અત્યાર સુધી શાળાઓ અંગે કોઈ એડવાઈઝરી જારી કરવામાં આવી નથી. હા પણ જમ્મુ-કાશ્મીરમાં શૈક્ષણિક સંસ્થાનો બંધ રહેશે. આવી સ્થિતિમાં બાળકોને અન્ય રાજ્યોની શાળાઓમાં મોકલી



શકાશે. જોકે, તમારા બાળકોને શાળાએ મોકલતાં પહેલા શાળા પ્રશાસન તરફથી આવતા મેસેજ કે ઈમેઈલ ચકાસી લેજો કે શું તેમણે શાળા બંધ રાખવાનો કોઈ નિર્ણય લીધો છે કે નહીં. શું હવાઈ મુસાફરી સલામત છે?ભારતમાં હવાઈ મુસાફરી સંપૂર્ણપણે સલામત છે. તમે તમારા નિર્ધારિત સમય મુજબ મુસાફરી કરી શકશો. જોકે, ભારતમાં કેટલાક સ્થળોએ ઉડાન અંગે એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે, જે મુજબ કેટલાક શહેરો માં હવાઈ મુસાફરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખરેખર તો એર ઈન્ડિયાએ 7 મેના રોજ બપોરે 12 વાગ્યા સુધી જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટથી અવર-જવર કરતી બધી ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. આવી સ્થિતિમાં, જો તમે આ રૂટ પર મુસાફરી કરી રહ્યા છો તો પહેલા એરલાઈન્સના અપડેટ્સ તપાસો. બીજી બાજુ અમૃતસર જતી બે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને દિલ્હી ડાયવર્ટ કરવામાં આવી છે.શું બૅંકો અને શેરબજાર ખુલશે?બૅંકો અને શેરબજારો બંધ થવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. આવી સ્થિતિમાં બૅંક, શેર બજારો નક્કી સમયે સંચાલિત રહેશે. તમે બૅંકમાં જઈને તમારું બૅંકિંગનું કામ સરળતાથી કરી શકો છો. ભારતમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે.શું ટ્રેન મુસાફરી બંધ થઈ ગઈ છે?હવાઈ હુમલા પછી ભારતમાં ટ્રેન વ્યવસ્થા સરળતાથી કામ કરી રહી છે. તમે ટ્રેન દ્વારા મુસાફરી કરી શકો છો અને રેલ્વેએ ચોક્કસ ટ્રેક અથવા વિસ્તારો અંગે કોઈ એડવાઈઝરી જાહેર કરી નથી. શું આપણે આવશ્યક વસ્તુઓ ખરીદવી જોઈએ?આ સ્થિતિમાં અફવાઓ પર ધ્યાન આપવાની જરૂર નથી.ભારતમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે, તેથી તમારે જરૂરી માલ-સામાન એકત્ર કરવા જેવા પગલાં લેવાની જરૂર નથી. શું આપણે ATMમાંથી પૈસા કાઢીને રાખી મૂકવા જોઈએ?હવાઈ હુમલા પછી, લોકો શક્ય તેટલી વધુ રોકડ ઉપાડવાની યોજના બનાવી રહ્યા છે, પરંતુ તેમ કરવાની કોઈ જરૂર નથી.

આ સમયે તમારે કોઈપણ ગભરાટ ટાળવો જોઈએ અને કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવું જોઈએ.

## મોદીને પહલગામ હુમલાની જાણ હતી તેથી કાશ્મીર પ્રવાસ રદ કરેલો : ખડગે

❋ મોદીએ પર્યટકોની સુરક્ષા ના કરી : કોંગ્રેસ અધ્યક્ષ

❋ મોદી પર હુમલો રોકવાની નિષ્ફળતાનો આરોપો લગાવીને ખડગે સેનાનું મનોબળ તોડી રહ્યા છે : ભાજપ

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પહલગામમાં હુમલો થશે તેની જાણકારી અગાઉ મળી ગઇ હતી, અને તેથી જ તેમણે આ હુમલાના ત્રણ દિવસ પહેલા જ પોતાની કાશ્મીરની મુલાકાતને રદ કરી નાખી હતી. હુમલાની ગુપ્ત માહિતી એજન્સીઓ પાસે પણ હતી, છતા સરકાર કાશ્મીરમાં નાગરિકોની સુરક્ષાની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહી. આ ગુપ્ત રિપોર્ટમાં મોદીને એલર્ટ કરાયા હતા અને પોતાનો પ્રવાસ રદ કરવાની સલાહ અપાઈ હતી. બાદમાં મોદીએ પોતાનો પ્રવાસ તો રદ કર્યો પણ સ્થાનિક પોલીસ, સેનાને એલર્ટ ના કરી.



ઝારખંડની રાજધાની રાંચીમાં સંવિધાન બચાવો રેલીને સંબોધતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે મોદીને ત્રણ દિવસ અગાઉ જ હુમલાની જાણકારી મળી ગઇ હતી, એક ગુપ્ત રિપોર્ટ મોદીજીને મોકલવામાં આવ્યો હતો, જેને કારણે મોદીજીએ પોતાનો કાશ્મીર પ્રવાસ રદ કરી નાખ્યો હતો. જ્યારે ગુપ્ત રિપોર્ટ કહી રહી છે કે મોદી માટે કાશ્મીર જવુ સુરક્ષિત નથી, તો મોદીએ નાગરિકોની સુરક્ષાની વ્યવસ્થા થાય તે માટે આ ગુપ્ત રિપોર્ટની જાણ સુરક્ષાદળોને, સ્થાનિક કાશ્મીરની પોલીસ અને એજન્સીઓને કેમ ના કરી? ખડગેએ દાવો કર્યો હતો કે જ્યારે મોદીને હુમલો થશે તેવી જાણકારી મળી તો તેમણે પોતાનો કાર્યક્રમ રદ કરી નાખ્યો પરંતુ કાશ્મીરમાં પર્યટકોની સુરક્ષા માટે વધુ સુરક્ષાદળો અને પોલીસને ના મોકલી. સર્વપક્ષીય બેઠકમાં સરકારે પોતાની નિષ્ફળતાનો સ્વીકાર કર્યો હતો. પહલગામ હુમલામાં લોકો માર્યા ગયા તે માટે કેન્દ્ર સરકારને જવાબદાર કેમ ના ઠેરવી શકાય? ખડગેએ સાથે દાવો કર્યો હતો કે કોંગ્રેસ પાકિસ્તાન સામેના કોઇ પણ પગલા માટે કેન્દ્ર સરકારની સાથે છે. બીજી તરફ ઝારખંડ ભાજપે કોંગ્રેસ અધ્યક્ષ પર વળતો પ્રહાર કર્યો હતો. ઝારખંડ ભાજપ પ્રમુખ બાબુલાલ મરાંડીએ કહ્યું હતું કે ઈન્ટેલિજન્સ નિષ્ફળતા મુદ્દે ખડગે દ્વારા મોદીની ટિકા સુરક્ષાદળોનું મનોબળ તોડવા માટે છે. કોંગ્રેસ અધ્યક્ષ સેનાનું મનોબળ તોડવા માગે છે. પહલગામમાં પર્યટકો પર આતંકી હુમલામાં નેવી ઓફિસર લે. વિનય નરવાલ શહીદ થયા હતા, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ હરિયાણાના કર્નાલમાં રહેતા નરવાલના પરિવારની મુલાકાત લીધી હતી અને તેમની સાથે દોઢ કલાક વિતાવ્યો હતો. બાદમાં રાહુલે એક્સ (ટ્વિટર) પર આ મુલાકાતની જાણ કરતા કહ્યું હતું કે સમગ્ર દેશ શહીદ લેફ્ટનન્ટ વિનય નરવાલના પરિવારની સાથે છે. ભારત તરફ કોઇ આંખ ઉઠાવી ના શકે તે માટે આકરા જવાબ આપવા વિપક્ષ કેન્દ્ર સરકારની સાથે છે.

## ભારત-પાક. યુદ્ધનું 'રિહર્સલ' : દેશમાં પ્રજાની મોક ડ્રિલ, સરહદે એરફોર્સની કવાયત

- પહલગામ હુમલાનો બદલો લેવાની ભારતની તૈયારીઓ શરૂ
- સરહદે રફાલ, સુખોઇ, મિરાજ સહિતના યુદ્ધ વિમાનો આકાશમાં ગરજીને પાક.ને પરસેવો છોડાવશે, યુદ્ધાભ્યાસ પૂર્વે નોટિસ ટૂ એરમેન જારી
- ભારતમાં મોક ડ્રિલ અને સરહદે તૈયારીને પગલે પાક. વડાપ્રધાન શરીફ આઇએસઆઇ હેડક્વાર્ટરે દોડી ગયા,

જમ્મુ કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર આતંકીઓ દ્વારા કરાયેલા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદીલી વધવા લાગી છે. બન્ને દેશો વચ્ચે ગમે ત્યારે યુદ્ધ શરૂ થાય તેવી પણ અટકળો છે ત્યારે આ સ્થિતિ વચ્ચે ૭મી મેના રોજ એટલે કે બુધવારે સમગ્ર દેશમાં મોક ડ્રિલ કરવામાં આવશે. જ્યારે બીજી તરફ સરહદે પણ કવાયત શરૂ કરી દેવામાં આવી છે. ભારત પાકિસ્તાની સરહદે હવાઇ યુદ્ધાભ્યાસ કરશે. ફ્રાંસથી વિશેષ લવાયેલા રફાલ સહિતના યુદ્ધ વિમાનો સરહદે પાકિસ્તાનનો પરસેવો છોડાવશે. આ યુદ્ધાભ્યાસ સાત અને આઠ મે દરમિયાન કરવામાં આવશે. જેને લઇને પાકિસ્તાન સરહદે નોટિસ ટૂ એરમેન (નોટમ) જારી કરવામાં આવી છે.યુદ્ધાભ્યાસ માટે જારી થયેલા નોટમ અંગેની જાણકારી ઈન્ટેલિજન્સ નિષ્ણાત ડેમિયન સાઇમને આપી હતી. જોકે આ યુદ્ધાભ્યાસને હાલ ગુપ્ત રાખવામાં આવ્યું છે તેથી તેની વધુ વિગતો જાહેર કરવામાં નથી આવી. પરંતુ નોટમ જારી થતા તેમાં સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે કે યુદ્ધાભ્યાસને ધ્યાનમાં રાખીને પાક. સાથેની સરહદના વિસ્તારોની હવાઇ સરહદને પ્રતિબંધિત કરવામાં આવી છે. આ દરમિયાન ત્યાં ભારતીય એરફોર્સના યુદ્ધ વિમાનો જેવા કે રફાલ, સુખોઇ, મિરાજ વગેરે આકાશમાં ગર્જના કરશે. ખાસ કરીને રણ પ્રદેશવાળી સરહદ પાસે આ યુદ્ધાભ્યાસ થઇ શકે છે.

બીજી તરફ યુદ્ધ થાય તો તેવી સ્થિતિમાં પ્રજા, સંવેદનશીલ ઈમારતો વગેરેની સુરક્ષા કેવી રીતે કરવી તે માટે સમગ્ર દેશમાં મોક ડ્રિલ યોજવામાં આવશે. આ મોક ડ્રિલ બુધવારે યોજાશે. આ મોક ડ્રિલને સિવિલ ડિફેન્સ અભ્યાસ તરીકે પણ જોવામાં આવી રહી છે.



જેમાં નાગરિકોની સુરક્ષાને વિશેષ ધ્યાનમાં લેવામાં આવશે. ૧૯૭૧માં જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું ત્યારે આ પ્રકારની મોક ડ્રિલ સમગ્ર દેશમાં યોજવામાં આવી હતી. આ મોક ડ્રિલ ૩૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ૨૫૯ સ્થળોએ આયોજિત કરવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય આમ નાગરિકોને યુદ્ધ જેવી સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર કરવાનો છે. સાયરનો તૈયાર રાખવી, શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વરક્ષાની તાલિમ આપવી સહિતના વિવિધ અભ્યાસોનો સમાવેશ આ મોક ડ્રિલમાં કરવામાં આવ્યો છે. હવાઇ હુમલા, બોમ્બ વિસ્ફોટ, ગેસ હુમલો, સાઇબર હુમલો અને અન્ય ઇમર્જન્સીની સ્થિતિમાં સુરક્ષા કેવી રીતે કરવી તેના પર ભાર મુકાશે. આ અહેવાલો વચ્ચે પૂંચમાં પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો હતો. ભારતભરમાં આ મોક ડ્રિલ યોજવામાં આવી રહી છે તેની જાણકારી પાકિસ્તાનને મળી ગઇ છે, જેને પગલે પાકિસ્તાનમાં ચિંતા વધી ગઇ છે. સરહદે ભારતીય સેનાનો યુદ્ધાભ્યાસ અને બીજી તરફ દેશભરમાં મોક ડ્રિલ વચ્ચે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અચાનક જ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા અને આતંકીઓને મદદ કરનારી આઇએસઆઇના હેડક્વાર્ટરે પહોંચ્યા હતા. શરીફની આઇએસઆઇ હેડક્વાર્ટરની આ મુલાકાત દરમિયાન પાક. સેના, એરફોર્સ અને નેવીના વડાઓ પણ હાજર રહ્યા હતા. જો ભારત હુમલો કરે તો તેવી સ્થિતિમાં પાકિસ્તાન પોતાના રક્ષણ માટે શું પગલા લઇ શકે તે મુદ્દે આ બેઠકમાં ચર્ચા થઇ હોવાના અહેવાલો છે.

## આજથી શરૂ થનારી સિક્યુરિટી ડ્રીલમાં શાં શાં પગલાં લેવામાં આવશે



ભારતમાં ઘૂંઘવાતા ભારેલા અગ્નિ ઉપરથી પહેલગાંવ ઘટનાએ રાખ ઉડાડી દીધી છે. ભડકો ગમે ત્યારે થઈ શકે તેમ છે. તે સંયોગોમાં તા. ૭મેથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાષ્ટ્રવ્યાપી સિવિલ ડીફેન્સ મોકડ્રીલ કરવી શરૂ કરવા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપી દીધો છે.જો કે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આપેલા આ આદેશમાં ભારત-પાક. વચ્ચેની તંગદિલીનો કોઈ ઉલ્લેખ કરાયો નથી. પરંતુ પહેલગાંવ ઘટના પછી અપાયેલો આ આદેશ થોડામાં ઘણું કહી જાય છે.હવે આ મોકડ્રીલ વિષે સમજીએ...ગૃહ મંત્રાલયે દેશના ૨૪૪ જિલ્લાઓને મોક ડ્રિલ માટે પ્રાથમિકતા આપી છે.

તેનાં શહેરો અને ગામડાંઓને પણ સિવિલ ડીફેન્સ પ્રીપેર્ડનેસ (નાગરિક સંરક્ષણ તૈયારી) માટે જણાવી દીધું છે. તેમાં ડીસ્ટ્રિક્ટ કલેકટર્સ એસ.આર.પી. પોલીસ, સિવિલ ડીફેન્સ વૉર્ડન્સ વૉલેન્ટીયર્સ હોમગાર્ડસ (સક્રિય અને અનામત) તેમજ એન.પી.પી. એન.એસ.એસ.

એન.વાય.કે.એસ. સ્કૂલ અને કૉલેજોના વિદ્યાર્થીઓને પણ કાર્યરત થવા કહેવાયું છે અને દુશ્મનના કોઈ પણ હુમલા સામે ટક્કર માટે તૈયાર રહેવા જણાવાયું છે.આ સિવિલ ડીફેન્સ ડ્રીલના 9 મુખ્ય મુદ્દાઓ છે(૧) સૌથી પહેલાં તો એર રેઈડ સાયરન્સની ચકાસણી કરી તે બરોબર સક્રિય છે કે કેમ તે જોવામાં આવશે કારણ કે હવાઈ હુમલા સમયે ચેતવણી રૂપે તે વગાડવી જ પડે છે.(૨) આ ડ્રીલ દરમિયાન ઈંડીયન એરફોર્સ સાથે હોટ લાઈન અને રેડિયો સંપર્ક સતત રાખવામાં આવશે.(૩) કંટ્રોલ રૂમ્સ અને શેડો કન્ટ્રોલ રૂમ્સની સક્રિયતા તાજી કરવામાં આવશે.

## રોડ અકસ્માત પીડિતને દોઢ લાખ સુધી મફત સારવાર યોજનાનો અમલ શરૂ

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ અંતે કેન્દ્ર સરકારે દેશભરમાં રોડ અકસ્માત પીડિતોની તાત્કાલીક સારવાર માટે કેશલેસ યોજનાનો અમલ શરૂ કર્યો હતો. કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા ગેઝેટ નોટિફિકેશન જાહેર કરાયું હતું, જે મુજબ ૫ મે, ૨૦૨૫ના રોજ આ યોજનાનો દેશભરમાં અમલ શરૂ કરી દેવાયો હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી. નોટિફિકેશન મુજબ રોડ અકસ્માત પીડિતને શરૂઆતમાં જ તાત્કાલીક અસરથી દોઢ લાખ રૂપિયાની કેશલેસ એટલે કે મફત સારવાર મળી રહેશે, સરકારે સારવાર માટે માન્ય કરેલી હોસ્પિટલમાં આ યોજનાનો લાભ અકસ્માતની તારીખથી સાત દિવસ સુધી મળશે. સરકારે આ યોજનાને કેશલેસ ટ્રીટમેન્ટ ઓફ રોડ એક્સિડન્ટ વિક્ટિમ સ્કીમ ૨૦૨૫ નામ આપ્યું છે. આયુષ્યમાન કાર્ડ યોજનાની જેમ સરકારની આ યોજનાને પણ




મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ યોજના મુજબ અકસ્માતની તારીખથી સાત દિવસ સુધી ઘાયલ વ્યક્તિ દીઠ આશરે ૧.૫૦ લાખ રૂપિયાની કેશલેસ સારવાર મળશે. યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અકસ્માત સમયે જ યોગ્ય સારવાર અપાવીને ઘાયલોનો જીવ બચાવવાનો છે. આ યોજનાનો લાભ દેશના તમામ નાગરિકોને મળશે. સરકાર સારવારના ખર્ચમાં દોઢ લાખ રૂપિયાનો ખર્ચ પોતે ઉઠાવશે. તમામ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ યોજનાના અમલ માટે તેમજ તેના પર દેખરેખ રાખવા નોડલ એજન્સીની રચના કરવામાં આવશે. આ નોડલ એજન્સી નેશનલ હેલ્થ ઓથોરિટી સાથે જોડાઈને પોર્ટલ પર વેબ પોર્ટલ પર સારવાર માટે માન્ય હોસ્પિટલોની યાદી જાહેર કરાવશે. આ ઉપરાંત પીડિતોની સારવાર અને હોસ્પિટલોને ચૂકવવામાં આવનારી રકમ પર પણ નજર રાખશે. આ ઉપરાંત એક સ્ટીયરિંગ કમિટી પણ રચાશે જે યોજના પર દેખરેખ રાખશે. આ કમિટીની અધ્યક્ષતા રોડ સચિવ કરશે જ્યારે એનએચએ સીઈઓ સભ્ય રહેશે. આ ઉપરાંત

## તંત્રી લેખ



### જાતિવાર વસ્તી ગણતરીના પરિણામો, સમાજની અપેક્ષાઓ જાણી શકાશે

ભારતીય રાજકારણ માટે આ એક દુર્લભ ક્ષણ છે જ્યારે શાસક પક્ષ અને વિપક્ષ બંને એકમત હોય. બંને પક્ષો દેશમાં આગામી વસ્તી ગણતરી જાતિના આધારે કરાવવાના મુદ્દા પર સંમત થયા છે. અંગ્રેજોએ દેશમાં છેલ્લી વખત જાતિગત વસ્તી ગણતરી 1931 માં હાથ ધરી હતી. આ દૂરગામી નિર્ણયને સામાજિક ન્યાય અને પછાત વર્ગોના સશક્તિકરણ સાથે જોડાયેલ તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે અને તમામ પક્ષો તેનો શ્રેય લેવા માટે પોતપોતાના દાવા કરી રહ્યા છે.ભારતીય સમાજની એક પ્રાચીન સંસ્થા તરીકે, જાતિના ઘણા પ્રકારો રહ્યા છે. આધુનિક દૃષ્ટિકોણ ઘણીવાર જાતિ વ્યવસ્થા સાથે સંકળાયેલી દુષ્ટ પ્રથાઓ પર ચિંતા વ્યક્ત કરે છે જે શુદ્ધતા અને અશુદ્ધતાના ખ્યાલોની આસપાસ પ્રચલિત છે. દેશના તમામ નેતાઓએ તેને વિભાજનકારી, શોષણકારી અને પ્રગતિના માર્ગમાં એક મોટો અવરોધ માન્યો છે. જાતિ એ જન્મના આધારે વંશવેલો સામાજિક વર્ગીકરણ પ્રણાલી છે.પરંપરા મુજબ, જાતિ વ્યવસ્થા તે વ્યક્તિ માટે સુવિધાઓ અને પ્રતિબંધોની સીમાઓ બનાવતી રહે છે. જાતિ, જે સામાજિક સીમાઓ બનાવે છે, તે સામાજિક ગતિશીલતામાં અવરોધ બની રહી છે, ખાસ કરીને આંતર-જાતિ વર્તુળમાં વૈવાહિક સંબંધોને પ્રતિબંધિત કરીને. જાતિ વ્યક્તિના વ્યક્તિગત ગુણો અથવા વર્તનની અવગણના કરે છે અને તેના પર અપેક્ષાઓનો બોજ મૂકે છે, જે તેણે જીવનભર વહન કરવો પડે છે.જાતિ એક જટિલ સામાજિક વ્યવસ્થા છે, જેનું સ્વરૂપ સમય અને સ્થળ સાથે બદલાતું રહ્યું છે. કર્મ પર આધારિત ચાર વર્ણોની મૂળ વ્યવસ્થા ક્યારે જન્મ પર આધારિત જાતિની પરંપરામાં પરિવર્તિત થઈ તે કહેવું મુશ્કેલ છે, પરંતુ જાતિ વ્યવસ્થાએ ચોક્કસપણે ભારતીય સમાજ અને તેની વિચારસરણીને એટલી ખરાબ રીતે જકડી લીધી હતી કે તેને દૂર કરવાના પ્રયાસો અસરકારક ન થઈ શક્યા. આજે દેશમાં જાતિ ચેતનાને લઈને એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. એક તરફ, જાતિ સંબંધિત પ્રતિબંધો તોડવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ, દરેક જાતિ માટે અલગ સંગઠન બનાવવાની ઘેલછા છે.લોકો જાતિ સાથે જોડાણ કરીને સરળતાથી પોતાની સામાજિક ઓળખ સ્થાપિત કરે છે અને જાતિ સભ્યપદ સાથે આવતી વધારાની ઉર્જાનો અનુભવ કરે છે. આ વલણ દિવસેને દિવસે વધુ મજબૂત બની રહ્યું છે. આજે દેશ જાતિઓ અને પેટા-જાતિઓના નામે રચાયેલી સંસ્થાઓથી ભરેલો છે. ગર્વ અને આદર સાથે લોકો આ સંગઠનો બનાવી રહ્યા છે જેનો ઉદ્દેશ્ય તે ચોક્કસ જાતિના સભ્યોનું કલ્યાણ છે. કેટલાક સમુદાયોમાં જાતિની સાથે, વંશીય શ્રેષ્ઠતાની લાગણીઓ પણ દેખાય છે. સ્થાનિક સ્તરે રચાયેલા જ્ઞાતિ સંગઠનો, જ્ઞાતિ પરિષદો, જ્ઞાતિ સેનાઓ અથવા જ્ઞાતિ પક્ષો પણ સંબંધિત સમુદાયો માટે વિવિધ કાર્યો કરે છે.આજે, જો કોઈ જ્ઞાતિનો કોઈ સંગઠન અસ્તિત્વમાં ન હોય, તો તે જ્ઞાતિ પોતાને હલકી ગુણવત્તાવાળા માને છે અને એક સમુદાય બનાવવાનું શરૂ કરે છે. આ રીતે, આજે ભારતીય સમાજમાં જાતિનો વિરોધ અને જાતિને ટેકો આપતી બંને વૃત્તિઓ એકસાથે ખીલી રહી છે. જાતિની સંસ્થાનો વિરોધ અને ખંડન રાજકીય અને સામાજિક વિચારસરણી માટે વૈચારિક આધાર પૂરો પાડે છે. હવે જાતિ સામાજિક રિવાજો અને વિચારોને બદલે રાજકીય ધ્યેયો સાથે વધુને વધુ સંકળાયેલી બની રહી છે.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# સતત ડ્રાઈવિંગ કરવાથી પેટેલર ટેન્ડિનોપેથીનું જોખમ:ઘૂંટણનો દુખાવો અને સોજો ઘટાડવા યોગ્ય પોશ્ચરમાં બેસવું અને કસરત જરૂરી, જાણો લક્ષણો અને સારવાર

જો કોઈ વ્યક્તિ દરરોજ 2 કલાકથી વધુ સમય માટે વાહન ચલાવે છે, તો તેને 'ડ્રાઈવર ની' અથવા 'પેટેલર ટેન્ડિનોપેથી' નામની પીડાદાયક સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. આ સ્થિતિ પેટેલા એટલે કે ઘૂંટણના હાડકા અને ટિબિયા એટલે કે ઘૂંટણ અને પગની ઘૂંટી વચ્ચેના હાડકાંમાં સોજાને કારણે થાય છે.આ સ્થિતિમાં ઘૂંટણના આગળના ભાગમાં તીવ્ર દુખાવો થાય છે અને આ સમસ્યા ખાસ કરીને એવા લોકોમાં જોવા મળે છે, જે લાંબા સમય સુધી એક જ પોઝીશનમાં વાહન ચલાવે છે. જો આ સમય દરમિયાન બેસવાની રીત (પોશ્ચર) ખોટી હોય તો શક્યતા વધુ વધી જાય છે.જો કોઈ કારણોસર ઘૂંટણ પર લાંબા સમય સુધી સતત દબાણ રહે તો તેમાં સોજો આવી જાય છે. જો રસ્તા પર ઘણો ટ્રાફિક હોય તો ડ્રાઈવરે વારંવાર બ્રેક અને ક્લચ દબાવવા પડે છે. તેનાથી ઘૂંટણ પર ભાર પડે છે અને 'ડ્રાઈવર ની' અથવા 'પેટેલર ટેન્ડિનોપેથી'નું જોખમ વધે છે.આજે 'ફિઝિકલ હેલ્થ'માં આપણે પેટેલર ટેન્ડિનોપેથી વિશે વાત કરીશું. સાથે એ પણ જાણીશું કે-પેટેલર ટેન્ડિનોપેથી શું છે?તેના લક્ષણો કયા છે, સારવાર શું છે?પેટેલર ટેન્ડિનોપેથીને રોકવાના ઉપાયો કયા છે?પેટેલર ટેન્ડિનોપેથી શું છે?કારમાં વારંવાર ગિયર બદલવા, ક્લચ અને બ્રેક દબાવવાથી ઘૂંટણ પર વારંવાર દબાણ આવે છે. તેનાથી ઘૂંટણના સ્નાયુઓ અને રજ્જૂ (ટેન્ડન) નબળા પડે છે, જેનાથી પેટેલર ટેન્ડિનોપેથી થઈ શકે છે.પેટેલર ટેન્ડિનોપેથીના લક્ષણો શું છે?ડૉ. સુનિલ ચૌધરી કહે છે કે, પેટેલર ટેન્ડિનોપેથીમાં ઘૂંટણના નીચેના ભાગમાં દુખાવો અને સોજો આવી શકે છે. આ દુખાવો શરૂઆતમાં ફક્ત દોડતી વખતે, કૂદતી વખતે અથવા સીડી ચઢતી વખતે અનુભવાય છે પરંતુ થોડા સમય પછી, તે આરામ કરતી વખતે પણ ચાલુ રહી શકે છે.તેનાથી ઘૂંટણમાં જડતા અને નબળાઈ આવી શકે છે, જેના કારણે લાંબા અંતર સુધી ચાલવું કે દોડવું મુશ્કેલ બને છે. સવારે ઉઠતી વખતે અથવા લાંબા સમય સુધી બેઠા પછી ઘૂંટણમાં જડતા અનુભવી શકો છો. જો તેને અવગણવામાં આવે તો, આ સમસ્યા ગંભીર બની શકે છે અને ઘૂંટણ વાળવા પણ મુશ્કેલ બની જાય છે.તેની સારવાર શું છે?પેટેલર ટેન્ડિનોપેથીની સારવાર સામાન્ય રીતે પીડા ઘટાડવા, સોજાને નિયંત્રિત કરવા અને ઘૂંટણને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ડૉક્ટર આ સલાહ આપી શકે છે-આરામ કરો- આરામ કરો અને ઘૂંટણ પર ભાર આવે તેવી પ્રવૃત્તિઓ ટાળો.બરફ અને ગરમ સેક- સોજો અને દુખાવો ઘટાડવા માટે બરફ લગાવો.દુખાવો ઘટાડવાની દવાઓ- ડૉક્ટરની સલાહ લીધા પછી પેઈન કિલર લઈ શકો છો.સ્ટ્રેચિંગ અને ફિઝીયોથેરાપી- ક્વાડ્રિસેપ્સ અને હેમસ્ટ્રિંગ સ્ટ્રેચિંગ કરો.ની (ઘૂંટણ) કેપ અથવા પટેલા સ્ટ્રેપ- ઘૂંટણને ટેકો આપવા માટે ઉપયોગ કરો.સ્ટેમ સેલ થેરાપી- ગંભીર કિસ્સાઓમાં ટેન્ડન રિકવરી માટે.સર્જરી- જ્યારે 6 મહિના સુધી કોઈ સુધારો ન થાય ત્યારે સર્જરીની જરૂર પડે છે.જીવનશૈલીમાં સુધારો કરો- વજનને નિયંત્રિત કરો. સૂચવેલી કસરતો કરો અને પોષણયુક્ત આહાર લો.પેટેલર ટેન્ડિનોપેથીમાં કઈ કસરતો ફાયદાકારક છે?ઘૂંટણની મજબૂતી અને લચીલાપણું જાળવવા માટે સામાન્ય સ્ટ્રેચિંગ અને સ્ટ્રેન્થનિંગ કસરતો ખૂબ જ ફાયદાકારક છે. ગ્રાફિકમાં કેટલીક મહત્વપૂર્ણ કસરતો જુઓ-બચવા માટે શું ધ્યાનમાં રાખવું?યોગ્ય ડ્રાઈવિંગ પોઝિશન, નિયમિત સ્ટ્રેચિંગ અને યોગ્ય કસરતો દ્વારા આ સમસ્યાને ટાળી શકાય છે. વાહન ચલાવતી વખતે આ સાવચેતીઓ રાખીને આ સમસ્યાથી બચી શકાય છે:સીટને ખૂબ પાછળ ન રાખો- ઘૂંટણ પર દબાણ ઓછું કરવા માટે તમારી સીટને પેડલ્સની નજીક રાખો.પગની પોઝિશન વ્યવસ્થિત રાખો- પગનો એંગલ 30 ડિગ્રીથી વધુ ન હોવો જોઈએ.સીટની ઊંચાઈ યોગ્ય રીતે સેટ કરો- ઘૂંટણને દુખાવા વિના 90 ડિગ્રી સુધી વાળવા સક્ષમ હોવા જોઈએ.લાંબી મુસાફરી દરમિયાન વિરામ લો- દર 45 મિનિટે રોકાઓ અને પગને સ્ટ્રેચ કરો.ક્રુઝ કંટ્રોલનો ઉપયોગ કરો- લાંબી મુસાફરીમાં સતત દબાણ ટાળવા માટે શક્ય હોય ત્યારે ક્રુઝ કંટ્રોલનો ઉપયોગ કરો.ઘૂંટણના સ્નાયુઓને મજબૂત બનાવો- હળવી કસરતો કરો અને તમારા ઘૂંટણને સુરક્ષિત રાખવા માટે ગાદી અથવા ની-સપોર્ટ પહેરો.'ડ્રાઈવર ની'ને લગતા કેટલાક સામાન્ય પ્રશ્ન અને જવાબપ્રશ્નઃ શું 'ડ્રાઈવર ની' માત્ર મેન્યુઅલ કાર ચલાવતા લોકોને જ થાય છે?જવાબઃ ના, ડ્રાઈવર ની ફક્ત મેન્યુઅલ કાર ડ્રાઈવરો સુધી મર્યાદિત નથી. આ સમસ્યા એવા લોકોને પણ થઈ શકે છે જેઓ લાંબા સમય સુધી ઓટોમેટિક કાર ચલાવે છે, ખાસ કરીને જો તેમની બેસવાની સ્થિતિ યોગ્ય ન હોય અથવા તેમના ઘૂંટણ પર ખૂબ દબાણ હોય. મેન્યુઅલ કારમાં, ક્લચ અને બ્રેકને વારંવાર દબાવવાથી ઘૂંટણ પર વધુ ભાર પડે છે, જેના કારણે આ સમસ્યા ઝડપથી વિકસી શકે છે.પ્રશ્નઃ શું લાંબા સમય સુધી વાહન ચલાવવાથી આ સમસ્યા કાયમી થઈ શકે છે?જવાબઃ હા, જો આ સમસ્યાનો યોગ્ય સમયે ઉપચાર અને નિવારણ ન કરવામાં આવે તો, તે ક્રોનિક પીડાનું સ્વરૂપ લઈ શકે છે. લાંબા સમય સુધી યોગ્ય પોશ્ચરમાં ન બેસવું અને ઘૂંટણ પર દબાણને કારણે કાર્ટિલેજ ઘસાઈ શકે છે, જેનાથી ઓસ્ટિયોઆર્થરાઇટિસ જેવી ગંભીર સમસ્યા થઈ શકે છે. તેથી, જો તમને ઘૂંટણમાં વારંવાર દુખાવો, સોજો અથવા જડતા અનુભવાય છે, તો તેને હળવાશથી ન લો અને ડૉક્ટરની સલાહ લો.પ્રશ્નઃ શું ની-કુશન કે ટેકો પહેરવાથી મદદ મળે છે?જવાબઃ હા, વાહન ચલાવતી વખતે ની-કુશન અથવા ઘૂંટણને ટેકો આપતા બ્રેસ પહેરવાથી ઘૂંટણ પરનું દબાણ ઓછું થાય છે અને દુખાવામાં રાહત મળે છે.ઓર્થોપેડિક ની-બ્રેસેસ ઘૂંટણને યોગ્ય સ્થિતિમાં રાખવામાં અને તેને વધુ પડતા દબાણથી બચાવવામાં મદદ કરે છે.ગાદી અથવા સપોર્ટિવ સિટિંગ ઘૂંટણ પરનો ભાર ઘટાડી શકે છે અને ડ્રાઇવિંગને વધુ આરામદાયક બનાવી શકે છે.જો તમારે લાંબા સમય સુધી વાહન ચલાવવાનું હોય, તો ની-સપોર્ટનો ઉપયોગ કરવાથી તમારી સ્થિતિમાં સુધારો થઈ શકે છે.પ્રશ્નઃ જો 'ડ્રાઈવર ની'ની સમસ્યા હોય તો તાત્કાલીક વાહન ચલાવવાનું બંધ કરી દેવું જોઈએ?જવાબઃ વાહન ચલાવવાનું સંપૂર્ણપણે બંધ કરવું જરૂરી નથી, પરંતુ જો દુખાવો વધુ હોય તો થોડો સમય આરામ કરવો વધુ સારું રહેશે.ટૂંકા અંતરની મુસાફરી કરવાનો પ્રયાસ કરો અને લાંબી મુસાફરી ટાળો.દર 45 મિનિટે વિરામ લો અને વાહનમાંથી બહાર નીકળીને થોડું ચાલો, જેથી બ્લડ સર્ક્યુલેશન જળવાઈ રહે અને ઘૂંટણ પર દબાણ ઓછું થાય.વાહન ચલાવતી વખતે યોગ્ય પોઝિશન જાળવી રાખો.







# શું તમે પણ અળાઈથી અકળાઈ જાવ છો?:નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી, દરેક વ્યક્તિ તેનો ભોગ બને છે, જાણો કારણ અને બચવાના ઘરેલું નુસખા

તમે ઘણીવાર જોયું હશે કે ઉનાળાની ઋતુમાં, ગરમી અને ભેજવાળા વાતાવરણને કારણે લોકોના શરીરમાં અળાઈ થાય છે. આ એક સામાન્ય સ્કિન સમસ્યા છે જે ઘણા લોકોને પરેશાન કરે છે. ઘણી વખત, અળાઈને કારણે રાતની ઊંઘમાં પણ ખલેલ પહોંચે છે કારણ કે તેનાથી સ્કિનમાં તીવ્ર ખંજવાળ આવ્યાં કરે છે. આ સમસ્યા નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી કોઈપણને થઈ શકે છે.નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, ગરમીમાં અળાઈ એ એક સામાન્ય સ્કિન પ્રોબ્લેમ છે જે અતિશય ગરમી અથવા ભેજને કારણે થાય છે. જોકે, કેટલીક મૂળભૂત કાળજી અને સ્વચ્છતા સાથે, ઘણી હદ સુધી રાહત મેળવી શકાય છે.તો, ચાલો કામના સમાચારમાં અળાઈ વિશે વિગતવાર વાત કરીએ. તમે એ પણ જાણશો કે-ઉનાળાની ઋતુમાં અળાઈ કેમ થાય છે?આનાથી બચવા માટે કયા પગલાં લેવા જોઈએ?નિષ્ણાતઃ ડૉ. સંદીપ અરોરા, ડર્મેટોલોજિસ્ટ, એપોલો સ્પેક્ટ્રા હોસ્પિટલ, દિલ્હીપ્રશ્ન- ગરમીમાં અળાઈ કેમ થાય છે?જવાબ - આ સ્કિન સંબંધિત એક સામાન્ય સમસ્યા છે, જે મોટાભાગે ઉનાળાની ઋતુમાં થાય છે. આમાં, ત્વચા પર નાની નાની લાલ ફોલ્લીઓ થાય છે અને બળતરા અથવા ખંજવાળ અનુભવાય છે. આ ફોલ્લીઓ સામાન્ય રીતે ગરદન, પીઠ અને કમરની નીચે વધારે થતી હોય છે. આનું મુખ્ય કારણ પરસેવા છે.પરસેવાના ભેજને કારણે, સ્ટેફાયલોકોકસ નામના બેક્ટેરિયા ત્વચામાં વધે છે, જે છિદ્રોને બ્લોક કરે છે. આના કારણે પરસેવો બહાર નીકળી શકતો નથી અને ત્વચા પર અળાઈ થવા લાગે છે. તબીબી ભાષામાં તેને 'મિલિયારિયા' કહેવામાં આવે છે. તેને પરસેવાથી થતી ફોલ્લીઓ, ગરમીથી થતી ફોલ્લીઓ અથવા અળાઈ પણ કહેવામાં આવે છે. ગરમીમાં ફોલ્લીઓ થવાના ઘણા કારણો હોઈ શકે છે. જેમ કે-




વધારે પડતો પરસેવો થવોટાઈટ અથવા સિંથેટિક કપડાંના કારણેબપોરે ખૂબ જ તડકામાં કામ કરવાથીખૂબ જ હાર્ડ કોસ્મેટિકનો ઉપયોગ કરવાથીદવાઓ ખાવાથીપ્રશ્નઃ કયા લોકોને ગરમીમાં અળાઈનું જોખમ વધુ હોય છે? જવાબઃ નવજાત શિશુઓને જન્મના પહેલા થોડા અઠવાડિયામાં અળાઈ થઈ શકે છે. નાના બાળકોને પુખ્ત વયના લોકો કરતાં તેમના શરીરનું તાપમાન નિયંત્રિત કરવામાં વધુ મુશ્કેલી પડે છે. આનું એક કારણ એ હોઈ શકે છે કે તેમની પરસેવાની નળીઓ સંપૂર્ણપણે વિકસિત નથી, જેના કારણે તે બ્લોક થવાની શક્યતા વધુ હોય છે. આ ઉપરાંત કેટલાક અન્ય લોકોને પણ અળાઈનું જોખમ રહે છે. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજો-પ્રશ્ન- ગરમીના અળાઈના લક્ષણો શું છે? જવાબ- અળાઈના લક્ષણો એકદમ સામાન્ય હોય છે. સ્કિન પર નાની-નાની લાલ ફોલ્લા દેખાય છે. આ ફોલ્લીઓ ખંજવાળ અને બળતરાની સંવેદનાનું કારણ બની શકે છે, જે ખૂબ જ હેરાન કરી શકે છે.પ્રશ્નઃ શરીરના કયા ભાગોમાં અળાઈઓ વધુ થાય છે? જવાબઃ ડર્મેટોલોજિસ્ટ ડૉ. સંદીપ અરોરા સમજાવે છે કે સામાન્ય રીતે શરીરના તે ભાગો પર ફોલ્લીઓ વધુ થાય છે જ્યાં વધુ પરસેવો થાય અને હવા સરળતાથી પહોંચી શકતી નથી.




જેમ કે-ગરદન પરપીઠ પરછાતીના ઉપરના ભાગમાંકમરની નીચેકોણી પરઘૂંટણ પાછળજાંઘ પરપ્રશ્ન- ગરમીથી બચવા માટે કઈ સાવચેતી રાખવી જોઈએ? જવાબ- ગરમ અને ભેજવાળા હવામાનમાં ઢીલા અને સુતરાઉ કપડાં પહેરવા જોઈએ. જેથી હવા પસાર થઈ શકે અને પરસેવો સરળતાથી સુકાઈ જાય છે. શરીરને ઠંડુ રાખવું પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેથી ઘરમાં પંખા, કુલર અથવા એર કન્ડીશનરનો ઉપયોગ કરો.આ ઉપરાંત, નિયમિતપણે સ્નાન કરો અને ત્વચાને સ્વચ્છ રાખો, જેથી પરસેવાની ગ્રંથીઓ બ્લોક ન થાય. ભારે ગરમીમાં બહાર જવાનું ટાળો. જો તડકામાં બહાર જવું જરૂરી હોય તો સનસ્ક્રીનનો ઉપયોગ કરો. ઉપરાંત, કેટલીક બીજી બાબતો પણ ધ્યાનમાં રાખો. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજો-પ્રશ્ન- ગરમીના ફોલ્લીઓથી રાહત મેળવવા માટે કોઈ ઘરેલું ઉપાય છે?જવાબ- આ માટે લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તેનાથી સ્નાન કરવાથી રાહત મળી શકે છે કારણ કે લીમડામાં એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. આ ઉપરાંત, ઠંડા પાણીનું કોમ્પ્રેસ પણ અળાઈથી રાહત આપી શકે છે. જોકે, એ નોંધવું અગત્યનું છે કે આ ઘરેલું ઉપચાર ફક્ત શરૂઆતી રાહત આપી શકે છે. જો અળાઈ દૂર ન થાય, તો ડૉક્ટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે. નીચે આપેલા ગ્રાફિકમાંથી કેટલાક સામાન્ય ઘરેલું ઉપચાર સમજો-પ્રશ્ન- શું ત્વચા પર ફોલ્લીઓના નિશાન રહી જાય છે? જો હા, તો તેમને કેવી રીતે ઘટાડી શકાય? જવાબઃ સામાન્ય રીતે ગરમીના ફોલ્લીઓના નિશાન ત્વચા પર રહેતા નથી. પરંતુ જો અળાઈના કારણે કોઈ ચેપ લાગે છે, તો હળવા ડાઘ દેખાઈ શકે છે. આ નિશાન ઘટાડવા માટે, તમે ડૉક્ટરની સલાહ પર સ્કિન લાઈટનિંગ ક્રીમનો ઉપયોગ કરી શકો છો. સૂર્યપ્રકાશથી પણ પોતાને બચાવો કારણ કે તે નિશાનોને ડાર્ક બનાવી શકે છે.

## જામનગરમાં મયૂર ગ્રીન્સ પાર્ક સોસાયટી પાસે પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ : અનેક દંડાયા



જામનગર શહેરમાં પોલીસ તંત્ર આજે એલર્ટ બન્યું છે. જેના ભાગરૂપે શહેરના મયુર ગ્રીન્સ સોસાયટી વિસ્તારમાં સીટી એ. ડિવિઝન પોલીસ દ્વારા સ્વતંત્ર વાહન ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ટ્રાફિક નિયમન ભંગ અંગેના દંડની કાર્યવાહી થઈ હતી, અને અનેક વાહન ચાલકો દંડાયા છે. જામનગર શહેરના મયુર ગ્રીન્સ પાર્ક સોસાયટી નજીક મુખ્ય માર્ગ પર સિટી એ. ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર નિકુંજસિંહ ચાવડા દ્વારા સર્વેલન્સ સ્કવોડ ટીમની ટુકડીને સાથે રાખી ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ફેન્સી નંબર પ્લેટ, લાયસન્સ વિના સવારી, ત્રિપલ સવારી, સ્ટંટ કરી ભયજનક સવારી, અને નશા ની હાલતે સવારી, જેવી બાબતે ચેકીંગ હાથ ધરાયું હતું, જેમાં અનેક વાહન ચાલકો દંડાયા છે. અને કેટલાક વાહનો ડિટેઈન કરાયા છે. જેમાં એકની નશાની હાલતે સવારી કરવાના વિરુદ્ધ કડક કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું.

## જામનગરના નવા બાંધકામના સ્થળે કામ કરી રહેલા શ્રમિક યુવાનનું પાંચમા માળેથી નીચે પટકાઈ પડતાં કરુણ મૃત્યુ



જામનગરના ગોકુલનગર નજીક જુના જકાતનાકા પાસે બંધાઈ રહેલા એક બિલ્ડીંગના બાંધકામના સ્થળે અકસ્માતનો બનાવ બન્યો હતો. જ્યાં મજૂરી કામ કરી રહેલા એક શ્રમિક યુવાનનું પાંચમા માળેથી અકસ્માતે નીચે પટકાઈ પડતાં અપમૃત્યુ થયું છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગોકુલ નગર નજીક જકાતનાકા વિસ્તારમાં સરધાર એવન્યુ નામના નવા બંધાઈ રહેલા બિલ્ડીંગના સ્થળે નીચેના ભાગે રહેતા અને મજૂરી કામ કરતા નરવતભાઈ કુબેરભાઈ નાયકા નામનો યુવાનને મજૂર કામ દરમિયાન અકસ્માત નડ્યો હતો. તેઓ નવા બંધાઈ રહેલા બિલ્ડીંગના પાંચમા માળે મજૂરી કામ કરી રહ્યા હતા, જે દરમિયાન અકસ્માતે નીચે પટકાઈ પડતાં ગંભીર ઈજા થવાના કારણે અનિલ કુમાર નરવતભાઈ નાયકાએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝન પોલીસે બનાવના સ્થળે પહોંચી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં મહિલાની છેતરપિંડીનો ભોગ બનેલા એક મહિલા સહિતના બે નાગરિકોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી




જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં રહેતી ચાર્મીબેન ગજાનંદભાઈ વ્યાસ નામની અનેક વિપ્ર યુવતીએ લોકોને ખોટું પ્રલભન આપીને લાખો રૂપિયાની રકમ ચાઉં કરી લીધી હોવાની માહિતી પોલીસને મળતાં પોલીસ દ્વારા ચાર્મીબેનની ઉંડાણ પૂર્વકની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં લોકોને પોલીસ મથકમાં આવી ફરિયાદ નોંધાવવાનું જાહેર કરાયું હતું, જેના અનુસંધાને એક મહિલા સહિત બે નાગરિકો તેની સામે સી.ટી. બી.ડિવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવવા માટે પહોંચ્યા છે. જામનગરમાં જોગર્સ પાર્ક વિસ્તારમાં રહેતી નીલોબેન કિર્તીભાઈ શાહ નામની મહિલાએ ચાર્મીબેન ગજાનંદભાઈ વ્યાસ ઉપરાંત જામનગરના જાણીતા એડવોકેટ જાગૃતિબેન વ્યાસ અને નાહેલાબાનુ મેંમણ નામની મહિલા સહિત ત્રણ સામે પોતાની રૂપિયા 4 લાખ 20 હજારની રકમ પડાવી લઈ પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત જામનગરમાં માતવબાગ વિસ્તારમાં રહેતા નિમેષભાઈ દિલીપકુમાર શેઠ નામના 41 વર્ષના યુવાને પણ ચાર્મીબેન અને એડવોકેટ જાગૃતિબેન તથા નાહેલાબાનુ મેમણ વગેરે સામે પૂર્વ આયોજીત કાવતરું પડી છેતરપિંડી કરવા અંગેનો ગુનો નોંધ્યો છે જેને પોતાની શ્રીજી એન્ટરપ્રાઇઝ નામની પેઢી મારફતે સસ્તા ભાવે ઈલેક્ટ્રોનિક ઉપકરણો મંગાવ્યા પછી તેમાં નફો મેળવી લેવાની લાલચે 10 લાખ જેવી માતબર રકમ મેળવી લીધી હતી.

## જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે ગેસ લાઈન તૂટતાં વિકરાળ આગ, ત્રણના મોત, ચાર લોકો દાઝ્યા




જૂનાગઢના ઝાંઝરડા રોડ પર આજે વહેલી સવારે આગ લાગવાની ઘટના સામે આવી છે. ટોરેન્ટ ગેસની લાઈન તૂટતા વિકરાળ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર જુનાગઢના ઝાંઝરડા રોડ પાસે ખોદકામ ચાલી રહ્યું હતું તે દરમિયાન ગેસ લાઈન તૂટતાં ભયંકર બ્લાસ્ટ થયો હતો અને ત્યારબાદ વિકરાળ આગ લાગી હતી. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ચાર લોકો દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ વિકરાળ આગે સાતથી આઠ વાહનો અને આઠ જેટલી દુકાનોને ચપેટમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં ફાયર અને 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ આગ ઓલવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. 1. રૂપિબેન શૈલેષ ભાઈ સોલંકી- 40 વર્ 2.ભક્તિ બેન શૈલેષભાઈ સોલંકી-4 વર્ષ 3.હિરેનભાઈ રાબડીયા- 50 વર્ષ આ વિસ્તારમાં આસપાસ ખાણીપીણીને દુકાનો અને પાનના ગલ્લા આવેલા હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી. ફાયરની ટીમ આગ ઓલવવા માટે સતત પાણીનો મારો ચલાવી રહી છે. આગના બનાવની જાણ થતાં જિલ્લા કલેક્ટર, પોલીસ અધિકારીઓ સહિતના અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

## ગુજરાતમાં બ્લેક આઉટના સમયમાં ફેરફાર, જાણો કયા જિલ્લામાં કેટલા વાગ્યાનો સમય




ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન તથા P o K માં એરસ્ટ્રાઈક કરી છે. પ્રાથમિક માહિતી અનુસાર ભારતીય સેનાએ રાતના પોણા બે વાગ્યે પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણા પર હુમલો કર્યો છે. તો બીજી તરફ ગુજરાતના 18 જિલ્લાઓમાં 7 મેના રોજ સાંજે 4થી 8 વાગ્યા સુધી સિવિલ ડિફેન્સ મોક ડ્રીલ યોજાશે અને ત્યારબાદ બ્લેક આઉટ થશે. બ્લેક આઉટના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સાંજે 7.30 થી 9:00 વાગ્યા દરમિયાન ઝોન વાઈઝ બ્લેક આઉટ યોજાશે. પૂર્વ ગુજરાતના સાત જિલ્લા ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, સુરત, વડોદરા અને તાપીમાં 7.30 થી 8:00 વાગ્યા સુધી બ્લેકઆઉટ કરાશે.

પશ્ચિમ ગુજરાતના 5 જિલ્લા જામનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને મોરબીમાં 8:00 થી 8.30 સુધી બ્લેક આઉટ રહેશે. મધ્ય ગુજરાતના 6 જિલ્લા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદમાં 8.30થી 9:00 વાગ્યા સુધી બ્લેક આઉટ રહેશે. સાયરન અને બ્લેક આઉટ બાબતે લોકોને સજાગ કરાશે. આ અંગે સંપૂર્ણ માર્ગદર્શિકા સિવિલ ડિફેન્સ અને મહેસુલ વિભાગ દ્વારા બનાવાઈ છે.

મોક ડ્રીલ વખતે રાખવામાં આવતી તકેદારીની માહિતી આપવાની સાથે ગૃહરાજ્યમંત્રીએ તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે કે, 'આ મોક ડ્રીલ એ માત્ર સતર્કતા અને પૂર્વ તૈયારી રૂપે થવાની છે, તેથી કોઈએ ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી.' મોક ડ્રીલ વખતે નાગરિકોએ કઈ કઈ બાબતોનું રાખવું ધ્યાન?* ચેતવણી આપવામાં આવે ત્યારે નાગરિકોએ સતર્ક રહી બે પ્રકારના સાયરનને સમજવા જોઈએ. જેમાં (1) વોર્નિંગ સિગ્નલઃ સંભવિત હવાઈ હુમલાનો સંકેત આપતી લાંબી સાયરન વાગશે. (2) ઓલ ક્લીયર સિગ્નલઃ ટૂંકી અને સ્થિર સાયરન જે ખતરો પસાર થઈ ગયો છે, તે દર્શાવે છે.* કોઈપણ પ્રકારની ઈમરજન્સી પરિસ્થિતિમાં તાત્કાલિક નાગરિક પ્રતિભાવ તરીકે તમામ બાહ્ય પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરી વૃદ્ધો, બાળકો અને દિવ્યાંગ નાગરિકોને સહાય કરવી જોઈએ. આ ઉપરાંત લિફ્ટનો ઉપયોગ ટાળવો જોઈએ તથા સ્થળાંતર સમયે સીડીનો ઉપયોગ કરવો જોઈએ.* આજે (7 મે) રાજ્યમાં સાંજે 7.30થી 9.00 દરમિયાન વિવિધ જિલ્લાઓમાં અલગ-અલગ સમયે અડધો કલાક માટે બ્લેકઆઉટ રહેશે, જે દરમિયાન ઘરો, ઑફિસો અને વાહનોમાં તમામ લાઈટ બંધ કરો અથવા ઢાંકી દો. પ્રકાશ લીકેજ અટકાવવા માટે બ્લેકઆઉટ પડદા અથવા ભારે કાપડનો ઉપયોગ કરો. બારીઓ પાસે મોબાઈલ ફોન અથવા ફ્લેશલાઈટનો ઉપયોગ કરવાનું ટાળો.- નાગરિક સંરક્ષણ અધિકારીઓ તરફથી રેડિયો અથવા જાહેરાતો દ્વારા સત્તાવાર સૂચનાઓ આપવામાં આવે તેનું પાલન કરો, અફવાઓ કે ખોટી માહિતી ફેલાવવી નહીં તથા જેઓ પ્રક્રિયાઓથી અજાણ છે તેવા પડોશીઓને મદદ અને માર્ગદર્શન આપો.

## ભારતની એર સ્ટ્રાઈક ઈફેક્ટ : વડોદરાના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કડક બંદોબસ્ત



ભારતે ગત મોડી રાત્રે પાકિસ્તાનમાં કરેલી એર સ્ટ્રાઈક પછી યુદ્ધનો માહોલ ગરમાયો છે. ત્યારે બીજી તરફ વડોદરા શહેરમાં પણ તેના તકેદારીરૂપે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. આજે શહેરના વિવિધ સંવેદનશીલ વિસ્તારમાં સ્થાનિક પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પહલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ ભારતમાં જે રીતે બેઠકો અને એક્શન પ્લાન તૈયાર થઈ રહ્યા હતા તે પ્રમાણે ભારત પાકિસ્તાનના આતંકવાદી કેમ્પોનો સફાયો કરે તેવું નિશ્ચિતપણે માનવામાં આવી રહ્યું હતું. પરંતુ આ હુમલો ક્યારે અને કેવા પ્રકારનો હશે? તે કોઈને સ્પષ્ટ ન હતું. આ વચ્ચે ગઈકાલે મોડી રાત્રે ભારતે પાકિસ્તાન ખાતે આવેલ આતંકવાદી કેમ્પોનો સફાયો કરવાના હેતુસર એર સ્ટ્રાઈક કર્યો છે. આતંકવાદી કેમ્પ પર હવાઈ હુમલા સાથે તેને નષ્ટ કરાયા છે. ભારતે કરેલા હુમલા બાદ શહેરમાં પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવાનું શરું કરવામાં આવ્યું છે. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારમાં પોલીસની ટુકડીઓ ગોઠવી દેવામાં આવી છે. અલગ અલગ જગ્યાએ પોલીસ સ્ટાફ સવારથી રાજમાર્ગો પર જોવા મળ્યો હતો. તો બીજી તરફ કેટલીક જગ્યાએ પોલીસ પોઈન્ટ મૂકી બંદોબસ્ત રાખ્યો છે.

## અમદાવાદમાં ધોધમાર 'કમોસમી' વરસાદ, અંડરબ્રિજ ડૂબ્યાં, વાહન વ્યવહાર ઠપ



એકબાજુ ભારતને પાકિસ્તાન પર મોડી રાતે એરસ્ટ્રાઈક કરી તો બીજી બાજુ ભારતમાં કમોસમી વરસાદે રમઝટ બોલાવી છે. મોડી રાતથી જ લગભગ સમગ્ર અમદાવાદમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જોકે આ વરસાદને કારણે ખેડૂતોની ચિંતા વધી ગઈ છે અને ઊભો પાક નાશ પામવાનો ડર ઊભો થયો છે. અનેક અંડરબ્રિજ ડૂબ્યાં અત્યાર સુધીની માહિતી અનુસાર મકરબા અંડરબ્રિજ લગભગ આખેઆખું પાણીમાં ડૂબી ગયું છે. સવારના લગભગ 8 વાગ્યે પણ સાંજનો સમય હોય તેવા દશ્યો સર્જાયા છે. ઉનાળાના આ સમયમાં પણ સૂર્યોદય જોવો લગભગ દુર્લભ થઈ ગયો છે. અમદાવાદની વાત કરીએ તો અનેક અંડરબ્રિજ બંધ કરવાની ફરજ પડી છે. વેજલપુર, જુહાપુરા, એસ.જી.હાઈવે, વટવા, નારોલ, પાલડી સહિતના અનેક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. જેના પગલે ઓફિસો જનારા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. પૂર્વ અમદાવાદમાં જુઓ ક્યાં ક્યાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ

મળતી માહિતી અનુસાર અમદાવાદમાં મધરાતે ધોધમાર વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. પૂર્વ અમદાવાદની વાત કરીએ તો કાળુપુર, દરિયાપુર, મણિનગર, ખોખરા, ઈસનપુર, અસારવા, નરોડા, નિકોલ, વસ્ત્રાલ, વટવા, દાણીલીમડા, નારોલ, બહેરામપુરા, સૈજપુર બોઘા, રામોલમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પશ્ચિમ અમદાવાદમાં પણ હાલત ખરાબ જ્યારે પશ્ચિમ અમદાવાદમાં પાલડી, નવરંગપુરા, નારણપુરા, ઘાટલોડિયા, નવા વાડજ, થલતેજ, જોધપુર, સિંધુ ભવન, એસ.જી. હાઈવે, મકરબા, સી. જી. રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. જ્યારે અનેક સ્થળોએ ગટરો પણ ઊભરાઈ જતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

અનેક કાર અને ટુ વ્હિલર રસ્તામાં ઠપ થઈ જતા ઓફિસે જનારા કે કામકાજથી નીકળનારા લોકો અધવચ્ચે જ અટવાઈ ગયા હતા.

## વડોદરામાં સતત બે દિવસથી વરસાદની ધડબડાટીઃ અનેક વાહનો ડૂબ્યા, સ્થાનિકોને પડી હાલાકી



વડોદરા શહેરમાં વહેલી સવારે ચાર વાગ્યાથી વરસાદ ધડબડાટી બોલાવી રહ્યો છે. હજુ વરસાદની બેટિંગ શરૂ જ છે, જેના કારણે ઘણા નીચાણવાળા સ્થળોએ વરસાદી પાણીનો ભરાવો થયો છે. જેના કારણે સ્થાનિકો અને વાહનચાલકોને મુશ્કેલી વેઠવાનો વખત આવ્યો છે. નજીવા વરસાદમાં ઠેર-ઠેર પાણી ભરાયા સોમવારે સાંજે વડોદરામાં વાવાઝોડાએ કહેર વર્તાવ્યો હતો. જેમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજવા સાથે વૃક્ષો અને હોર્ડિંગ્સ ધરાસાયી થતા ઢગલાબંધ વાહનોને નુકસાન પહોંચ્યું હતું. હજુ આ પરિસ્થિતિ સંપૂર્ણપણે થાળે પડી નથી તેવામાં આજે વહેલી સવારથી વડોદરા શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે. નજીવા વરસાદમાં ઠેર-ઠેર પાણીમાં ભરાવો થતા કોર્પોરેશનની પ્રિમોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા છે. આ પણ વાંચોઃ વૈશાખમાં અષાઢ જેવી સ્થિતિ : વડોદરામાં વહેલી સવારથી અવિરત વરસાદ ચાલુ વરસાદી પાણીમાં વાહનો ડૂબ્યા હાલ શહેરના હાથીખાના રામદેવપીરની ચાલી પાસે વરસાદી પાણીથી લોકોના વાહનો ડૂબ્યા હોવાના વિડિયો સામે આવ્યા છે. આવા દ્રશ્યો શહેરમાં અનેક સ્થળોએ સર્જાયા છે. વડોદરા શહેરમાં પૂરને અટકાવવા કોર્પોરેશન એક તરફ વિશ્વામિત્રી ઊંડી અને પહોળી કરવાની વાતો કરે છે. તો બીજી તરફ નજીવા વરસાદમાં જ વડોદરા પાણીમાં ડૂબી જતા તંત્રના આયોજન સામે પણ સવાલો ઊભા થાય છે. આ પણ વાંચોઃ સતત ત્રણ દિવસથી વરસાદનો કહેરઃ 19 લોકોના મોત, જાણો ક્યાં કેવી સ્થિતિ વૈશાખમાં સર્જાયો અષાઢી માહોલ આ સિવાય મકરપુરા એરફોર્સ પાછળ વચકુંઠધામ સોસાયટીના મુખ્ય રસ્તા અને તેની આસપાસની સોસાયટીમાં પણ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. વાઘોડિયા રોડ ગુરુકુળ ચાર રસ્તા પાસે આવેલા આદિત્ય હાઈટ્સના એક રહેવાસીએ સોશિયલ મીડિયા પર ફોટોગ્રાફ મૂકી થોડા વરસાદમાં જ પાણી ભરાયાની પરિસ્થિતિની જાણકારી આપી વહીવટી તંત્રને મદદ માટે અપીલ કરી છે. ફતેગંજ વિસ્તારમાં ડ્રેનેજના ચાલતા કામમાં ગાબડા પડવાને કારણે કેટલાક વાહનો પણ ફસાઈ ગયા હતા.આવા દ્રશ્યો શહેરમાં અનેક સ્થળોએ સર્જાયા છે. ફતેગંજ વિસ્તારમાં ડ્રેનેજના અધકચરા પૂરી દેવાયેલા ખાડામાં પાણી ભરાઈ ગયા હતા ત્યારે એક વાહન ચાલક ફોર વ્હીલર હંકારીને જતો હતો ત્યારે ભરાયેલા વરસાદી પાણીવાળો ખાડો જણાયો ન હતો. પરિણામે મોટર કારનો આગળનો ભાગ ખાડામાં ઘૂસી ગયો હતો. પરંતુ દુર્ઘટનાના કારણે સદભાગ્યે કોઈ ઈજા કે જાનહાની ચાલકને થઈ ન હતી. ભર વરસાદમાં આસપાસના લોકો મદદ એ દોડી આવ્યા હતા અને ધક્કા મારીને કારને બહાર કાઢવામાં મદદરૂપ થયા હતા. જોકે ડ્રેનેજની કામગીરી આ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ડ્રેનેજની કામગીરી પૂરી થઈ હોવા છતાં પણ તંત્ર દ્વારા આવા ખાડા યોગ્ય રીતે પૂરવામાં આખ આડા કાન કર્યા હતા. માત્ર રોડ પર બેરીકેટ મૂકી દઈને તંત્ર દ્વારા સંતોષ માનવામાં આવ્યો છે.

## જામનગર-ખંભાળિયા બાયપાસ રોડ પર બાઈક અને સ્કૂટર વચ્ચેના અકસ્માત : એક કારખાનેદારને ગંભીર ઈજા



જામનગર નજીક ખંભાળિયા બાયપાસ રોડ પર એક સ્કૂટર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં એક કારખાનેદાર ઈજાગ્રસ્ત બન્યા છે, અને તેના પગની આંગળીઓ કપાઈ ગઈ છે. આ ઉપરાંત રાજકોટ હાઈવે રોડ ઉપર મોરકંડા ગામના પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક સવાર બે યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે.

અકસ્માતનો પ્રથમ બનાવ જામનગર-ખંભાળિયા બાયપાસ રોડ પર બન્યો હતો. ત્યાંથી બાઈક પર નીકળી રહેલા બ્રાસ પાર્ટના કારખાનેદાર ઉપેન્દ્રભાઈ મોહનભાઈ પરમાર (ઉંમર વર્ષ 38) ના બાઈકની સાથે સામેથી આવી રહેલો જીજે-10 ડી.એસ. 8406 નંબરનું એક્સેસ સ્કૂટર ટકરાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ઉપેન્દ્રભાઈ પરમારને નાની મોટી ઈજા થઈ હતી, અને તેઓને પગમાં ફ્રેક્ચર થયું હતું. ઉપરાંત જમણા પગની બે આંગળીઓ કપાઈ ગઈ છે. જે અકસ્માતના બનાવવા અંગે એક્સેસ સ્કૂટરના ચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. અકસ્માતનો બીજો બનાવ જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર મોરકંડા ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી બાઈક પર નીકળી રહેલા યુવરાજ દીપકભાઈ ભટ્ટી અને તેના પિતરાઈ ભાઈ વૈભવ કે જે બંનેના બાઈકને સામેથી આવી રહેલી જીજે 10 ઈ.સી. 1616 નંબરની કારના ચાલકે ઠોકરે ચડાવતાં બંને યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે, અને તેઓને સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યાં તેઓને ફ્રેકચર સહિતની ઈજા થઈ હોવાથી સારવાર લેવામાં આવી રહી છે, જ્યારે ટાંકા લેવા પડ્યા છે. આ અકસ્માતના મામલે કારચાલક સામે ફરિયાદ નોંધાવાઈ છે.

## પત્નીને ત્રણવાર તલ્લાક લખી લેટર મોકલનાર પતિ સામે ગુનો દાખલ




વડોદરાના હાથી ખાનામાં રહેતી પરિણીતા સાદીયાએ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત 21-5-2023 ના રોજ મારા લગ્ન ઉશામા આરીફભાઈ વોરા (રહે-તબક્કલ નગર સોસાયટી, ભાલેજ રોડ, આણંદ) સાથે થયા હતા. ત્યારબાદ હું સાસરીમાં રહેવા માટે રહી હતી. લગ્નના છ મહિના પછી મને તાવ આવતા મારા સાસરીવાળાએ બે દિવસ સારવાર કરાવી હતી ત્યારબાદ મારો દિયર મને પિયરમાં મૂકી ગયો હતો. જ્યાં મારી સારવાર ચાલુ હતી હું છેલ્લા 18 મહિનાથી પિયરમાં રહું છું. શરૂઆતમાં મારા પતિ મારી ખબર અંતર જોવા આવતા હતા પરંતુ છેલ્લા 8 મહિનાથી તેઓ એક પણ વાર આવ્યા નથી. 20 દિવસ પહેલા મારા સસરાએ મારા પિતાને ફોન કરીને કહ્યું કે તમારી દીકરી સારી નહીં થાય એટલે હવે આપણે સગા સંબંધીઓને ભેગા કરીને છૂટું કરી દઈએ. આ વાત થયાના ત્રણ ચાર દિવસ બાદ તારીખ 22-4-2025 ના રોજ મારા પિયરના સરનામે મારા પતિએ એક સાથે ત્રણ તલ્લાક સાદીયાને આપું છું ત્રણ વાર તલ્લાક લખેલો લેટર મોકલી આપ્યો હતો.

## સતત ત્રણ દિવસથી વરસાદનો કહેરઃ 19 લોકોના મોત, જાણો ક્યાં કેવી સ્થિતિ

ગુજરાતમાં વણનોતરેલા અતિથિ જેમ આવેલા કમોસમી વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. મંગળવારે 103 તાલુકામાં માવઠું પડ્યું હતું. જેમાં ભાવનગરના મહુવામાં ચાર કલાકમાં 6 ઈંચ સહિત કુલ 7 ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય 40 જેટલા તાલુકામાં અડધા ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. આ સિવાય વહેલી સવારથી જ અમદાવાદ, સૌરાષ્ટ્ર સહિત અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. એવામાં હવામાન વિભાગે બુધવારે ભરૂચ, સુરત, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ આપ્યું છે. વહેલી સવારથી વરસાદની રમઝટ વહેલી સવારથી શરૂ થયેલા વરસાદમાં 8 વાગ્યા સુધીમાં આણંદમાં સૌથી વધુ 2.28 ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય નર્મદા, છોટા ઉદેપુર જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદ જોવા મળ્યો હતો. અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરોમાં પણ ભારે વરસાદ જોવા મળ્યો હતો. આ સિવાય સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ મેઘરાજાનો કહેર યથાવત હતો. બીજી બાજુ ગુજરાતમાં કમોસમી વરસાદે કહેર મચાવતાં એક જ દિવસમાં 19 વ્યક્તિના મોત થયા છે. જેમાં ચાર વ્યક્તિએ ઝાડ, 3 વ્યક્તિએ વીજળી, 3 વ્યક્તિએ ઝાડ , બે વ્યક્તિએ હોર્ડીંગ જ્યારે અન્ય બે વ્યક્તિએ મકાન-દીવાલ પડવાથી જીવ ગુમાવ્યો હતો. આ પણ વાંચોઃ આભમાંથી આફત વરસી : મહુવામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ, 6 કલાકમાં 7 ઈંચ કમોસમી વરસાદક્યાં કેટલો પડ્યો વરસાદ? ભાવનગરના મહુવામાં બપોરે 12 થી 2 દરમિયાન સામાન્ય ઝાપટાં પડ્યા હતા. ત્યારબાદ માવઠાએ રૌદ્ર સ્વરૂપ દેખાડવાનું શરૂ કર્યું હતું. જેમાં બપોરે 4 થી 6માં 2.60 જ્યારે સાંજે 6 થી 8માં 3 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આમ, ચોમાસામાં પણ ભાગ્યે જ પડે તેવો વરસાદ ગણતરીના કલાકોમાં મહુવામાં ખાબક્યો છે. આ સિવાય અમરેલીના લાઠીમાં 2.50, સાવરકુંડલામાં 2.15, લિલિયામાં 2, અમરેલી શહેરમાં 1.85, બાબરામાં 1.70 ઈંચ વરસાદ નોંધાયો હતો. અન્યત્ર જ્યાં 1 ઈંચથી વધુ વરસાદ નોંધાયો તેમાં રાજકોટના ગોંડલ, બનાસકાંઠાના થરાદ, અમરેલીના રાજુલાનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદસુરેન્દ્રનગરના દસાડા,



કચ્છના નખત્રાણા, સુરતના મહુવા, ભાવનગરના જેસર, ડાંગના વઘઈ, ગીર સોમનાથના ઉના, રાજકોટના જસદણ-વિંછિયા-જામકંડોરણા, બનાસકાંઠાના ધાનેરા, પંચમહાલના મોરવા હડફ, વલસાડમાં પણ પોણા ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વલસાડ જિલ્લામાં મંગળવારે બપોર બાદ જોરદાર વાવાઝોડુ ફૂંકાયા બાદ ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. હાઈવે પર પાણી ભરાતા વાહન વ્યવહારને અસર પહોંચી હતી. વલસાડના સરદાર સ્ટેડિયમની છતના પતરા ઉડ્યા હતા. ભારે પવન ફૂંકાતા આંબાઓ પરથી કેરી ખરી ગઈ છે. કૃષિ તજજ્ઞના જણાવ્યા મુજબ હજુ તો તેજ પવન છે. જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં હજુ વરસાદ નથી પણ આગાહી મુજબ વરસાદ પડશે તો કેરીમાં સોનમાખ આવવાની અને ત્યારબાદ કાચી કેરી પાકવામાં સમસ્યા થવાની સંભાવના છે.આ પણ વાંચોઃ અમદાવાદમાં મોડી રાતથી 'કમોસમી' ધોધમાર વરસાદ, અનેક અંડરબ્રિજ ડૂબ્યાં, ચારેકોર પાણી જ પાણીઆ જિલ્લામાં અપાયું ઓરેન્જ એલર્ટહવામાન વિભાગ દ્વારા બનાસકાંઠા, પાટણ, આણંદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવેલું છે. ભારે વરસાદમાં 19 વ્યક્તિના મોતગુજરાતમાંથી સોમવારે ખેડામાંથી સૌથી વધુ ચાર, વડોદરામાંથી સૌથી વધુ 3, અમદાવાદ-અરવલ્લી-દાહોદમાંથી 2-2 આણંદમાંથી 1 વ્યક્તિના મોત થયા હતા. મૃત્યુ પામનારામાં ચાર મહિલા અને 10 પુરૂષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 26 પશુના પણ મૃત્યુ થયા છે. જેમાં પંચમહાલમાંથી સૌથી વધુ 9, મહેસાણામાંથી 7 પશુના મૃત્યુનો સમાવેશ થાય છે.

## ઓપરેશન સિંદૂરની જાણકારી આપનાર કર્નલ સોફિયા કુરેશી વડોદરાના, MSUમાં ભણ્યા છે



: ભારતે પહેલગામ આતંકી હુમલાનો બદલો લઈ લીધો છે. ભારતીય સેનાએ અને એરફોર્સે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં 9 જગ્યાએ હુમલા કરી સેકડો આતંકીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. આ ઓપરેશનની જાણકારી આપવા માટે આજે ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશી અને વાયુ સેનાના વ્યોમિકા સિંઘે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. આ બંને મહિલા અધિકારીઓ પણ દેશમાં રાતોરાત લાઈમ લાઈટમાં આવી ગયા છે. આ પૈકીના કર્નલ સોફિયા કુરેશી એમ.એસ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થીની છે. જેમનો જન્મ વડોદરામાં થયો હતો. કર્નલ કુરેશીએ એમ.એસ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાંથી બીએસસી વિથ કેમેસ્ટ્રીનો અભ્યાસ કર્યા બાદ બાયો કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માંથી એમએસસીની ડિગ્રી મેળવી હતી. કર્નલ સોફિયા સાથે અભ્યાસ કરનારા તેમના બેચમેટ લક્ષ્મી પ્રિયાએ એક વાતચીતમાં કહ્યું હતું કે કર્નલ સોફિયા મૂળ ક્યાંના છે તેની તો મને જાણકારી નથી પરંતુ એટલું ખબર છે કે તેમના પિતા પણ સંરક્ષણ દળમાં હતા અને તેમનું વડોદરામાં પોસ્ટિંગ થયું હતું. આ દરમિયાન સોફિયા મારી સાથે ભણ્યા હતા. તેમણે આર્મીમાં જોડાવા માટેની તૈયારી પણ તે સમયે કરી હતી. ઉલ્લેખનીય છે કે 2016 માં ભારતના પુણે ખાતે 18 દેશોનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાયો હતો અને તેમાં ભાગ લેનાર ભારતીય સેનાના 40 સભ્યોની ટુકડીનું નેતૃત્વ કર્નલ સોફિયાએ કર્યું હતું. ભારતીય સેનાના ઈતિહાસમાં તેઓ આ રીતે કોઈ યુદ્ધ કવાયતનું નેતૃત્વ કરનાર પહેલા મહિલા ઓફિસર બન્યા હતા. આ પહેલા 2006માં કર્નલ કુરેશી યુનાઈટેડ નેશન્સની પીસ કીપિંગ ફોર્સમાં સામેલ થઈ આફ્રિકાના કોંગોમાં પણ ફરજ બજાવી ચૂક્યા છે. તેઓ ભારતીય સેનાની સિગ્નલ કોર્પ્સમાં તૈનાત છે.

## સાઈરન વગાડી ગુજરાતના 18 જિલ્લામાં મોક ડ્રીલ શરૂ, 7:30 થી 9:00 દરમિયાન બ્લેક આઉટ યોજાશે

પહલગામ આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે, ત્યારે કેન્દ્ર સરકારે યુદ્ધની પરિસ્થિતિને ધ્યાને રાખી તમામ રાજ્યોને 'સિવિલ ડિફેન્સ મોક ડ્રીલ' યોજવાના નિર્દેશ આપ્યા છે. આજે (7 મે, 2025) સાંજે 4 વાગે અમ્દાઅવાદ, વડોદરા સહિતના શહેરોમાં સાઈરન વગાડી સિવિલ ડિફેન્સ મોક ડ્રીલ શરૂ કરાઈ હતી અને ત્યારબાદ બ્લેક આઉટ થશે. બ્લેક આઉટ સાંજે 7.30 થી 9:00 વાગ્યા દરમિયાન ઝોન વાઈઝ બ્લેક આઉટ યોજાશે. પૂર્વ ગુજરાતના સાત જિલ્લા ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, સુરત, વડોદરા અને તાપીમાં 7.30 થી 8:00 વાગ્યા સુધી બ્લેકઆઉટ કરાશે.



પશ્ચિમ ગુજરાતના 5 જિલ્લા જામનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને મોરબીમાં 8:00 થી 8.30 સુધી બ્લેક આઉટ રહેશે. મધ્ય ગુજરાતના 6 જિલ્લા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદમાં 8.30થી 9:00 વાગ્યા સુધી બ્લેક આઉટ રહેશે. મોક ડ્રીલ વખતે રાખવામાં આવતી તકેદારીની માહિતી આપવાની સાથે ગૃહરાજ્યમંત્રીએ તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે કે, 'આ મોક ડ્રીલ એ માત્ર સતર્કતા અને પૂર્વ તૈયારી રૂપે થવાની છે, તેથી કોઈએ ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી.' મોક ડ્રીલ વખતે નાગરિકોએ કઈ કઈ બાબતોનું રાખવું ધ્યાન?* ચેતવણી આપવામાં આવે ત્યારે નાગરિકોએ સતર્ક રહી બે પ્રકારના સાઈરનને સમજવા જોઈએ. જેમાં (1) વોર્નિંગ સિગ્નલઃ સંભવિત હવાઈ હુમલાનો સંકેત આપતી લાંબી સાઈરન વાગશે. (2) ઓલ ક્લીયર સિગ્નલઃ ટૂંકી અને સ્થિર સાઈરન જે ખતરો પસાર થઈ ગયો છે, તે દર્શાવે છે.* કોઈપણ પ્રકારની ઈમરજન્સી પરિસ્થિતિમાં તાત્કાલિક નાગરિક પ્રતિભાવ તરીકે તમામ બાહ્ય પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરી વૃદ્ધો, બાળકો અને દિવ્યાંગ નાગરિકોને સહાય કરવી જોઈએ. આ ઉપરાંત લિફ્ટનો ઉપયોગ ટાળવો જોઈએ તથા સ્થળાંતર સમયે સીડીનો ઉપયોગ કરવો જોઈએ.* આજે (7 મે) રાજ્યમાં સાંજે 7.30થી 9.00 દરમિયાન વિવિધ જિલ્લાઓમાં અલગ-અલગ સમયે અડધો કલાક માટે બ્લેકઆઉટ રહેશે, જે દરમિયાન ઘરો, ઑફિસો અને વાહનોમાં તમામ લાઈટ બંધ કરો અથવા ઢાંકી દો. પ્રકાશ લીકેજ અટકાવવા માટે બ્લેકઆઉટ પડદા અથવા ભારે કાપડનો ઉપયોગ કરો. બારીઓ પાસે મોબાઈલ ફોન અથવા ફ્લેશલાઈટનો ઉપયોગ કરવાનું ટાળો.- નાગરિક સંરક્ષણ અધિકારીઓ તરફથી રેડિયો અથવા જાહેરાતો દ્વારા સત્તાવાર સૂચનાઓ આપવામાં આવે તેનું પાલન કરો, અફવાઓ કે ખોટી માહિતી ફેલાવવી નહીં તથા જેઓ પ્રક્રિયાઓથી અજાણ છે તેવા પડોશીઓને મદદ અને માર્ગદર્શન આપો.

## હળવદમાં તોફાની પવન અને ગાજવીજ સાથે મુશળધાર માવઠું



સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી ભરઉનાળે મેઘાવી માહોલ છવાયો છે. સોમવાર બાદ મંગળવારે પણ હળવદ શહેર અન ગ્રામ્ય પંથકમાં તોફાની પવન અને ગાજવીજ સાથે મુશળધાર માવઠું વરસ્યું હતું. તમામ માર્ગો પર પાણી ફરી વળ્યા હતા અને ખેતરો પણ પાણી-પાણી થઈ ગયા હતા. નાના-મોટા હોર્ડિંગ્સ, છાપરાં, પતરાં, નળિયા, માંડવા, બોર્ડ વગેરે પણ તોફાની વરસાદમાં તૂટી પડયા હતા. સદનશીબે કોઈ જાનહાની થઈ નહોતી. હળવદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારે રાત્રે એકાએક વાતાવરણમાં પલટો મારતા આકાશમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. ત્યારે હળવદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કડાકા ભડાકા પવન વંટોળ ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડતાં ધરતી પુત્રોની ચિંતામાં વધારો થયો હતો.વરસાદનાકારણે ગરમીથી લોકોને મળી આંસિક રાહત મળી હતી. ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબકતા હળવદમાં વીજળી ડૂલ થઇ હતી. બીજી તરફ ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. ભારે પવન ફૂંકાવાથી કેટલીક જગ્યાએ લગ્નના મંડપ ઉડયાના હતા, તો કેટલીક જગ્યાએ છાપરા ઉડવાની ઘટનાઓ પણ સામે આવી.

## સુરેન્દ્રનગર-લીંબડી હાઈવે પર પાણી પ્રશ્ને મહિલાઓએ ચક્કાજામ કર્યો

વઢવાણ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨ અને વોર્ડ નં.૧૩ની રહેણાંક સોસાયટીમાં છેલ્લા ઘણા દિવસોથી નિયમીત તેમજ પુરતું પાણી નહિં મળતા રહિશો અને મહિલાઓએ સુરેન્દ્રનગર-લીંબડી હાઈવે પર વઢવાણ પાસે ચક્કાજામ કર્યો હતો સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી મનપાના સત્તાધીશોની અણઆવડતના કારણે લોકોને એકાંતરે અથવા બે દિવસે મળતા પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ચુકી છે. હાલ મોટાભાગના દરેક વિસ્તારોમાં પાંચથી છ દિવસે પાણી આપવામાં આવી રહ્યું છે જેના કારણે લોકોમાં રોષ જોવા મળી



રહ્યો છે. વઢવાણમાં વોર્ડ નં.૧૨ અને વોર્ડ નં.૧૩માં આવેલ કોળીપરા, મસ્જીદ શેરી, નવા દરવાજા રોડ સહિતના વિસ્તારો તેમજ આસપાસની સોસાયટીમાં રહેતા પરિવારોને મનપા તંત્ર દ્વારા નિયમીત અને પુરતું પાણી આપવામાં ન આવતા રોષે ભરાયેલ મહિલાઓ અને સ્થાનિક રહિશોએ સુરેન્દ્રનગર-લીંબડી હાઈવે પર વઢવાણ પાસે ચક્કાજામ કર્યો હતો અને પુરતું તેમજ નિયમીત પાણી આપવાની માંગ કરી હતી. ચક્કાજામને પગલે રોડની બંને સાઈડ વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી તેમજ વઢવાણ પોલીસ કાફલો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને ચક્કાજામ કરી.

## વડોદરાના તરસાલી રીંગરોડ પાસે રૂપારેલ કાંસ ખુલ્લો હોવાથી જોખમી



વડોદરાના વોર્ડ-17માં તરસાલી રીંગરોડ પર દંતેશ્વર ઓક્ઝિલરી પંપિંગ સ્ટેશન પાસેના રૂપારેલ કાંસને પાકો કરીને ઢાંકી દેવા માટે વડોદરા કોર્પોરેશન 7.35 કરોડ ખર્ચ કરશે. આ માટે સ્ટેન્ડિંગ સમિતિમાં એક દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. શહેરના દક્ષિણ ઝોનમાંથી રૂપારેલ કાંસ પસાર થાય છે. જે કાંસ શહેરના પૂર્વ વિસ્તારમાંથી શરૂ થઇ દક્ષિણ વિસ્તારમાંથી નીકળીને જામ્બુવા નદીમાં મળે છે. જે પૈકી ગાજરાવાડી પંપીંગ સ્ટેશનના અપ સ્ટ્રીમ તરફ પાકી અને ડાઉન સ્ટ્રીમ તરફના ભાગે કાચી કાંસ છે. દર્શનમ એન્ટીકા કલ્વર્ટથી સોમા તળાવ રીંગ રોડ કલ્વર્ટ સુધી કાચો કાંસ છે. જેના કારણે આજુબાજુમાં રહેતા લોકોને ખૂબ જ દુર્ગંધ ગંદકી અને મચ્છરોનો સામનો કરવો પડે છે. ઘણી વખત ખુલ્લી હોવાના કારણે ગાય ભેંસ પડી જવાનો ભય રહે છે. આવતા જતા લોકો માટે પણ જોખમી હોવાથી ઢાંકી દેવા માટે લોકો અને કોર્પોરેટર દ્વારા રજૂઆતો કરવામાં આવી છે.

## ઈન્સ્ટા પર રીલ વાઈરલ કરી કોન્સ્ટેબલ પાસે ખંડણી માંગનાર યોગેન્દ્ર સોલંકીની ધરપકડ

સુરેન્દ્રનગર જિલ્લામાં તેમજ અન્ય જિલ્લામાં રહેતા સરકારી અધિકારીઓ તેમજ પ્રતિષ્ઠિત લોકોના ફોટા સાથે વિડિયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર મુકી બ્લેકમેઈલ કરી રૂપિયા પડાવતો યોગેન્દ્ર ઉર્ફે બકરોને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની પુછપરછમાં વટાણા વેરી દેતા સસ્પન્ડેડ એએસઆઈની દોરીસંચારથી કોન્સ્ટેબલ વિજયસિંહ પરમારનો વીડિયો બનાવ્યો હોવાનો પર્દાફાશ થયો છે. ઝડપાયેલ આરોપી વિરૃધ્ધ અલગ-અલગ પોલીસ મથકમાં અનેક ગુનાઓ નોંધાયા હોવાનું સામે આવ્યું છે.સુરેન્દ્રનગરના પોપટપરા શેરી નં.ર માં રહેતા અને હાલ કોલકત્તા-મુંબઈ ખાતે રહેતા યુવક યોગેન્દ્ર ઉર્ફે બકરો અતુલભાઈ સોલંકી છેલ્લા ઘણા સમયથી ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ તેમજ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, રાજકીય આગેવાન, કોન્ટ્રાક્ટર તેમજ મહિલાઓની તસ્વીરો સાથે બિભત્સ અને બદનક્ષી સાથેના આક્ષેપોવાળા વિડિયો પોસ્ટ કરતો હતો.યોગેન્દ્ર સોલંકીએ હેડકોન્સ્ટેબલ વિજયસિંહ પરમાર પર ગંભીર



આક્ષેપો સાથેનો વિડિયો અપલોડ કરતા હેડકોન્સ્ટેબલે ગત તા.૨૫ એપ્રિલના રોજ એ-ડિવીઝન પોલીસ મથકે યોગેન્દ્ર સામે ફરિયાદ નોંધાવી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને કોલકત્તાથી ઝડપી સુરેન્દ્રનગર ખાતે લાવી કાર્યવાહી હાથ ધરી હતી.જુગારના દરોડામાં એએસઆઈ સસ્પેન્ડ થયા હતા પોલીસે યોગેન્દ્ર ઉર્ફે બકરો સોલંકીની પુછપરછ કરતા બી-ડિવીઝન પોલીસ મથકમાં અગાઉ ફરજ બજાવતા અને હાલ સસ્પેન્ડેડ પોલીસ કર્મચારી નરેન્દ્રસિંહ દિલાવરસિંહ ચુડાસમા (એએસઆઈ)ના કહેવાથી હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ પરમારનો વિડિયો બનાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી નરેન્દ્રસિંહ ચુડાસમા સામે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આંબેડકર ચોકમાં એસએમસીએ જુગારધામ પર દરોડો પાડયો હતો. તેને લઈને નરેન્દ્રસિહંને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.મોબાઈલમાંથી ૪૦૦થી વધુ વીડિયો મળ્યાં પોલીસ દ્વારા ઝડપાયેલ યુવક યોગેન્દ્ર ઉર્ફે બકરોના મોબાઈલ ચેક કરતા.

## વડોદરાના ગોત્રી વિસ્તારના કોમ્પ્લેક્સમાં ફર્નિચરની દુકાનમાં આગ, ફાયર બ્રિગેડ મોડી પહોંચતા રોષ




વડોદરાના ગોત્રી વિસ્તારમાં ગઈ રાતે ફર્નિચરની એક દુકાનમાં આગ લાગતા અફરાતફરી મચી હતી. ફાયર બ્રિગેડ મોડી આવતા લોકોએ રોષ ઠાલવ્યો હતો. ગોત્રી પોલીસ સ્ટેશનથી બંસલ મોલ જવાના રોડ પર આવેલા લાભ આઈકોન નામના કોમ્પ્લેક્ષમાં આવેલી ફર્નિચરની દુકાન બંધ થયા બાદ ધુમાડા નીકળતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જોકે ફાયર બ્રિગેડ નો ફોન નહીં લાગતા આગ વધુ પ્રસરી હતી અને કેટલાક યુવાનોએ પોતે ફાયર બ્રિગેડ પર પહોંચી આગના બનાવની જાણ કરી હતી. ફાયર બ્રિગેડે. એક થી દોઢ કલાકની કામગીરી બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક તબક્કે આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું જાણવા મળ્યું છે. ફાયર બ્રિગેડ દ્વારા બાજુની દુકાનમાં આગ લાગી છે કે કેમ તે ચકાસવા તાળું તોડ્યું હતું અને તે દુકાનો બચાવી લીધી હતી.

## માંડલ શહેરમાં કમોસમી વરસાદ પછી કાદવનું સામ્રાજ્ય



માંડલ પંથકમાં બે ત્રણ દિવસથી વરસાદી વાતાવરણ છવાયું છે અને શહેરમાં રવિવાર અને સોમવારે બંને દિવસ અડધો પોણો કલાક સુધી વરસાદ ખાબક્યો તેમજ સોમવારની સાંજ પછી સવાર સુધી ધીમીધારે વરસાદ યથવાત રહેતાં શહેરના કેટલાંક વિસ્તારોમાં કાદવ-કીચડનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. ચબુતરા ચોકમાં નાગરિક બેંક જવાના રસ્તા ઉપર સારો રોડ કે પેવરબ્લોકની સુવિધા નહીં હોવાના પગલે બેંકના રસ્તામાં કાદવ કિચડ થતાં બેંકના કર્મચારીઓ,ગ્રાહકોને બેંકમાં આવવા જવા માટેની તકલીફ ભોગવવી પડી હતી. આજ વિસ્તારમાં આવેલી આંગણવાડીની જગ્યામાં હજુ બે વર્ષ પહેલાં પેવરબ્લોકની કામગીરી કરાઈ હતી તેમ છતાં આંગણવાડીની પાસે મોટા કચરાના ઢગ ખડકાયાં છે અને વળી વરસાદથી વધુ ગંદકી ફેલાઈ છે જ્યારે એસ.બી.આઈ બેંકની સામે જાહેર ટોયલેટમાં અતિશય દુર્ગંધ ફેલાઈ રહી છે, આસપાસના દુકાનદારો માટે આ પ્રશ્ન માથાના દુ:ખાવા સમાન બન્યો છે. વળી જાહેર શૌચાલયોમાં બારણાં પણ તુટી ગયાં છે તેના કારણે રસ્તા પરથી પસાર થતી મહિલાઓ, યુવાનોને શરમનો પણ અનુભવ કરવો પડે છે. ત્યારે આ વરસાદી ટેઈલર હતું ચોમાસાની સીઝનમાં હજુ ફીલ્મ બાકી છે, આગામી સમયમાં વરસાદી સીઝન પણ આવી રહી છે ત્યારે શહેરના રોડ-રસ્તાઓ,શૌચાલયો,સરકારી કચેરીઓ, સ્થાનિક બેંકો આસપાસની ગંદકી દુર કરવા સ્થાનિકોની માંગ ઉઠી છે.

## ઝાલાવાડમાં વરસાદે તારાજી સર્જી, ખેતરમાં ઊભો પાક બરબાદ થયો



સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ હવામાન વિભાગની આગાહી મુજબ ભર ઉનાળે માવઠુ થતાં કમોસમી વરસાદ થતાં વાતાવરણમાં પલટો આવ્યો છે અને શહેરી વિસ્તાર સહિત તમામ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે. જેમાં અમુક તાલુકાઓમાં બરફના કરા અને ગાજવીજ સાથે વરસાદ ખાબકતા તારાજીના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. બીજી તરફ માવઠાના કારણે ફરી જિલ્લામાં તલ, બાજરી, જુવાર અને અજમો સહીતના પાકમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. જેમાં સૌથી વધુ નુકસાન તલના પાકમાં થતાં ખેડૂતોને મોંઢા સુધી આવેલ કોળીયો ફરી એકવાર છીનવાઇ જતા ખેડૂતોની હાલત કફોડી બની છે. હવામાન વિભાગ દ્વારા આગામી તા.૯ મે સુધી રાજ્યભરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. જેના પગલે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. અંદાજે ૪૫ ડીગ્રી જેટલા તાપમાનની વચ્ચે જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી વાતાવરણમાં ઠંક પ્રસરી હતી. જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં મંગળવાર સવારના ૬-૦૦ વાગ્યા સુધી દસાડા તાલુકામાં ૨૪ મીમી, ચોટીલા-૨૧ મીમી, મુળી-૧૮ મીમી, લખતર-૧૬ મીમી, ચુડા-૧૩ મીમી, ધ્રાંગધ્રા-૧૨ મીમી, વઢવાણ-૧૦ મીમી, થાન-૮ મીમી, સાયલા-૬ મીમી અને લીંબડી-૨ મીમી વરસાદ નોંધાયો હતો. બીજે દિવસે પણ સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં ગાજવીજ સાથે પડેલા વરસાદને પગલે અમુક રસ્તાઓ પર પાણી ભરાઈ રહેતા વાહનચાલકો સહિત લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. બીજી તરફ ગત ચોમાસામાં અતિવૃષ્ટીના કારણે થયેલા પારાવાર નુકસાનમાંથી ખેડૂતો માંડ બેઠા થવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે જગતના તાતથી જાણે કુદરત રૂઠી હોય તેમ ફરી એક વાર કમોસમી વરસાદે જિલ્લામાં તારાજી સર્જી છે. ચોટીલા અને સાયલા તાલુકાઓમાં તો કરા સાથે વરસાદ થતાં ખેડૂતોએ મહામહેનતે તૈયાર કરેલ ઉનાળુ પાકનો સોથ વળી ગયો હતો.સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે અંદાજે ૩૨૭૦૦ હેક્ટર કરતા વધુ જમીનમાં તલ, જુવાર, બાજરી, અજમો અને ઘાસ ચારા સહીતના ઉનાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી વધુ તલનું વાવેતર ૨૦ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં કરવામાં આવ્યું હતું. માવઠાના કારણે તલનો પાક જમીનદોસ્ત થઇ જતાં તલના પાકમાં અંદાજે ૬૦ ટકાથી વધુ નુકસાન થતાં ખેડૂતોને હાલત કફોડી બની છે. ખેડૂતોને ગત વર્ષે થયેલા અતિવૃષ્ટીના નુકસાનની હજુ પણ સહાય નથી મળી ત્યાં ફરી એકવાર કુદરતે કારમી થપાટ મારતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને નુકશાન અંગે સહાય ચૂકવવામાં નહીં .

## આભમાંથી આફત વરસી : મહુવામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ, 6 કલાકમાં 7 ઈંચ કમોસમી વરસાદ



ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદની આફત સતત બીજા દિવસે વરસી હતી. મહુવામાં જાણે આભ ફાટ્યું હોય તેમ છ કલાકમાં સાત ઈંચ તોફાની વરસાદ વરસ્યો હતો. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓને પણ મેઘરાજાએ ધમરોળી વીજળીના કડાકા-ભડાકા અને મિની વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે પવન અને તોફાની વરસાદના કારણે અનેક સ્થળોએ વૃક્ષો, વીજ થાંભલા જમીનદોસ્ત થતાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહ્યો હતો. પાલિતાણામાં વરસાદની આફતે બે મૂકપશુનો ભોગ લીધો હતો.100 ફૂટ ઉંચો મોબાઈલ ટાવર ધરાશાયીમહુવા પંથકમાં રાત્રે કમોસમી વરસાદી ઝાપટું વરસ્યા બાદ બપોરે ગાજવીજ અને પવન સાથે વરસાદ થયો હતો. મંગળવારે બપોરે બે કલાક બાદ મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા રાત્રિના આઠ કલાક સુધીમાં 170 મિ.મી. (સાત ઈંચ જેટલો) વરસાદ વરસાવી દીધો હતો. મહુવા અને તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કરા પણ પડ્યા હતા. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે મહુવા અને તાલુકાના અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. તરેડી ગામે 100 ફૂટ ઉંચો મોબાઈલ ટાવર ધરાશાયી થઈ વીજ લાઈન ઉપર પડતા વીજ પ્રવાહ ખોરવાઈ ગયો હતો. મહુવામાં શહેરમાં રસ્તાઓ ઉપર જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. વૃક્ષોની સાથે હોર્ડિંગ્સ, બેનરો પણ તૂટીને નીચે પડ્યા હતા. તાતણિયાની નદી બે કાંઠે વહીસિહોર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મંગળવારે બીજા દિવસે પણ પવન, વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી ગયો હતો. સિહોરમાં પોણો ઈંચ (18 મિ.મી.) વરસાદ વરસતા રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. તો બીજી તરફ લાઈટ ડૂલ થતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગારિયાધારમાં બપોરે ગાજવીજ અને પવન સાથે સાત મિ.મી. પાણી વરસ્યું હતું. તાલુકાના વેળાવદર, વીરડી સહિતના ગામોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસતા ખાડા-વોંકળામાં પાણી ભરાયા હતા. બગદાણામાં ભરઉનાળે અષાઢી માહોલ સર્જાયો હોય તેમ કરા સાથે બે ઈંચ જેટલો કમોસમી વરસાદ ખાબકી ગયો હતો. જેસર તાલુકામાં સવારે 11 કલાકથી સાંજ સુધી મેઘગર્જના સાથે એક ઈંચ જેટલો (21 મિ.મી.) વરસાદ વરસ્યો હતો. તાલુકાના સરેરા, બીલા, દેપલા, રાણીગામ, રાજપરા, ચોક, અયાવેજ, પા, ઝડકલા, છાપરિયાળી વગેરે ગામોમાં વરસાદે તારાજી સર્જી હતી. માલણ નદીમાં ઘોડાપૂર આવ્યા હતા. તો તાતણિયાની નદી બે કાંઠે વહી હતી. વીજ વાયરો તૂટી જતાં વીજળી ડૂલ હતી.ક્યાંક લગ્નના મંડપ, તો ક્યાંક વીજળી ડૂલતળાજા તાલુકામાં વીજળીના ચમકારા અને ગર્જના સાથે 09 મિ.મી. વરસાદ થયો હતો. તાલુકાના અલંગ મણાર અને કઠુડી નદીમાં નવા નીર આવ્યા હતા. વરસાદના પગલે ગામડાઓમાં વીજળી વેરણ થઈ હતી. જ્યારે તોફાની પવનથી જીનિંગ મીલના પતરા ઉડતા કપાસની ગાંસડીઓ પલળી ગઈ હતી. તો લગ્નના મંડપ પણ ઉડી ગયા હતા. અલંગ, ભાંખલ, ગરીપરા, મણાર, સોસિયા, જસપરા, ત્રાપજ સહિતના દરિયાઈ પટ્ટીના ગામડાઓમાં મોટા કરા સાથે ધોધમાર વરસાદ વસ્યો હતો. પાલિતાણામાં ભારે વરસાદના પગલે તળેટી વિસ્તાર, મેવાડ ધર્મશાળા નજીક વૃક્ષો ધરાશાયી થયા હતા. ઘેટી રોડ, ભવાની તળાવ પાસે વાડી વિસ્તારમાં મહાકાય વૃક્ષ બે ભેંસ ઉપર પડતા બન્ને મૂકપશુના મૃત્યુ થયા હતા. પાલિતાણામાં આજે અડધો ઈંચથી વધુ (14 મિ.મી.) વરસાદ થયો હતો. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. તો રાબેતા મુજબ વીજળી ડૂલ થતાં લોકો કલાકો સુધી પરેશાન થયા હતા. ઉમરાળામાં બપોરે ઠંડા પવન સાથે શરૂ થયેલો વરસાદ રાત્રિના આઠ વાગ્યા સુધી ધીમીધારે વરસતો રહેતા અડધો ઈંચ (11 મિ.મી.) પાણી ખાબકી ગયું હતું. મંગળવારે દિવસ દરમિયાન વીજ પુરવઠામાં ભંગાણો શરૂ રહ્યા હતા. તો વલ્લભીપુરમાં પવન સાથે વરસાદી ઝાપટાં વરસતા રહેતા પાંચ મિ.મી. પાણી પડયાનું સત્તાવાર રીતે નોંધાયું છે.

## 'સામુ કેમ જોવે છે' કહી સુરેન્દ્રનગરમાં ભાઇ-બહેન પર દસ શખ્સનો હુમલો



સુરેન્દ્રનગર શહેરમાં મિયાણાવાડમાં 'સામુ જોવા' જેવી બાબતે એક જ જ્ઞાતિના બે જુથો વચ્ચે મારામારી થઇ હતી. જેમાં બંને પક્ષો દ્વારા સામસામે ૧૦થી વધુ વ્યક્તિઓ સામે એ-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. મિયાણાવાડ શેરી નં.૩માં રહેતા મહંમદભાઈ ઉસ્માનભાઈ મોવર ઘરની બાજુમાં આવેલ પાનના ગલ્લે પાન માવો લેવા જઈ રહ્યાં હતાં. ત્યારે ચારથી પાંચ શખ્સો સામે મળતા મહંમદભાઈએ તેની સામે જોતા તમામ શખ્સોએ 'સામે કેમ જોવે છે?' તેમ કહી ગાળો આપી હતી.

મહંમદભાઈએ ગાળો દેવાની ના પાડતા મહિલાઓ સહિત અંદાજે ૧૦ જેટલા શખ્સોએ ફરિયાદીને છરી તેમજ સ્ટીલની મુંઠ, ઈંટ તેમજ ઢીકા-પાટુનો માર માર્યો હતો. તેમજ મહંમદભાઈના બહેનના ઘરે જઈ તેમને પણ ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી હતી અને બહેનના વાળ પકડી ઢીકા પાટુનો માર માર્યો હતો. જે મામલે મહંમદભાઈએ મોહસીન મહંમદ માલાણી, મુન્ના લખુ માલાણી, સાહીલ કાળુ માલાણી, હારૂન મહંમદ, યાસીન ઉર્ફે ટાઈસન, ગુડ્ડી મહંમદભાઈ, સોનાબેન લખુભાઈ (તમામ રહે.પોસ્ટ ઓફીસ પાછળ) અને ત્રણ અજાણ્યા શખ્સો સામે એ-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામાપક્ષે મોહસીનભાઈ મહંમદભાઈ માલાણીએ પણ મહંમદ ઉસ્માનભાઈ મોવર, મહેબુબ ઉસ્માનભાઈ મોવર, ઈકબાલ ઉસ્માનભાઈ મોવર અને ચકો ઉસ્માનભાઈ મોવર (તમામ રહે.પોસ્ટ ઓફીસ પાછળ) સામે ફરિયાદીને તેમજ તેમના નાના ભાઈ રીયાઝને અને મોટાબાપુના દિકરા હનિફને લાકડાના ધોકા, છરી વડે મારમારી જાનથી મારી નાંખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવી છે.

## જામનગરની જી.જી. હોસ્પિટલમાં સેનેટરી ઈન્સ્પેક્ટર સહિત ત્રણ કર્મચારીને મારકૂટ



જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના કાયમી અને હંગામી સફાઈ કામદારો વચ્ચે ચાલતા ગજગ્રાહમાં આજે મામલો બીચક્યો હતો. જેમાં હાજરી મુકાદમની ચેમ્બરમાં હંગામી મહિલા સફાઈ કામદારોએ ઘૂસી જઈને હંગામો મચાવી સેનેટરી ઈન્સ્પેક્ટર પર હુમલો કર્યો હતો અને બચવવા વચ્ચે પડેલા અન્ય બે કર્મચારીને પણ મારકૂટ કરી હતી. ભારે હોબાળા વચ્ચે એક હંગામી મહિલા કામદારે ફિનાઈલ પી લેતા સારવાર માટે ખસેડાઈ હતી. બીજી તરફ કાયમી સફાઈ કર્મચારીઓએ હુમલા-હંગામાનાં વિરોધમાં પોલીસ સ્ટેશને ધસી જઈને કાયદેસર કાર્યવાહીની માંગ કરતા ત્રણ હંગામી મહિલા સફાઈ કામદાર સહિત ચાર લોકો સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિગત પ્રમાણે, જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં કાયમી અને હંગામી સફાઈ કામદાર મહિલાઓ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. જેમાં થોડા દિવસો પહેલા એક મહિલા કામદારે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ પણ કર્યો હતો. આ દરમિયાન આજે સવારે જી. જી. હોસ્પિટલમાં ફરી માથાકૂટ થઈ હતી. હાજરી મુકાદમની ચેમ્બરમાં ઘૂસી જઈને હંગામી મહિલા કામદારોએ હંગામો મચાવ્યો હતો. તેમણે પ્રથમ અહીં સેનેટરી ઈન્સ્પેક્ટર રાજેન્દ્રસિંહ ધીરુભા જાડેજા સાથે બોલાચાલી કર્યા બાદ હુમલો કરીને માર માર્યો હતો અને શર્ટ પણ ફાડા નાખ્યો હતો. તેમને છોડાવવા જતાં અન્ય બે કર્મચારી પર હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન હંગામો મચાવનાર એક હંગામી મહિલા કામદારે ફિનાઈલ પી લેતા અફરા-તફરી મચી હતી અને તેણીને સારવાર માટે ખસેફાઈ હતી. આખરે આ પ્રકરણ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથક સુધી પહોંચ્યું હતું. હંગામી કામદારોએ મચાવેલા હંગામા સામે કાયમી સફાઈ કર્મચારી મહિલાઓ દ્વારા વીજળીક હડતાલ પાડીને ટોળા સ્વરૂપે પોલીસ મથકે જઈને રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે સિટી બી-ડિવિઝન પીઆઈ પી.પી. ઝા અને તેઓની ટીમ દોડી આવી હતી અને એસઆઇ રાજેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદ નોંધી હતી. જેમાં તેમણે પોતાના પર તેમજ પોતાની સાથે ઓફિસમાં હાજર કર્મચારી આશિષભાઈ અને રસીદાબેન પર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે તેમજ બહાર નીકળશો તો જાનથી મારી નાખીશું તેવી ધાક-ધમકી આપવા અંગે હંગામી સફાઈ મહિલા કર્મચારી જ્યાબેન હરીશભાઈ રાઠોડ, સુનંદાબેન બાંગલે, પાર્વતીબેન મકવાણા તેમજ ધારેશભાઈ.

## માવઠાંમાં વિજળી વેરણ : જિલ્લાના અનેક વિસ્તારોમાં અર્ધાથી 14 કલાક પુરવઠો ઠપ્પ



ભાવનગર શહેર અને જિલ્લાના વાતાવરણમાં સોમવારે બપોર બાદ અચાનક આવેલા પલ્ટાના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ્પ થયો હતો અને લાંબો સમય સુધી વીજ પુરવઠો પુર્વવત નહી થતાં લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પ્રિ-મોનસુન કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થાય તે પહેલા જ પડેલા કમૌસમી વરસાદના કારણે સોમવારે રાત્રિના ૮૫ વીજપોલ ધરાશયી થતાં શહેરના અનેક વિસ્તારો તેમજ જિલ્લાના ૬૧ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ભાવનગર શહેર અને જિલ્લાના વાતાવરણમાં ગત સોમવારે બપોર બાદ આવેલા પલ્ટાને કારણે ભાવનગર શહેરના સુભાષનગર, કાળિયાબીડ, ભરતનગર, સિંધુનગર, ઘોઘારોડ શિવાજી સર્કલ આસપાસ તથા સિદસર રોડ, સરદારનગર સહિતના વિસ્તારમાં અર્ધાથી કલાકથી લઈ ૧૪ કલાક સુધી વીજળી ગૂલ થતાં પીજીવીસીએલ સામે લોકોનો રોષ જોવા મળ્યો હતો, જયારે ગત મોડી રાત્રે વાઘાવાડી રોડ પર આવેલી પીજીવીસીએલની કચેરીએ લોકો રૂબરૂ પહોંચી આક્રોષ વ્યક્ત કરતા સુત્રોચ્ચાર કર્યાં હતા. બીજી તરફ ગતરોજ રાત્રિના ભારે પવન અને વરસાદના કારણે જિલ્લામાં ૮૫ વીજ પોલ ધરાશાયી થયાં હતા અને ૬૧ ગામોમાં વીજ પુરવઠો ઠપ્પ થયો હતો અને રાત્રિના બે કલાક સુધીમાં ૪૮ ગામોમાં વીજ પુરવઠો પુર્વવત થયો હતો.

## પાકિસ્તાન પર એરસ્ટ્રાઇક બાદ ગુજરાતમાં કેવી અસર, નર્મદા ડેમની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરાઇ, સુરક્ષા એજન્સીઓ સતર્ક



ભારતીય સેનાના અડધી રાત્રે પાકિસ્તાનના 9 ઠેકાણે એરસ્ટ્રાઈક કર્યા બાદ ભારતભરમાં ઍલર્ટ આપવામાં આવ્યું છે. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સેનાએ આતંકવાદીઓના ઠેકાણા પર હુમલા કર્યા હતા. ત્યારબાદ જામનગર સહિતના દરિયા કિનારે એસ.ઓ.જી. સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન ચેકિંગની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ જામનગર, ભુજ, રાજકોટ, જોધપુર, અમૃતસરની તમામ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. નર્મદા ડેમની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરાઇ વર્તમાન સંદર્ભ અને ભવિષ્યમાં ઉભી થનાર પરિસ્થિતિના સદર્ભમાં સરદાર સરોવર નર્મદા નિગમના સયુંક્ત વહીવટી સંચાલક અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ આજે સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં અવિરત વીજ પુરવઠો અને સંદેશા વ્યવહારના માધ્યમો કોઈ પણ સંજોગોમાં કાર્યરત રહે તે અંગે ઉપયોગી માર્ગદર્શન આપીને આને અન્ય વિકલ્પો પણ તૈયાર રાખવા માટે અને તકેદારીના પગલાઓ લેવા સૂચનાઓ આપી હતી. ઉલ્લેખનીય છે નર્મદા યોજનાની જવાબદારી રાજ્ય અનામત દળના એક ગ્રુપ એકતા નગર ખાતે કાર્યરત છે અને આ ગ્રુપ દ્વારા રાઉન્ડ ધી ક્લોક અને 365 દિવસ જરૂરી તકેદારી સાથે સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે.આજે યોજાયેલ સુરક્ષા વ્યવસ્થા સહિતની બાબતોથી અવગત થઈને અરોરા એ કોઈ પણ સ્થિતિ ને પહોંચી વળવા માટે તકેદારી રાખવા અને એલર્ટ રહેવા સૂચના આપી હતી. દરિયા કિનારે સઘન ચેકિંગની કાર્યવાહી જામનગર જિલ્લાના વહીવટી તંત્રની સૂચના અનુસાર તમામ સુરક્ષા એજન્સીઓ દ્વારા જુદા જુદા વિભાગોમાં સઘન ચેકિંગની કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે હાલારનો દરિયા કિનારો કે જેને અતિ સંવેદનશીલ ગણવામાં આવે છે, અને પાકિસ્તાનની સરહદની ખૂબ જ નજીક આવેલો હોવાથી અહીં પણ મોટાપાયે ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જામનગરના કોસ્ટલ વિસ્તારમાં એસ.ઓ.જી. શાખા, મરીન પોલીસ સ્ટેશન, ઉપરાંત ટાસ્ક ફોર્સના કમાન્ડો સહિતની સંયુક્ત ટુકડીઓ દ્વારા દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું, અને હાલારના જુદા જુદા સાગર કિનારાઓ પર બોટ પેટ્રોલિંગ કરીને જુદી જુદી માછીમારી બોટો સહિતને અટકાવીને તમામની ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી. સાથો સાથ સાગર કિનારાઓ ઉપર વસવાટ કરતાં નાગરિકોના રહેઠાણોના સ્થળ ઉપર પણ મોટા પાયે ચેકિંગ કરવામાં આવ્યું હતું જામસાહેબે P M મોદીને લખ્યો પત્ર, ઐતિહાસિક ઉપલબ્ધિ ગણાવી બુધવારે સવારે થયેલા આ ઓપરેશન માટે જામનગરના જામસાહેબે પીએમ નરેન્દ્ર મોદીને પત્ર લખી શુભેચ્છા પાઠવી છે. તેમણે પત્રમાં લખ્યું કે 'પરમ આદરણીય નરેન્દ્રભાઈ, દુનિયાના તમામ સાચા જાડેજાઓ તરફથી હું તમને હાર્દિક શુભેચ્છા પાઠવું છું કે તમે દુનિયાને અને પોતાને બતાવી દીધું કે આપણે હકીકતમાં એક મહાન રાષ્ટ્ર છીએ. તમારા નેતૃત્વમાં બહાદુરોએ પોતાની બહાદુરી અને બુદ્ધિમત્તા, અદ્ભુત ઉપકરણો અને જબરદસ્ત ટ્રેનિંગ સાથે દુનિયાને ભારતીય લોકોની બેજોડ ક્ષમતા અને ભાવનાનું પ્રદર્શન કર્યું છે. ભારતીય સશસ્ત્ર દળોએ સરસ કામ કર્યું અને માનનીય વડાપ્રધાનનો આભાર. માતાજી તમને ઐતિહાસિક મહત્ત્વની વધુ મોટી સિદ્ધિઓ માટે આશીર્વાદ આપે.

### એસપી કચેરીએ પોલીસ વિભાગ દ્વારા પણ મીટિંગનો દોર હાથ ધરાયો

જામનગર જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા આજે સંભવિત યુદ્ધની પરિસ્થિતિને પહોંચી વળવાના ભાગરૂપે મોક ડ્રીલની કવાયત હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે જામનગર જિલ્લાના એસ.પી. પ્રેમસુખ ડેલુની અધ્યક્ષતામાં શહેર જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને સાથે રાખીને સુરક્ષા વ્યવસ્થા સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ વેળાએ જામનગર જિલ્લાના એસપી પ્રેમસુખ ડેલુ તેમજ જામનગર શહેર વિભાગના ડીવાય એસપી જે. એન. ઝાલા, પોલીસ હેડ ક્વાર્ટરના ડીવાયએસપી વી. કે. પંડ્યા, જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર. બી. દેવધા, લાલપુર ડિવિઝનના આઇપીએસ અધિકારી શ્રી પ્રતિભા, જામનગર શહેરના ત્રણેય પોલીસ ડિવિઝનના પીઆઇ, તથા એલસીબીના પીઆઈ વી.એમ. લગારીયા, એસ.ઓ.જી. પીઆઇ બી.એન. ચૌધરી, તેમજ અન્ય અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે છણાવટ કરવામાં આવી હતી.

# મોક ડ્રીલ દરમિયાન કેટલી બાબતોનું ધ્યાન રાખવું?:એક્ટ્રેસ દિશા પટાનીની બહેને વીડિયો શેર કરી રિહર્સલ ટિપ્સ આપી, કહ્યું- ગભરાશો નહીં

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. ભારતે ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તાનમાં આતંકી ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. બીજી તરફ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 7 મે (બુધવાર)ના રોજ દેશભરના 244 જિલ્લાઓમાં મોક ડ્રીલનો આદેશ આપ્યો હતો. આવી સ્થિતિમાં, બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટાનીની બહેન ખુશ્બુ પટાનીએ બે વીડિયો શેર કર્યા છે અને જણાવ્યું છે કે- મોક ડ્રીલ દરમિયાન કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ અને યુદ્ધની સ્થિતિમાં દેશના લોકોએ પોતાને કેવી રીતે સુરક્ષિત રહેવું જોઈએ.મોક ડ્રીલ દરમિયાન આ બાબતોનું ધ્યાન રાખો ભારતીય સેનામાં લેફ્ટનન્ટ રહી ચૂકેલી ખુશ્બુ પટાનીએ લોકોને મોક ડ્રીલ દરમિયાન શાંતિ જાળવવાની અપીલ કરી છે. તેણે હવાઈ હુમલાના સાયરન સાંભળ્યા પછી શું કરવું તે પણ જણાવ્યું. ખુશ્બુએ કહ્યું- ગભરાશો નહીં. વિશ્વના તમામ દેશો મોકડ્રીલ વિશે જાણે છે અને તેનો અભ્યાસ કરે છે. લોકોનું કામ લડવાનું નથી પણ પોતાને બચાવવાનું છે. આપણે ફક્ત રિહર્સલ કરવાનું છે. આપણે ફક્ત તૈયારી કરવાની છે.ખુશ્બુએ આગળ સમજાવ્યું, ₹મોક ડ્રિલ એટલે એવી વસ્તુ જે બની નથી પણ આપણે વિચારવું પડે કે તે બની ગયું છે અને જો તે થાય તો આપણે શું કરવું જોઈએ?₹ ખુશ્બુએ મોક ડ્રીલ વિશે આગળ જણાવ્યું- હવાથી એક પ્રકારનો અવાજ આવે છે અને દરેક અવાજનો એક અર્થ એ થાય છે કે તમારે છુપાવવું પડશે.જો હુમલો થાય તો તમે તમારી જાતને કેવી રીતે સુરક્ષિત રાખવી? બીજા એક



વીડિયોમાં ખુશ્બુએ કહ્યું કે- જ્યારે તમે સાયરનનો અવાજ સાંભળો છો, ત્યારે તમારે પોતાને બચાવવાનો પ્રયાસ કરવો પડે છે, કારણ કે તેનો અર્થ એ છે કે હવાઈ હુમલો થવાનો છે. તેથી સલામત સ્થળોએ ખસી જાઓ. જો તમે ઘરે હોવ તો, ગ્રાઉન્ડ ફ્લોર પર રહો અને એવા રૂમમાં જાઓ જે ખૂબ જ મજબૂત હોય. જો ઘરમાં ભોંયરું કે અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગ હોય તો બેસ્ટ છે, કારણ કે આ નેચરલ બંકર છે. જો તમે બહાર હોવ તો તમારે મોટી ઈમારતો અને ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ, કારણ કે હવાઈ હુમલા ફક્ત આવા સ્થળોએ જ થાય છે. જો તમે ક્યાંક ખૂલી જગ્યાએ હોવ તો તમારે જમીન પર સૂઈ જવું જોઈએ.બ્લેકઆઉટ ડ્રીલ્સ શું છે? ખુશ્બુએ કહ્યું કે- આ સમય દરમિયાન ઘરની બધી લાઈટો બંધ કરી દેવી જોઈએ અને બારીઓ પર પડદા ઢાંકી દેવા જોઈએ. આ સમય દરમિયાન, ઘરના લોકો તેમની સુવિધા માટે ફ્લેશ લાઈટનો ઉપયોગ કરી શકે છે.જો તમારે તમારું ઘર છોડવાની જરૂર પડે તો શું? ખુશ્બુએ કહ્યું- જો તમારા ઘરની આસપાસની ઈમારતને હવાઈ હુમલામાં નુકસાન થયું હોય, તો તમારે પણ તમારું ઘર છોડી દેવું જોઈએ. ઘરની બહાર નીકળતી વખતે, ચોક્કસ રસ્તાઓ શોધવી જોઈએ. એક નાની બેગ તૈયાર રાખવી જોઈએ. ઘરેથી નીકળતી વખતે, તમારી જરૂરી વસ્તુઓ તમારી સાથે રાખો. બેગમાં પાણીની બોટલ, રોકડ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ, ખાદ્ય પદાર્થો, મહત્વપૂર્ણ દસ્તાવેજો, મેડિકલ કીટ અને બેટરી બેંક જેવી અન્ય વસ્તુઓ પણ રાખો. ખુશ્બુએ એમ પણ કહ્યું કે આવી પરિસ્થિતિઓમાં બાળકોને વડીલોનું ધ્યાન રાખવું અને દરેક સૂચનાનું પાલન કરવાની સલાહ આપવી જોઈએ. મોક ડ્રીલ દરમિયાન આ બાબતોનું ધ્યાન રાખો ભારતીય સેનામાં લેફ્ટનન્ટ રહી ચૂકેલી ખુશ્બુ પટાનીએ લોકોને મોક ડ્રીલ દરમિયાન શાંતિ જાળવવાની અપીલ કરી છે. તેણે હવાઈ હુમલાના સાયરન સાંભળ્યા પછી શું કરવું તે પણ જણાવ્યું. ખુશ્બુએ કહ્યું- ગભરાશો નહીં. વિશ્વના તમામ દેશો મોકડ્રીલ વિશે જાણે છે અને તેનો અભ્યાસ કરે છે. લોકોનું કામ લડવાનું નથી પણ પોતાને બચાવવાનું છે. આપણે ફક્ત રિહર્સલ કરવાનું છે. આપણે ફક્ત તૈયારી કરવાની છે. ખુશ્બુએ આગળ સમજાવ્યું, ₹મોક ડ્રિલ એટલે એવી વસ્તુ જે બની નથી પણ આપણે વિચારવું પડે કે તે બની ગયું છે અને જો તે થાય તો આપણે શું કરવું જોઈએ?

## 'દોસ્તાના 2' માં વિક્રાંત મેસી જોવા મળશે; ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરવામાં આવશે



કરણ જોહરની ફિલ્મ 'દોસ્તાના 2' વિશે મોટી માહિતી સામે આવી છે. હવે આ ફિલ્મ પર કામ શરૂ થવા જઈ રહ્યું છે જે અગાઉ બંધ કરવામાં આવી હતી. જોકે, રસપ્રદ વાત એ છે કે હવે કાર્તિક આર્યનની જગ્યાએ વિક્રાંત મેસી ફિલ્મનો ભાગ બનશે. અગાઉ પરસ્પર મતભેદોને કારણે, ધર્મા પ્રોડક્શન્સે ફિલ્મ મોકૂફ રાખી દીધી હતી જે હવે ફરી શરૂ થઈ રહી છે. ફિલ્મ સંબંધિત એક નવી અપડેટ સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હવે કાર્તિક આર્યન 'દોસ્તાના 2' નો ભાગ નહીં હોય. હવે તેની જગ્યાએ વિક્રાંત મેસી ફિલ્મમાં જોવા મળશે. જોકે, ટીમ તરફથી હજુ સુધી સત્તાવાર નિવેદન આવવાનું બાકી છે.મીડિયા રિપોર્ટ મુજબ નિર્માતાઓએ સ્ટાર્સને ફરીથી કાસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં વિક્રાંત મેસી કાર્તિક આર્યનનું સ્થાન લેશે. નિર્માતાઓ ફિલ્મમાં મેઈન રોલ માટે વિક્રાંત મેસીને રાખી રહ્યા છે. જોકે, લક્ષ્ય લાલવાણી ફિલ્મમાં રહેશે. રિપોર્ટમાં જણાવાયું છે કે નિર્માતાઓ 'દોસ્તાના 2' માટે એક ગંભીર એક્ટરની શોધમાં હતા જેમાં સારી કેમિસ્ટ્રી હોય, ત્યારબાદ વિક્રાંત કરણની પસંદગી બની ગયો છે. જોકે, ટીમ તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી.'દોસ્તાના 2' કેમ બંધ કરવામાં આવી હતી? નોંધનીય છે કે વર્ષ 2021 માં, ધર્મા પ્રોડક્શાને 'દોસ્તાના 2' બંધ કરી દીધી હતી. જેનું કારણ કરણ જોહર અને કાર્તિક આર્યન વચ્ચેના સર્જનાત્મક મતભેદો હોવાનું કહેવાય છે. જે બાદ કાર્તિક આર્યન અને કરણ જોહર વચ્ચે કોલ્ડ વોર શરૂ થયું.

## ટીવી એક્ટર અલી ગોનીએ કહ્યું - 50થી વધુ મકાનો ફર્યો હોઈશ, ધર્મ પૂછીને ના પાડી દે છે



ટીવી એક્ટર અલી ગોનીએ ઘણી વાર ઉલ્લેખ કર્યો છે કે તેને કાશ્મીરી અને મુસ્લિમ હોવાને કારણે ભેદભાવનો સામનો કરવો પડ્યો છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં અલીએ નવેસરથી ખુલાસો કર્યો કે- જ્યારે તે ગર્લફ્રેન્ડ જાસ્મીન ભસીન સાથે મુંબઈમાં ઘર શોધી રહ્યો હતો, ત્યારે ઘણા લોકોએ તેને ઘર આપવાનો ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે- તેઓ મુસ્લિમોને ઘર આપતા નથી.અલી ગોની તાજેતરમાં 'ઈન્કોન્ટ્રોવર્શિયલ પોડકાસ્ટ' પર દેખાયો હતો. અહીં તેને પૂછવામાં આવ્યું કે- કાશ્મીરી હોવાને કારણે તેને ઘણો ભેદભાવનો સામનો કરવો પડ્યો કે કેમ. આ અંગે એક્ટરે કહ્યું કે, ઈન્ડસ્ટ્રીમાં આવું ક્યારેય બન્યું નથી, પરંતુ ઘર શોધતી વખતે મારે ભેદભાવનો સામનો કરવો પડ્યો. હજુ પણ હું અને જાસ્મીન એક ઘર શોધી રહ્યાં છીએ, હું તમને 50 ઈમારતો ગણાવી શકું છું જેમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ મુસ્લિમોને ઘર આપતા નથી.ટીવી એક્ટર અલી ગોની અને તેની ગર્લફ્રેન્ડ જાસ્મીન ભસીનટીવી એક્ટર અલી ગોની અને તેની ગર્લફ્રેન્ડ જાસ્મીન ભસીનઅલીએ આગળ કહ્યું- મેં જોયું છે.

## 'મમ્મીને ગર્વ થાય તે માટે હજુ લાંબી મજલ કાપવાની બાકી':એક્ટ્રેસ પલક તિવારીએ કહ્યું, 'મારા કામથી લોકોની નફરતને પ્રેમમાં ફેરવીશ'

એક્ટ્રેસ પલક તિવારી પોતાના કામ કરતાં અંગત જીવનને કારણે વધુ ચર્ચામાં રહે છે. તેનું નામ એક્ટર સૈફ અલી ખાનના દીકરા ઈબ્રાહિમ અલી ખાન સાથે જોડાઈ રહ્યું છે. બંને ઘણીવાર એકબીજા સાથે ફરતા જોવા મળે છે. હાલમાં, પલક તેની નવી ફિલ્મ 'ધ ભૂતની' માટે ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેને સંજય દત્ત જેવા દિગ્ગજ એક્ટર સાથે કામ કરવાની તક મળી છે.દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં, પલકે તેના અંગત જીવન અને મીડિયામાં આવતા સમાચારો પર પોતાની પ્રતિક્રિયા આપી છે.શ્વેતા તિવારીની દીકરી પલક હાલમાં ફિલ્મ 'ભૂતની'ને લઈને ચર્ચામાં છે.શ્વેતા તિવારીની દીકરી પલક હાલમાં ફિલ્મ 'ભૂતની'ને લઈને ચર્ચામાં છે.પ્રશ્નઃ તમે એક ઉભરતા કલાકાર છો, કેટલું પ્રેશર છે?સૌથી વધુ બાહ્ય પ્રેશર છે. લોકોને જે કહેવું હોય તે જ કહેશે. મને લાગે છે કે, લોકો પાસેથી ઈજ્જત કે આદર પણ કમાવવો પડે છે. હું પણ એક દિવસ આ કમાઈશ. જોકે, સૌથી મોટું પ્રેશર તો પોતાની અંદરથી જ આવે છે. એ પ્રેશર ઘટતું જ નથી. હું દરરોજ મારી જાતને વધુ સારું કરવા માટે દબાણ કરું છું. બાહ્ય પ્રેશર માટે તમે એવું બહાનું કાઢી શકો કે મને ખબર નથી પણ વ્યક્તિ પોતાના પર જે દબાણ લાવે છે, તેનો કોઈ ઈલાજ નથી.પ્રશ્નઃ તમને કઈ બાબતથી કે વસ્તુથી બીક લાગે



છે?હું પણ એક માણસ છું અને માણસો જીવનમાં ભૂતથી નથી ડરતા પરંતુ જીવનથી ડરે છે. મને પણ એ જ ડર છે. વાસ્તવિક જીવનમાં ઘણી વસ્તુઓને લઈને તણાવ હોય છે. માતા અને ભાઈને ગર્વ મહેસૂસ કરાવી શકું છું કે નહીં? પોતાનું કામ સારી રીતે કરવું છે. ઘર માટે પૈસા કમાવવાના છે. આ બધી વાતોનો કેટલો સ્ટ્રેસ હોય છે.પલક માતા શ્વેતા અને ભાઈ રિયાન સાથે.પલક માતા શ્વેતા અને ભાઈ રિયાન સાથે.પ્રશ્ન- તમે આટલી નાની ઉંમરે આટલી બધી જવાબદારી કેમ લઈ રહ્યાં છો? આટલી પરિપક્વતા કેવી રીતે આવી?જેમ તમે કહ્યું, મેં આ જવાબદારી લીધી છે. કોઈએ મારી ઉપર ઘરની જવાબદારી નાખી નથી. મને લાગે છે કે, મારા પરિવારમાં દરેક વ્યક્તિ ખૂબ જ જોડાયેલા છે. મારા ઘરમાં દરેક સભ્ય એકબીજાને મદદ કરે છે. મેં મારી માતાને નાનપણથી જ મારા ઘરના લોકોને પ્રેમ કરતા અને સપોર્ટ કરતા જોયા છે, તેથી મને પણ તેના જેવું જ કરવાનું મન થાય છે. મારી મમ્મી મારા માટે પ્રેરણાસ્ત્રોત છે.પ્રશ્ન- સોશિયલ મીડિયાની તમારા પર કેટલી અસર પડે છે?કદાચ પહેલા હતું, પણ હવે એટલું બધું નથી. જેમ જેમ હું મોટો થઈ રહી છું, તેમ તેમ મને ખ્યાલ આવી રહ્યો છે કે, જો હું સારું કામ કરીશ, તો લોકો મને સ્વીકારશે. લોકો કલાકારોને એટલી બધી નફરત કરે છે, જાણે કે તે તેમના દુશ્મન હોય. પછી તે પરિવાર જેવો પ્રેમ પણ આપે છે. હું સોશિયલ મીડિયા પર નેગેટિવ કમેન્ટ્સ વાંચતી નથી અને ક્યારેય કોઈનો જવાબ આપતી નથી. મારું માનવું છે કે, તમે જેટલું વધુ વાંચશો, તેટલી જ તેની તમારા પર અસર થશે. હું સોશિયલ મીડિયા પર સારી અને ખરાબ બંને પ્રકારની વાતો વાંચવાનું ટાળું છું. જે લોકો મને નફરત કરે છે, હું એક દિવસ તે બધાને પ્રેમમાં ફેરવીશ.એક્ટ્રેસનું નામ સૈફ અલી ખાનના દીકરા ઈબ્રાહિમ અલી ખાન સાથે ચર્ચાઈ રહ્યું છે.

## હાનિયાએ કહ્યું-'આ ક્રૂરતા છે'; માવરાએ હુમલાને 'કાયર' ગણાવ્યો; ફવાદે એટેકને 'શરમજનક' કહ્યો



પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતે 15 દિવસ પછી, પાકિસ્તાનમાં 9 આતંકવાદી અડ્ડાઓ પર મિસાઈલ પ્રહાર કર્યા છે, જેમાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. એક તરફ ભારતીયો આ વળતા હુમલાથી ખુશ છે, તો બીજી તરફ ભારતમાં પ્રતિબંધિત પાકિસ્તાની કલાકારો તેની સખત નિંદા કરી રહ્યા છે. આમાંના કેટલાક કલાકારોએ પહેલગામ હુમલામાં માર્યા ગયેલા ભારતીયો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી, પરંતુ હવે એ જ સેલેબ્સ પાકિસ્તાન ઝિંદાબાદ લખી રહ્યા છે.પહેલગામ હુમલા પછી ભારતીય ફિલ્મ 'સરદાર 3' માંથી દૂર કરાયેલી હાનિયા આમિરે ભારતના મિસાઈલ હુમલા પર લખ્યું, 'મારી પાસે કોઈ ફેન્સી શબ્દો નથી, ફક્ત ગુસ્સો, પીડા અને ભારે હૃદય. એક બાળકનું મોત થયું, એક પરિવાર તૂટી ગયો, આ બધું શા માટે હતું? કોઈને બચાવવાનો આ યોગ્ય રસ્તો નથી. આ ક્રૂરતા છે, સીધી અને સીધી વાત છે. તમે નિર્દોષ લોકો પર બોમ્બમારો કરી શકો નહીં અને તેને રણનીતિ ન કહી શકો. આ તાકાત નથી. શરમજનક વાત છે. આ કાયરતા છે અને અમે તેનો જવાબ આપીશું.'આ એ જ હાનિયા અમીર છે જેણે પહેલગામ આતંકવાદી હુમલા પર ભારતને સાંત્વના આપી હતી. પહેલગામ આતંકવાદી હુમલા પર તે વખતની હાનિયા આમિરની પોસ્ટ જુઓ-પાકિસ્તાની એક્ટ્રેસ માહિરા ખાને પણ 'ઓપરેશન સિંદૂર' પર લખ્યું છે, આ ખરેખર કાયરતાપૂર્ણ છે. અલ્લાહ આપણા દેશનું રક્ષણ કરે. વધુ સારી સમજણ પ્રાપ્ત થઈ શકે છે.ભારતીય ફિલ્મ 'સનમ તેરી કસમ'થી બોલિવૂડમાં પ્રવેશ કરનાર માવરા હોકેને આની નિંદા કરી અને લખ્યું, 'હું પાકિસ્તાન પરના આ કાયર હુમલાની સખત નિંદા કરું છું. નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. અલ્લાહ અમારું રક્ષણ કરો'પહેલગામ હુમલા બાદ ફવાદ ખાનની બોલિવૂડ કમબેક ફિલ્મ 'અબીર ગુલાલ'ની રિલીઝ મુલતવી રાખવામાં આવી છે. તેણે 'ઓપરેશન સિંદૂર'ને શરમજનક પણ ગણાવ્યું છે.

## નિશાત બળાત્કાર કેસ પર હિના ખાન ગુસ્સે; કહ્યું- દરેક ધર્મ, સમુદાયમાં રાક્ષસો તક શોધતા હોય છે



તાજેતરમાં શ્રીનગરના નિશાત વિસ્તારમાં, એક મહિલા પર ચાર દારૂડિયાઓએ હુમલો કર્યો હતો અને પછી બળાત્કાર કરીને તેની હત્યા કરી હતી. આ કેસ પ્રકાશમાં આવ્યા બાદ દેશભરમાં આક્રોશ છે, જોકે એક વર્ગ એવો છે જે આ હત્યા અને બળાત્કાર માટે દારૂને જવાબદાર ઠેરવી રહ્યો છે. હવે આ મામલે હિના ખાને દારૂ પર આરોપ લગાવનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. એક્ટ્રેસ કહે છે કે દરેક ધર્મ અને સમુદાયમાં રાક્ષસો હોય જ છે જે તક શોધતા હોય છે, તેથી આ માટે ફક્ત દારૂને જવાબદાર ન માનવો જોઈએ.હિના ખાને ઓફિશિયલ X પ્લેટફોર્મ પર એક લાંબી પોસ્ટ શેર કરી અને લખ્યું, શું કોઈ આ મૂર્ખોને બળાત્કાર અને શારીરિક શોષણ વચ્ચે તફાવત હોય છે એવું કહેશે? બળાત્કાર એ બળાત્કાર છે.

## 'ઓપરેશન સિંદૂર' બાદ ગદગદ થયું બોલિવૂડ, અનુપમ ખેર, રિતેશ દેશમુખ સહિતના સેલેબ્સે ભારતની જવાબી કાર્યવાહી વખાણી

પહેલગામ આતંકી હુમલાના 15 દિવસ પછી, ભારતે પાકિસ્તાનમાં 9 સ્થળો પર એરસ્ટ્રાઈક કરી છે. ભારત દ્વારા કરવામાં આવેલ જવાબી કાર્યવાહીનું નામ 'ઓપરેશન સિંદૂર' રાખવામાં આવ્યું છે. ઘણા બોલિવૂડ સેલેબ્સ 'ઓપરેશન સિંદૂર'ની સફળતા પર પ્રતિક્રિયા આપી રહ્યા છે અને ગર્વ અનુભવી રહ્યા છે. અનુપમ ખેર, રિતેશ દેશમુખ અને ચિરંજીવી જેવા ઘણા સેલેબ્સે આ અંગે પોસ્ટ શેર કરી પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી.બોલિવૂડ સેલેબ્સ 'ઓપરેશન સિંદૂર' બાદ ગદગદ થઈ ગયાકંગના રનૌતે એક પોસ્ટ શેર કરી લખ્યું કે- ₹ઓપરેશન સિંદૂર₹, આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ. ભારતીય સશસ્ત્ર દળોએ એક સચોટ મિશન, ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને



કાશ્મીરમાં 9 આતંકવાદી છાવણીઓનો નાશ કરવામાં આવ્યો. નવું ભારત.₹કંગના રનૌતની પોસ્ટકંગના રનૌતની પોસ્ટસાઉથ સુપરસ્ટાર રજનીકાંતે લખ્યું છે કે- લડવૈયાઓની લડાઈ શરૂ થઈ ગઈ છે. જ્યાં સુધી મિશન પૂર્ણ ન થાય ત્યાં સુધી બંધ કરવામાં આવશે નહીં. આખું ભારત તમારી સાથે છે, નરેન્દ્ર મોદી.રજનીકાંતની પોસ્ટરજનીકાંતની પોસ્ટઅનુપમ ખેરે ઑફિશિયલ X પ્લેટફોર્મ પર 'ઓપરેશન સિંદૂર'નું પોસ્ટર શેર કર્યું અને લખ્યું, 'ભારત માતા કી જય.'અનુપમ ખેરની પોસ્ટઅનુપમ ખેરની પોસ્ટરિતેશ દેશમુખે લખ્યું છે, 'જય હિંદ કી સેના... ભારત માતા કી જય!!!'રિતેશ દેશમુખે લખ્યું છે, 'જય હિંદ કી સેના... ભારત માતા કી જય!!!'સાઉથ સુપરસ્ટાર ચિરંજીવીએ પોસ્ટ શેર કરતાં લખ્યું, 'જય હિંદ.'સાઉથ સુપરસ્ટાર ચિરંજીવીએ પોસ્ટ શેર કરતાં લખ્યું, 'જય હિંદ.

## બિગ બોસની કન્ટેસ્ટન્ટ ઈન્ડસ્ટ્રી છોડી આધ્યાત્મના માર્ગે !:એક્ટ્રેસ સોનલ બંસલે કહ્યું, 'ઇન્ડસ્ટ્રીએ મને શ્વાસ પણ લેવા દીધો નથી'

બિગ બોસ 17ની કન્ટેસ્ટન્ટ સોનિયા બંસલે તાજેતરમાં સોશિયલ મીડિયા પર જાહેર કર્યું છે કે, તે લાઈફ કોચ અને સ્પિરિચ્યુઅલ હીલર બની ગઈ છે. એક્ટ્રેસ ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીને અલવિદા કહી રહી છે.એક્ટ્રેસે કહ્યું, 'પૈસા કમાવવાની દોડમાં મારી જાતને ખોઈ બેઠી છું'એક્ટ્રેસે કહ્યું, 'પૈસા કમાવવાની દોડમાં મારી જાતને ખોઈ બેઠી છું'સોનિયા બંસલે ઈટાઈમ્સને આપેલા ઈન્ટર્વ્યૂમાં જણાવ્યું કે, 'આપણે બીજાઓ માટે બધું જ કરવામાં એટલા બધા વ્યસ્ત થઈ ગયા છીએ કે, આપણે પોતાને ભૂલી જઈએ છીએ. મને હવે સમજાયું કે, મારા જીવનનો સાચો હેતુ શું છે તેની પણ મને ખબર નથી. સર્વગુણ સંપન્ન બનવા, સુસંગત રહેવા અને વધુ કમાવવાની દોડમાં, હું મારી જાતને ખોઈ બેઠી છું.'તેણે વધુમાં કહ્યું, 'મારી પાસે પૈસા, નામ, ખ્યાતિ, લોકપ્રિયતા બધું જ છે પણ શાંતિ નથી. જો તમારી પાસે શાંતિ જ ન હોય તો આવા પૈસા શું કામના? તમારી પાસે બહાર અઢળક વસ્તુઓ હોય પણ અંદરથી ખાલી હોવ ત્યારે એ ખૂબ જ અંધકારમય જગ્યા હોય છે.એક્ટ્રેસ બિગ બોસ 17ની કન્ટેસ્ટન્ટ રહી ચૂકી છે.એક્ટ્રેસ બિગ બોસ 17ની કન્ટેસ્ટન્ટ રહી ચૂકી છે.'ઈન્ડસ્ટ્રીએ મને શ્વાસ પણ નથી લેવા દીધો'-સોનિયાએક્ટ્રેસે કહ્યું, 'મારે જીવનમાં શું જોઈએ છે તેના માટે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો છે. આ ઈન્ડસ્ટ્રીએ મને ઓળખ આપી છે પરંતુ સ્થિરતા નથી આપી. મને શ્વાસ પણ લેવા દીધો નથી. હું હવે દેખાડો નહીં કરી શકું. હું પ્રમાણિક રીતે



જીવવા માંગુ છું, મારી માટે લાઈફ કોચ અને સ્પિરિચ્યુઅલ હીલર બનવા માંગુ છું.''તમારું જીવન ક્યારે બદલાઈ જશે તમને ખબર પણ નહીં પડે. ક્યારે મોત તમારું બારણું ખખડાવશે, અને જો તમે ત્યાં સુધી સત્યતાથી નથી જીવ્યા તો આ યાત્રાનો શું અર્થ છે?'હિન્દી અને તેલુગુ ફિલ્મો તથા મ્યુઝિક વીડિયોમાં કામ કર્યુંઉત્તર પ્રદેશના આગ્રાની 28 વર્ષીય સોનિયા બંસલ 'નોટી ગેંગ', 'ડુબકી', 'ગેમ 100 કરોડ કા' અને 'શૂરવિર' જેવી હિન્દી ફિલ્મો તથા 'ધીરા' નામની તેલુગુ ફિલ્મમાં કામ કરી ચૂકી છે. ઉપરાંત તેણે ટી-સિરીઝ અને અન્ય કંપનીઓના મ્યુઝિક વીડિયોમાં પણ જોવા મળી છે. છેલ્લે તે ટીવી રિયાલિટી શો બિગ બોસ 17માં જોવા મળી હતી. હાલમાં, તે તેના આગામી અને કદાચ છેલ્લા પ્રોજેક્ટ 'યસ બોસ' માટે શૂટિંગ કરી રહી છે. એક્ટ્રેસે કહ્યું, 'મારે જીવનમાં શું જોઈએ છે તેના માટે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો છે. આ ઈન્ડસ્ટ્રીએ મને ઓળખ આપી છે પરંતુ સ્થિરતા નથી આપી. મને શ્વાસ પણ લેવા દીધો નથી. હું હવે દેખાડો નહીં કરી શકું. હું પ્રમાણિક રીતે જીવવા માંગુ છું.

# Miને 3 વિકેટે હરાવીને ટેબલ ટૉપર બની, વરસાદથી વિક્ષેપિત મેચમાં 6 બોલમાં 15 રનનો રિવાઇઝડ ટાર્ગેટ ચેઝ કર્યો



વરસાદથી વિક્ષેપિત IPL મેચમાં ગુજરાત ટાઇટન્સે મુંબઈ ઈન્ડિયન્સને 3 વિકેટે હરાવ્યું. DLS પદ્ધતિ હેઠળ, ગુજરાતને 147 રનનો રિવાઈઝ્ડ ટાર્ગેટ મળ્યો, જે ગુજરાતે 7 વિકેટ ગુમાવીને ચેઝ કર્યો.વાનખેડે સ્ટેડિયમ ખાતે ગુજરાતે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. મુંબઈએ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા. વિલ જેક્સે 53 અને સૂર્યકુમાર યાદવે 35 રન બનાવ્યા હતા. GT તરફથી સાઈ કિશોરે 2 વિકેટ લીધી.ગુજરાતની ઈનિંગ દરમિયાન બે વાર વરસાદ પડ્યો. પહેલી વાર ગુજરાત 9 રનથી આગળ હતું, પણ બીજી વાર 5 રનથી પાછળ રહી ગયું. પ્રથમ વરસાદ બંધ થયા પછી જ્યારે રમત ફરી શરૂ થઈ, ત્યારે ગુજરાતે 15મી અને 18મી ઓવર વચ્ચે 25 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. બુમરાહે શુભમન ગિલ (43 રન) અને શાહરૂખ ખાન (6 રન)ને આઉટ કર્યા. જ્યારે, ટ્રેન્ટ બોલ્ટે શેરફેન રૂધરફોર્ડ (28 રન) અને અશ્વિની કુમારે રાશિદ ખાન (2 રન)ને આઉટ કર્યા. અહીંથી મેચ મુંબઈના પક્ષમાં આવી.જ્યારે રમત બીજી વખત બંધ થઈ, ત્યારે ગુજરાતનો સ્કોર 6 વિકેટે 132 રન હતો. ટીમને 12 બોલમાં 24 રનની જરૂર હતી, પરંતુ DLS પદ્ધતિમાં મુંબઈ 5 રનથી આગળ હતું. રમત ફરી શરૂ થઈ અને ગુજરાતને 6 બોલમાં 15 રનની જરૂર હતી. દીપક ચહર તેને ડિફેન્ડ કરી શક્યો નહીં.અપડેટ્સ12:49 AM7 મે 2025ગુજરાતનો ત્રણ વિકેટે વિજયગુજરાત ટાઇટન્સે DLSના આધારે મુંબઈ ઇન્ડિયન્સને ત્રણ વિકેટથી હરાવ્યું. વરસાદથી પ્રભાવિત મેચમાં ગુજરાતને 19 ઓવરમાં 147 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જે ટીમે પ્રાપ્ત કરી લીધો. આ પહેલા મુંબઈએ 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા હતા. તેના માટે, વિલ જેક્સે સૌથી વધુ 53 રનની ઇનિંગ્સ રમી.12:32 AM7 મે 2025ગુજરાતને 6 બોલમાં 15 રનનો રિવાઇઝ્ડ ટાર્ગેટ મળ્યોગુજરાતને મેચમાં 6 બોલમાં 15 રનનો રિવાઇઝ્ડ ટાર્ગેટ મળ્યો હતો. મેચ વર કારણે બે વાર રોકવી પડી હતી.11:54 PM6 મે 2025પાછો વરસાદ પડ્યો અને રમત બંધ થઈ ગઈવરસાદને કારણે રમત રોકી દેવામાં આવી છે. હાલમાં ગુજરાતને 12 બોલમાં 24 રનની જરૂર છે. પરંતુ, ટીમ DLS પદ્ધતિ મુજબ 5 રનથી પાછળ છે.11:49 PM6 મે 2025ગુજરાતની છઠ્ઠી વિકેટ પડી, રાશિદ ખાન આઉટ18મી ઓવરમાં ગુજરાતે છઠ્ઠી વિકેટ ગુમાવી. અહીં રાશિદ ખાન 2 રન બનાવીને આઉટ થયો. તેને અશ્વની કુમારે LBW કર્યો. અશ્વનીએ જોસ બટલરને પણ આઉટ કર્યો હતો.11:45 PM6 મે 2025બુમરાહે ગિલ બાદ શાહરૂખને બોલ્ડ કર્યો17મી ઓવરમાં જસપ્રીત બુમરાહે શાહરૂખ ખાનને ક્લીન બોલ્ડ કરી દીધો. તેણે અગાઉની ઓવરમાં શુભમન ગિલને પણ બોલ્ડ કર્યો હતો.11:36 PM6 મે 2025ગિલ બાદ રૂધરફોર્ડ પેવેલિયન પરત ફર્યો, બોલ્ટને બીજી વિકેટ મળી16મી ઓવરમાં ગુજરાતે ચોથી વિકેટ ગુમાવી. અહીં શેરફેન રૂધરફોર્ડ 28 રન બનાવીને આઉટ થયો. તેને ટ્રેન્ટ બોલ્ટે LBW કર્યો. બોલ્ટે સાઈ સુદર્શનને પણ પેવેલિયન મોકલ્યો હતો.

11:26 PM6 મે 2025બુમરાહે ગિલને બોલ્ડ કર્યો15મી ઓવર નાખી રહેલા જસપ્રીત બુમરાહે શુભમન ગિલને ક્લીન બોલ્ડ કરી દીધો. ગિલ 43 રન બનાવીને આઉટ થયો.11:01 PM6 મે 2025વરસાદને કારણે રમત અટકી, મેદાન ઢાંકવામાં આવ્યુંવરસાદને કારણે રમત રોકાઈ ગઈ છે. ગિલ 38 રન અને રૂધરફોર્ડ 26 રન બનાવીને નોટઆઉટ પરત ફર્યા.10:57 PM6 મે 2025રૂધરફોર્ડના છગ્ગાથી ગુજરાત 100ને પાર14મી ઓવરમાં ગુજરાતે 100 રનનો આંકડો પાર કરી લીધો. શેરફેન રૂધરફોર્ડે અશ્વની કુમારના ઓવરના ચોથા બોલ પર છગ્ગો ફટકારીને સ્કોર 100ને પાર પહોંચાડ્યો.10:49 PM6 મે 2025જોસ બટલર 30 રન બનાવીને આઉટ12મી ઓવરમાં ગુજરાતે બીજી વિકેટ ગુમાવી. અહીં જોસ બટલર 30 રન બનાવીને આઉટ થયો. તેને અશ્વની કુમારે વિકેટકીપર રાયન રિકેલ્ટનના હાથે કેચ કરાવ્યો.10:45 PM6 મે 2025તિલક વર્માએ ગિલનો કેચ છોડ્યો12મી ઓવરમાં શુભમન ગિલને જીવનદાન મળ્યું. અશ્વની કુમારના ઓવરના બીજા બોલ પર તિલક વર્માએ તેનો કેચ છોડી દીધો.ઓવરના ત્રીજા બોલ પર અશ્વનીએ જોસ બટલરને વિકેટકીપર રિકલ્ટનના હાથે કેચ કરાવ્યો.10:36 PM6 મે 2025કન્કશન રિપ્લેસમેન્ટ - કોર્બિન બોસની જગ્યાએ અશ્વની કુમાર આવ્યોઅશ્વની કુમારને કોર્બિન બોસના કન્કશન રિપ્લેસમેન્ટ તરીકે આવ્યો છે. બોસને ઈનિંગના છેલ્લા ઓવરમાં પ્રસિદ્ધ ક્રિષ્નાના બાઉન્સરથી ઈજા થઈ હતી.10:29 PM6 મે 2025ગિલ-બટલરની ફિફ્ટી ભાગીદારીઆઠમી ઓવરમાં શુભમન ગિલ અને જોસ બટલરે ફિફ્ટી ભાગીદારી પૂરી કરી લીધી. ટીમે 6 રનના સ્કોર પર સાઈ સુદર્શનની વિકેટ ગુમાવી દીધી હતી.10:13 PM6 મે 2025ગુજરાતની શરૂઆત ધીમી રહી, પાવરપ્લેમાં માત્ર 29 રન બનાવ્યા156 રનને ચેઝ કરવા ઉતરેલી ગુજરાતની શરૂઆત ધીમી રહી છે. ટીમે 6 ઓવરમાં એક વિકેટે માત્ર 29 રન બનાવ્યા. જોસ બટલર અને શુભમન ગિલ ક્રિઝ પર છે. સાઈ સુદર્શન 5 રન બનાવીને આઉટ થયો હતો.09:54 PM6 મે 2025ટ્રેન્ટ બોલ્ટે પહેલી ઓવરમાં જ સાઈ સુદર્શનની વિકેટ લીધી156 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલા ગુજરાતે બીજી ઓવરમાં એક વિકેટ ગુમાવી દીધી છે. ટ્રેન્ટ બોલ્ટે સાઈ સુદર્શન (5 રન)ને વિકેટકીપર રાયન રિકેલ્ટનના હાથે કેચ કરાવ્યો.09:35 PM6 મે 2025ઈનિંગ્સ બ્રેક: ગુજરાતને 156 રનનો ટાર્ગેટ09:25 PM6 મે 2025બોશે ક્રિષ્નાની ઓવરમાં પર સતત બે છગ્ગા ફટકાર્યાઇનિંગની છેલ્લી ઓવરમાં, કોર્બિન બોશે પ્રસિદ્ધની ઓવરમાં સતત બે છગ્ગા ફટકાર્યા. આ પછી એક બાઉન્સર તેના હેલ્મેટને વાગ્યો. આ ઓવરમાં મુંબઈએ 150 રનનો આંકડો પાર કરી લીધો. આ ઓવરમાંથી 18 રન આવ્યા. આ રીતે મુંબઈએ ગુજરાતને 156 રનનો ટાર્ગેટ આપ્યો.

# ગુજરાતના કોચ નેહરાને ફાઈન લાગ્યો; ખરાબ ફિલ્ડિંગ પર ગુસ્સે થયો હતો



IPL-2025માં, મુંબઈ ઈન્ડિયન્સ (MI)ના કેપ્ટન હાર્દિક પંડ્યા અને આખી ટીમને આ સિઝનમાં બીજી વખત દંડ ફટકારવામાં આવ્યો છે. ગુજરાત ટાઇટન્સના હેડ કોચ આશિષ નેહરાને પણ તેમની મેચ ફીના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.મંગળવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ગુજરાતે મુંબઈને 3 વિકેટે હરાવ્યું. સ્લો ઓવર રેટના કારણે, MI કેપ્ટન હાર્દિક પંડ્યાને 24 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે અને પ્લેઈંગ-11ના તમામ ખેલાડીઓને 6 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.નેહરા સાઈ કિશોર પર ગુસ્સે થયોગુજરાત ટાઇટન્સના હેડ કોચ આશિષ નેહરાને IPL આચારસંહિતાના ઉલ્લંઘન બદલ તેની મેચ ફીના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને તેને ડિમેરિટ પોઈન્ટ પણ મળ્યો છે. તેણે કલમ 2.20 હેઠળ લેવલ 1 ના ગુનાની કબૂલાત કરી છે જે રમતની ભાવનાની વિરુદ્ધ છે.મુંબઈ ઈન્ડિયન્સની ઈનિંગની પાંચમી ઓવરના છેલ્લા બોલે સૂર્યકુમાર યાદવને જીવનદાન મળ્યું. મિડવિકેટ પર ઉભેલા સાઈ કિશોરના હાથમાંથી બોલ સરકી ગયો. જે બાદ ગુજરાત ટાઇટન્સના કોચ આશિષ નેહરાએ ગુસ્સો ગુમાવ્યો અને ડગઆઉટમાંથી બૂમો પાડવા લાગ્યો.સૂર્યકુમાર યાદવનો કેચ ડ્રોપ થયા બાદ ગુજરાત ટાઇટન્સના કોચ આશિષ નેહરા ગુસ્સે ભરાયો.સૂર્યકુમાર યાદવનો કેચ ડ્રોપ થયા બાદ ગુજરાત ટાઇટન્સના કોચ આશિષ નેહરા ગુસ્સે ભરાયો.ગુજરાત ટાઇટન્સે મુંબઈ ઈન્ડિયન્સને 3 વિકેટે હરાવ્યુંવરસાદથી વિક્ષેપિત IPL મેચમાં ગુજરાત ટાઇટન્સે મુંબઈ ઈન્ડિયન્સને 3 વિકેટે હરાવ્યું. ગુજરાતને 155 રનનો ટાર્ગેટ મળ્યો. રમત ફરી શરૂ થઈ અને ગુજરાતને 147 રનનો રિવાઈઝ્ડ ટાર્ગેટ આપવામાં આવ્યો. ટીમને 6 બોલમાં 15 રનની જરૂર હતી. પરંતુ મુંબઈનો દીપક ચહર તેને ડિફેન્ડ કરી શક્યો નહીં.વાનખેડે સ્ટેડિયમ ખાતે ગુજરાતે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. મુંબઈએ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા. વિલ જેક્સે 53 અને સૂર્યકુમાર યાદવે 35 રન બનાવ્યા હતા. સાઈ કિશોરે 2 વિકેટ લીધી.આ સિઝનમાં આ નવમી વખત છે જ્યારે તેને સ્લો ઓવર માટે દંડ ફટકારવામાં આવ્યોઆ સિઝનમાં સ્લો ઓવર માટે દંડ ફટકારવામાં આવ્યો હોય તેવી આ નવમી ઘટના છે. આ પહેલા, લખનઉ સુપર જાયન્ટ્સનો કેપ્ટન રિષભ પંત, શુભમન ગિલ (ગુજરાત ટાઇટન્સ), અક્ષર પટેલ (દિલ્હી કેપિટલ્સ), સંજુ સેમસન (રાજસ્થાન રોયલ્સ), રજત પાટીદાર (રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ), રિયાન પરાગ (રાજસ્થાન રોયલ્સ) અને હાર્દિક પંડ્યા (મુંબઈ ઈન્ડિયન્સ)ને આ સિઝનમાં સ્લો ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. ગુજરાત ટાઇટન્સના હેડ કોચ આશિષ નેહરાને IPL આચારસંહિતાના ઉલ્લંઘન બદલ તેની મેચ ફીના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને તેને ડિમેરિટ પોઈન્ટ પણ મળ્યો છે. તેણે કલમ 2.20 હેઠળ લેવલ 1 ના ગુનાની કબૂલાત કરી છે જે રમતની ભાવનાની વિરુદ્ધ છે. મુંબઈ ઈન્ડિયન્સની ઈનિંગની પાંચમી ઓવરના છેલ્લા બોલે સૂર્યકુમાર યાદવને જીવનદાન મળ્યું. મિડવિકેટ પર ઉભેલા સાઈ કિશોરના હાથમાંથી બોલ સરકી ગયો.

# બીજા રાઉન્ડના મતદાનમાં 325 મત મળ્યા; પહેલા રાઉન્ડમાં બહુમતી કરતાં 6 મત ઓછા હતા



જર્મનીના રૂઢિચુસ્ત ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (CDU) પાર્ટીના નેતા ફ્રેડરિક મર્ટ્ઝ મંગળવારે જર્મનીના 10મા ચાન્સેલર તરીકે ચૂંટાયા. બીજા રાઉન્ડના મતદાનમાં તેમને 325 મત મળ્યા. ગુપ્ત મતદાનમાં તેમને 630 માંથી 316 મતોની જરૂર હતી, પરંતુ પહેલા રાઉન્ડમાં તેમને ફક્ત 310 મત મળ્યા, જ્યારે તેમના ગઠબંધનને 328 બેઠકો મળી.જર્મનીના ઈતિહાસમાં આ પહેલી વાર હતું જ્યારે ચાન્સેલર પદ માટેના ઉમેદવાર પ્રથમ રાઉન્ડમાં બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા. જો મેટ્ર્ઝ અથવા અન્ય કોઈ ઉમેદવાર બહુમતી મેળવવામાં નિષ્ફળ જાય, તો રાષ્ટ્રપતિ સંસદનું વિસર્જન કરી શકે છે.ફેબ્રુઆરીમાં યોજાયેલી રાષ્ટ્રીય ચૂંટણીઓમાં, CDU/CSU ગઠબંધનને 28.5 ટકા સાથે સૌથી વધુ મત મળ્યા. જોકે, બહુમતી સરકાર બનાવવા માટે તેમને બીજા પક્ષનો ટેકો લેવો પડ્યો.જર્મન રાષ્ટ્રપતિ ફ્રેન્ક-વોલ્ટર સ્ટેઈનમેયરે તેમને શુભકામનાઓ પાઠવતા એક ટૂંકું ભાષણ આપ્યું. આ પછી, મટ્ર્ઝ તેમની કારમાં સંસદ જવા રવાના થયા, જ્યાં તેમણે શપથ લીધા.મેર્ઝ રાષ્ટ્રપતિને મળ્યા અને 17 મંત્રીઓ માટે નામાંકન દસ્તાવેજો સોંપ્યા.મેર્ઝ રાષ્ટ્રપતિને મળ્યા અને 17 મંત્રીઓ માટે નામાંકન દસ્તાવેજો સોંપ્યા.મટ્ર્ઝે કાયદાનો અભ્યાસ કર્યોમટ્ર્ઝનો જન્મ 11 નવેમ્બર,1955ના રોજ પશ્ચિમ જર્મનીના સોઅરલેન્ડ જિલ્લામાં થયો હતો. તેમનો જન્મ એક રોમન કેથોલિક પરિવારમાં થયો હતો. મટ્ર્ઝે કાયદાનો અભ્યાસ કર્યો. તેમણે કોર્પોરેટ વકીલ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી.મટ્ર્ઝ 1972માં સોશિયલ ડેમોક્રેટ્સ પાર્ટીમાં જોડાયા. તેઓ સૌરલેન્ડથી 1994માં જર્મન સંસદમાં પ્રથમ વખત ચૂંટાયા હતા. તેમની આર્થિક સમજણને કારણે, તેમણે રાજકારણમાં ઝડપથી પ્રગતિ કરી.2000ના દાયકાની શરૂઆતમાં, મટ્ર્ઝને CDUના સંસદીય નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. આ વર્ષે એન્જેલા મર્કેલ CDU પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા. 2002માં, મર્કેલે સંસદીય બેઠક માંગી.ભૂતપૂર્વ ચાન્સેલર મર્કેલે તેમને સરકારમાંથી દૂર કર્યાજ્યારે 2005માં સીડીયુએ એસપીડી સાથે સરકાર બનાવી, ત્યારે મટ્ર્ઝને સરકારમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. એન્જેલા મર્કેલ સાથેના નબળા સંબંધોને કારણે મટ્ર્ઝ પાર્ટીમાં હાંસિયામાં ધકેલાઈ ગયા હતા.આ પછી, તેમણે 2009માં રાજકારણમાંથી નિવૃત્તિ લીધી. આ પછી તેઓ લગભગ 1 દાયકા સુધી ખાનગી ક્ષેત્ર સાથે જોડાયેલા રહ્યા. તેમણે બ્લેકરોક જેવી મોટી કંપનીમાં કામ કર્યું.મટ્ર્ઝ 2018માં રાજકારણમાં પાછા ફર્યા. ત્યાં સુધીમાં ચાન્સેલર એન્જેલા મર્કેલ પણ પદ છોડવાનો નિર્ણય લઈ ચૂકી હતી. ત્યારબાદ મટ્ર્ઝે 2018 અને 2021માં પાર્ટી નેતાની ચૂંટણી લડી, જોકે તે સમયે તેઓ હારી ગયા. વર્ષ 2022માં, તેઓ CDUના પ્રમુખ બનવામાં સફળ રહ્યા. આ પછી, તેમણે 2025માં CDU પાર્ટી તરફથી ચાન્સેલરની ચૂંટણી લડી.2002માં ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ સાથે ફ્રેડરિક મટ્ર્ઝ.2002માં ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ સાથે ફ્રેડરિક મટ્ર્ઝ.મટ્ર્ઝની પાર્ટીએ 208 બેઠકો જીતીચૂંટણીમાં, ફ્રેડરિક મટ્ર્ઝના ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (CDU) પાર્ટી ગઠબંધને 208 બેઠકો જીતી. તેમને 28.5% મત મળ્યા.ચૂંટણીમાં બીજી સૌથી મોટી જીત કટ્ટર જમણેરી પાર્ટી (AFD) દ્વારા પ્રાપ્ત થઈ. આ પાર્ટીએ 151 બેઠકો જીતી છે. પાર્ટીને 20.8% મત મળ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી આ પહેલી વાર હતું જ્યારે કોઈ કટ્ટરપંથી જમણેરી પક્ષે જર્મનીમાં આટલી બધી બેઠકો જીતી હતી.જર્મન ચાન્સેલર કોણ છે?જર્મનીમાં ભારત જેવી લોકશાહી વ્યવસ્થા છે. ભારતની જેમ જર્મનીમાં પણ સંસદીય વ્યવસ્થા છે. જર્મનીની સંસદને બુન્ડેસ્ટાગ કહેવામાં આવે છે, જેમાં 630 બેઠકો છે.જેમ ભારતમાં સરકારના વડા પ્રધાનમંત્રી હોય છે, તેવી જ રીતે જર્મનીમાં ચાન્સેલર હોય છે.

દેશ - વિદેશ

# હિઝબુલનો ટ્રેનિંગ કેમ્પ, જૈશનું સૌથી મોટું હેડ ક્વાર્ટર, લાદેનની ફંડિંગવાળું મકરઝ ધ્વસ્ત



પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં હવાઈ હુમલો કર્યો છે, જેને સેનાએ ઓપરેશન સિંદૂર નામ આપ્યું છે. ગુપ્તચર એજન્સી RAWના ઈનપુટ પર આ કાર્યવાહી કરવામાં આવી છે.સેનાએ 9 આતંકવાદી ઠેકાણાંને નિશાન બનાવ્યાં છે. સમાચાર એજન્સી ANI અનુસાર, આમાં જૈશ-એ-મોહમ્મદનાં 4, લશ્કર-એ-તૈયબાનાં 3 અને હિઝબુલ મુજાહિદીનનાં 2 આતંકવાદી ઠેકાણાંનો સમાવેશ થાય છે.જૈશ-એ-મોહમ્મદ અને લશ્કરનાં મુખ્ય મથકનો નાશ કરાયોભારતીય સેનાએ બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય મરકઝ સુભાનને નિશાન બનાવ્યું છે. બહાવલપુર શહેર જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ)નો ગઢ છે.આ સાથે ભારતે મુરિદકે શહેરમાં ઉમાલાકુરા મસ્જિદને પણ નિશાન બનાવી છે. મુરિદકે લશ્કર-એ-તૈયબાનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે.અહેવાલો અનુસાર, લશ્કરનું મરકઝ-એ-તૈયબા સંકુલ મુરિદકેમાં જ આવેલું છે, જ્યાં આતંકવાદીઓને તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત ભારતે મુઝફ્ફરાબાદમાં બિલાલ મસ્જિદ અને કોટલીમાં અબ્બત મસ્જિદને નિશાન બનાવી છે.1. મરકઝ સુભાન અલ્લાહ, બહાલપુર- જૈશનું મુખ્યાલયહુમલા પહેલાં મરકઝ સુભાન અલ્લાહનો ફોટો (ફાઈલ ફોટો)હુમલા પહેલાં મરકઝ સુભાન અલ્લાહનો ફોટો (ફાઈલ ફોટો)મરકઝ સુભાન અલ્લાહ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના બહાવલપુર શહેરની બહાર સ્થિત છે. અહીં યુવાનોને તાલીમ આપવામાં આવે છે અને તેમનું બ્રેઈનવોશ કરવામાં આવે છે. એ લગભગ 15 એકર વિસ્તારમાં ફેલાયેલું છે.14 ફેબ્રુઆરી 2019ના રોજ પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાનું આયોજન અહીં જ કરવામાં આવ્યું હતું. પુલવામા હુમલાના આતંકવાદીઓને આ કેમ્પમાં તાલીમ આપવામાં આવી હતી.આ મરકઝમાં જૈશ-એ-મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહર, મુફ્તી અબ્દુલ રઉફ અસગર, મૌલાના અમ્માર અને 600થી વધુ સભ્યો રહે છે.2. મરકઝ તૈયબા, મુરિદકે પંજાબ-લશ્કર કેમ્પ, લાદેને ફંડ પૂરું પાડ્યુંપાકિસ્તાનમાં લશ્કરનું સૌથી મહત્ત્વપૂર્ણ તાલીમ કેન્દ્રસ્થાપના- 2000, વિસ્તાર- 82 એકરઓસામા બિન લાદેને 1 કરોડ રૂપિયાનું ભંડોળ પૂરું પાડ્યું હતું. 26/11ના મુંબઈ હુમલાના અજમલ કસાબ સહિત તમામ ગુનેગારોને અહીં તાલીમ આપવામાં આવી હતી.અહીં ફક્ત પાકિસ્તાનના જ નહીં, પરંતુ અન્ય દેશોના આતંકવાદીઓને પણ તાલીમ મળે છે. લશ્કરના માસ્ટરમાઈન્ડ ગણાતા આમિર હમઝા, અબ્દુલ રહેમાન આબિદ અને ઝફર ઈકબાલ અહીં રહે છે.3. સરજલ, તાહરા કલાં ફેસિલિટી, જૈશની મહત્ત્વપૂર્ણ લોન્ચિંગ સાઈટઆ જગ્યાએથી ભારત-પાકિસ્તાન સરહદ નીચે સુરંગ ખોદવામાં આવી છે, જેનો ઉપયોગ આતંકવાદીઓ ઘૂસણખોરી માટે કરે છે.આ કેન્દ્ર ભારતીય સરહદ (સાંબા સેક્ટર, જમ્મુ)થી માત્ર 6 કિમી દૂર છે.અહીંથી ડ્રોન દ્વારા ભારતમાં શસ્ત્રો, દારૂગોળો અને ડ્રગ્સ મોકલવામાં આવે છે.આ કેન્દ્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આડમાં ચલાવવામાં આવે છે, જ્યાં હંમેશાં 20થી 25 આતંકવાદી તહેનાત હોય છે.4. મહમૂના ઝોયા, સિયાલકોટ-હિઝબુલ મુજાહિદીનનો ટ્રેનિંગ કેમ્પપંજાબ (પાકિસ્તાન)માં કોટલી ભુટ્ટા સરકારી હોસ્પિટલ પાસે આવેલું છે.

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIની મદદથી સ્થાપના.આતંકવાદીઓને ભારતમાં ઘૂસણખોરી કરવા અને શસ્ત્રોની દાણચોરી કરવા માટે તાલીમ આપવામાં આવે છે. અહીં હિઝબુલ મુજાહિદીન અને જૈશ-એ-મોહમ્મદના લડવૈયાઓ તાલીમ લે છે.મોહમ્મદ ઈરફાન ખાન, અબુ લાલા, માજભાઈ અને ઈરફાન ખુમાન જેવા હિઝબુલ મુજાહિદીનના આતંકવાદીઓ અહીંથી કામ કરે છે. સામાન્ય રીતે અહીં 25થી 30 આતંકવાદી રહે છે.5. મરકઝ અહલે હદીસ, બરનાલા (PoK)- લશ્કર-એ-તૈયબાનો મુખ્ય આધારએનો ઉપયોગ પૂંછ, રાજૌરી, રિયાસી સેક્ટરમાં આતંકવાદીઓ અને હથિયારોની ઘૂસણખોરી માટે થાય છે. આતંકવાદીઓને ભારતમાં ઘૂસણખોરી કરતાં પહેલાં અહીં લાવવામાં આવે છે અને રાખવામાં આવે છે.આ મરકઝમાં 100-150 આતંકવાદીને રહેવાની વ્યવસ્થા છે. સામાન્ય રીતે અહીં 40-50 આતંકવાદી હોય છે.કાસિમ ગુજ્જર, કાસિમ ખાંડા, અનસ ઝરાર, બહુબ (મોહમ્મદ અમીન બટ્ટ) ઘણી વખત અહીં આવ્યા છે.6. મરકઝ અબ્બાસ, કોટલી, જૈશનું મુખ્ય કેન્દ્રએ POKના કોટલી શહેરમાં લશ્કરી છાવણીથી 2 કિમી દૂર સ્થિત છે.આ ઈમારતમાં 100થી 125 જૈશ કેડરોને રોકાવાની ક્ષમતા છે.હાફિઝ અબ્દુલ શકુર ઉર્ફે કારી જરાર તેનો વડા છે. ઝરાર જૈશ-એ-મોહમ્મદની શૂરા કાઉન્સિલનો સભ્ય છે.2016માં જમ્મુના નાગરોટામાં ભારતીય સૈન્ય કેમ્પ પર થયેલા હુમલાના સંબંધમાં NIA દ્વારા ઝરારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.મસ્કર રાહિલ શાહિદ, કોટલી (PoK)- હિઝબુલનું તાલીમ કેન્દ્રએ સૂમસામ અને ડુંગરાળ વિસ્તારમાં આવેલું છે, જ્યાં ફક્ત કાચા રસ્તા દ્વારા જ પહોંચી શકાય છે.અહીં આતંકવાદીઓને હથિયારો ચલાવવાની તાલીમ આપવામાં આવે છે. સ્નાઈપર્સને ખાસ તાલીમ આપવામાં આવે છે.પર્વતોમાં યુદ્ધ અને અસ્તિત્વ ટકાવી રાખવાની તાલીમ પણ આપવામાં આવે છે.આ કેમ્પમાં 150-200 આતંકવાદી કેડર રાખવાની વ્યવસ્થા છે. સામાન્ય રીતે અહીં 25-30 આતંકવાદી હાજર હોય છે.આ કેમ્પનું નિરીક્ષણ અબુ માઝ દ્વારા કરવામાં આવે છે. આ પહેલાં હિઝબુલ મુજાહિદીનના વડા સૈયદ સલાહુદ્દીન પોતે નવા કાર્યકરોને તાલીમ આપતો હતો.આતંકવાદીઓનાં પોસ્ટર, વીડિયો અને ફોટોગ્રાફ્સ અહીં રાખવામાં આવે છે, જેથી નવા કાર્યકરોને કટ્ટરપંથી બનાવી શકાય.8. શવાઈ નાલા કેમ્પ, મુઝફ્ફરાબાદ- લશ્કર-એ-તૈયબાઆ કેમ્પ મુઝફ્ફરાબાદ-નીલમ રોડ (પીઓકે) પર ચેલા બાંડી બ્રિજ પાસે આવેલો છે. એને હુઝૈફા બિન યમન કેમ્પ તરીકે પણ ઓળખવામાં આવે છે.આ કેમ્પમાં ફાયરિંગ રેન્જ, તાલીમ ગ્રાઉન્ડ, લશ્કર-એ-તૈયબા મદરેસા અને લગભગ 40 રૂમ છે.અહીં 200-250 આતંકવાદીને રોકાવાની ક્ષમતા છે. સામાન્ય રીતે અહીં 40થી 50 આતંકવાદી રહે છે.અહીં દૌરા-એ-આમ નામની બેઝિક તાલીમ આપવામાં આવે છે. આમાં લડવૈયાઓને શારીરિક તાલીમ, GPS, નકશા વાંચન અને શસ્ત્રો (રાઈફલ, ગ્રેનેડ) ચલાવવાની તાલીમ આપવામાં આવે છે.આ છાવણીનો મુખ્ય અબુ દુજાના છે. કમર ભાઈ ટ્રેનિંગ શિડ્યૂલ જુએ છે. હાફિઝ સઈદ પણ નવા લડવૈયાઓનું સ્વાગત કરવા માટે અહીં આવતો રહે છે.

# ઓપરેશન સિંદૂર બાદ જામનગરના જામસાહેબે PM મોદીને લખ્યો પત્ર, ઐતિહાસિક ઉપલબ્ધિ ગણાવી




પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેતા ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે પાકિસ્તાનમાં આતંકીઓ વિરુદ્ધ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને PoJKમાં નવ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવી સચોટ હુમલા કરાયા. બુધવારે સવારે થયેલા આ ઓપરેશન માટે જામનગરના જામસાહેબે પીએમ નરેન્દ્ર મોદીને પત્ર લખી શુભેચ્છા પાઠવી છે. પત્ર લખી પાઠવી શુભેચ્છા

તેમણે પત્રમાં લખ્યું કે 'પરમ આદરણીય નરેન્દ્રભાઈ દુનિયાના તમામ સાચા જાડેજાઓ તરફથી હું તમને હાર્દિક શુભેચ્છા પાઠવું છું કે તમે દુનિયાને અને પોતાને બતાવી દીધું કે આપણે હકિકતમાં એક મહાન રાષ્ટ્ર છે. તમારા નેતૃત્વમાં બહાદુરોએ પોતાની બહાદુરી અને બુદ્ધિમત્તા, અદભૂત ઉપકરણો અને જબરદસ્ત ટ્રેનિંગ સાથે દુનિયાને ભારતીય લોકોની બેજોડ ક્ષમતા અને ભાવનાનું પ્રદર્શન કર્યું છે. ભારતીય સશસ્ત્ર દળોએ સરસ કામ કર્યું અને માનનીય વડાપ્રધાનનો આભાર. માતાજી તમને ઐતિહાસિક મહત્ત્વનીએ વધુ મોટી સિદ્ધિઓ માટે આશીર્વાદ આપે. ઓપરેશન સિંદૂર શું છે?

પહેલગામ હુમલા દરમિયાન આતંકવાદીઓએ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા હતા. કાશ્મીર ફરવા ગયેલા પરિણીત કપલોને પકડીને તેમની પતિઓને સામે ગોળી મારી દેવામાં આવી હતી. તેમના સુહાગ અને તેમના સિંદૂરને તેમની નજર સામે જ ભૂંસી નાખવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓ તેમના પતિના લાંબા આયુષ્યના પ્રતીક તરીકે સિંદૂર લગાવે છે. આતંકવાદીઓને તેમના આકાઓ તરફથી સ્પષ્ટ સૂચનાઓ મળી હતી કે ફક્ત સિંદૂર ભૂંસી નાખો, એટલે કે હિન્દુઓને નિશાન બનાવો. એટલે જ ભારતીય સેના દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવા માટે શરૂ કરાયેલા ઓપરેશનને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું.

પાકિસ્તાનનું LoC પર આડેધડ ફાયરિંગ

ભારતે પાકિસ્તાનને પહલગામ આતંકી હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો છે. તેના 9 આતંકી ઠેકાણાઓ સામે જોરદાર કાર્યવાહી કરતાં મોડી રાતે હવાઈ હુમલા કરી કહેર વરસાવ્યો હતો. ભારતની આ કાર્યવાહી બાદ પાકિસ્તાન અકળાયું હતું અને એલઓસી પર અવળચંડાઇ કરતાં આડેધડ ફાયરિંગ કર્યું હતું જેમાં તોપ અને મોર્ટાર મારો કરી ગોળીબાર કર્યું હતું. આ પાકિસ્તાની હુમલામાં એક મહિલા અને બે બાળક સહિત કુલ 7 ભારતીય નાગરિકો મૃત્યુ પામી ગયા છે જ્યારે 38 થી વધુ ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે.

# આજે ભાવનગર શહેર અને જિલ્લામાં અર્ધો કલાક બ્લેક આઉટ




જમ્મુ કાશ્મીરના પહલગામમાં ધર્મ પૂછી પર્યટકોની હત્યા કર્યાની આતંકીવાદી ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે જે યુદ્ધની સ્થિતિનો માહોલ સર્જાયો છે. તેને જોતા કેન્દ્રના ગૃહ વિભાગે રાજ્યોને મોકડ્રિલ કરવાના આદેશ આપ્યા છે.

જેને લઈ આવતીકાલે બુધવારે ભાવનગર જિલ્લામાં અર્ધો કલાક બ્લેક હાઉટ કરવામાં આવશે. આ ઉપરાંત વહીવટી તંત્રે મોકડ્રિલનું પણ આયોજન કર્યું છે. રાજ્યના અન્ય ૧૭ જિલ્લાની સાથે આવતીકાલ તા.૭ને બુધવારે થનારા બ્લેક આઉટ અંગે જિલ્લા કલેક્ટર ડો.મનીષ કુમાર બંસલે જણાવ્યું હતું કે, સિવિલ ડીફેન્સના ભાગરૂપે સામાન્ય નાગરિકોમાં યુદ્ધની પરિસ્થિતિ અંગે જાગૃતિ કેળવાઈ તે હેતુ સાથે આવતીકાલ બુધવારે સાંજે ૭.૪૫ કલાકે સમગ્ર ભાવનગર જિલ્લામાં સ્વૈચ્છિક બ્લેક આઉટ (અંધારપટ) કરવાનો રહેશે.

પોલીસ, ફાયર બ્રિગેડના વાહનોને નિશ્ચિત સ્થળે ઉભા રાખી સાંજે ૭.૪૫ કલાકે બે મિનિટ સુધી સાયરન વગાવામાં આવશે. સાયરન શરૂ થતાં જ શહેર અને જિલ્લાના તમામ વિસ્તારોમાં નાગરિકોએ પોતાના ઘર, ઓફિસ, દુકાનોમાં લાઈટના ઉપકરણો બંધ કરવાના રહેશે. સ્ટ્રીટલાઈટો પણ બંધ કરી દેવામાં આવશે. અર્ધો કલાક સુધી અંધારપટ રાહ્યા બાદ રાત્રે ૮.૧૫ કલાકે એક મિનિટ સાયરન વાગશે ત્યારે લોકો તેમના ઈલેક્ટ્રીક ઉપકરણો ફરી શરૂ કરી શકશે.તેમણે જણાવ્યું કે, આ પ્રક્રિયાથી નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી. યુદ્ધની સ્થિતિમાં નાગરિકોએ કેવી રીતે રહેવું તેની ટ્રેનિંગનો ભાગ છે. બ્લેક આઉટ દરમિયાન લોકોએ પોતાના ઘરોમાં જ રહેવું, ઈમરજન્સીની પરિસ્થિતિ સિવાય કોઈ નાગરિકે પોતાના વાહનો લઈને બહાર ન નીકળી બ્લેક આઉટને સફળ બનાવવામાં સહકાર આપવા કલેક્ટરે નાગરિકોને અપીલ કરી છે. બ્લેક આઉટ ઉપરાંત આવતીકાલે બુધવારે સાંજે ૪ કલાકે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પોલીસ અને અન્ય વિભાગોને સાથે રાખી અલગ-અલગ જગ્યાઓ ઉપર મોકડ્રિલ પણ યોજવામાં આવશે તેમ અંતમાં ઉમેર્યું હતું. ઉલ્લેખનિય છે કે, મોકડ્રિલ અને બ્લેક આઉટના સૂચિત એક્શન પ્લાનની સમીક્ષા કરવા જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં એસપી, નિવાસી અધિક કલેક્ટર, આરોગ્ય, ફાયર, આરટીઓ સહિતના વિવિધ વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

# નીટની પરીક્ષાના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર વિપુલ તેરૈયાની ધરપકડ



નીટમાં પાસ કરાવી દેવાના અગર તો વધારે માર્કસ અપાવી દેવાના બહાને લાખો રૂપિયા પડાવતી ટોળકી સામે ગુનો નોંધાયા બાદ ક્રાઇમ બ્રાંચે મુખ્ય સુત્રધાર વિપુલ મૂળશંકર તેરૈયા (ઉ.વ.૪૪, રહે. ઈસ્કોન એમ્બીટો, મવડી-કણકોટ રોડ)ની ધરપકડ કરી છે. આ ટોળકીએ પાંચેક છાત્રોના વાલીઓ પાસેથી લાખો રૂપિયા પડાવ્યાની ક્રાઇમ બ્રાંચે શક્યતા દર્શાવી છે. જેતપુરમાં રહેતા તુષારભાઈ વેકરીયાના પુત્રને નીટમાં સારા માર્કસ અપાવી દેવાના બહાને આરોપીઓમાં ધોરાજીમાં રહેતા રાજેશ હરિભાઈ પેથાણી, રાજસ્થાનના ઉદયપુરના ધવલ સંઘવી, રાજકોટના વિપુલ તેરૈયા, તેના ભાઈ પ્રકાશ (રહે. હાલ સુરત) અને કર્ણાટકના બેલગાંવના મનજીત જૈન સહિતની ટોળકીએ રૂા. ૩૦ લાખ પડાવ્યા હતાં. જે અંગે ગઈકાલે ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઇ હતી. જેના આધારે તપાસનીસ પીએસઆઈ અનિરૂધ્ધસિંહ જાડેજાએ મુખ્ય સુત્રધાર વિપુલ તેરૈયાની ધરપકડ કરી હતી. જે એજ્યુકેશનલ કન્સલટન્ટ ઉપરાંત એગ્રીકલ્ચર પ્રોડક્ટની એજન્સી ધરાવે છે. ક્રાઇમ બ્રાંચ અત્યાર સુધીમાં આરોપીઓએ કેટલા છાત્રો પાસેથી પૈસા પડાવ્યા તે અંગે તપાસ કરી રહી છે. જો કે ક્રાઇમ બ્રાંચને પ્રાથમિક તપાસમાં પાંચેક છાત્રોને શિકાર બનાવાયાની માહિતી મળી છે. પરંતુ આવા છાત્રો કે તેના વાલીઓએ હજુ સુધી ક્રાઇમ બ્રાંચનો સંપર્ક કર્યો નથી. આરોપીઓ જેવો શિકાર તે પ્રમાણે પૈસાની માગણી કરતાં હતા. રૂા. ૬૦ લાખ સુધી માગણી કરેલી છે. ક્રાઇમ બ્રાંચના ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહીલે જણાવ્યું કે જે છાત્રો નીટની એક્ઝામ આપવાના હોય તેને આરોપીઓ શોધી શિકાર બનાવતા હતા. ફરિયાદી તુષારભાઈ વેકરીયા સાધુ વાસવાણી રોડ પર આવેલી રોયલ એકેડેમી સ્કૂલના રાજેશ પેથાણી મારફતે ધવલના સંપર્કમાં આવ્યા હતાં. ધવલ થકી તેરૈયા બધુઓના કોન્ટેક્ટમાં આવ્યા હતાં. ત્યાર પછી આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂા. ૩૦ લાખ લીધા હતાં. આ છેતરપિંડી ૨૦૨૪ના જાન્યુઆરી માસમાં થઇ હતી. ૨૦૨૪માં કાંઇ નહીં થતાં ફરિયાદીને આરોપીઓએ આ વર્ષે કંઇક કરશું તેમ કહ્યું હતું.પરંતુ ફરિયાદીને શંકા જતાં પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.આરોપીઓ નીટની પરીક્ષા બાબતે કાંઇ કરી શકતા ન હતાં. પૈસા પડાવ્યા બાદ પરત પણ આપતા ન હતા. આમ છતાં ભોગ બનનાર વાલીઓ ડરને કારણે પોલીસનો સંપર્ક પણ કરતાં ન હતા. જેના પરથી લાગે છે કે બીજા વાલીઓ પણ ભોગ બન્યાં છે. જે અંગે તપાસ થઈ રહી છે. મોટાભાગે આરોપીઓએ ૨૦૨૪માં જ આ કૌભાંડ આચર્યું હતું. આરોપી મનજીત બેલગાંવમા સીબીએસઈમાં એક્ઝામ કો ઓર્ડિનેટર તરીકે કામ કરતો હોવાની માહિતી મળી છે. મુખ્ય સુત્રધાર તરીકે મનજીત ઉપરાંત ધરપકડ કરાયેલા વિપુલની સંડોવણી ખુલી છે.

# ખેડા જિલ્લામાં વરસાદ અને વાવાઝોડાથી ઠેરઠેર તારાજી સર્જાઇ, 4 લોકોનાં મૃત્યુ



ખેડા જિલ્લામાં સોમવારે સાંજે વરસાદ અને વાવાઝોડાને કારણે ૪ લોકોના મૃત્યુ થયા છે.ખેડા જિલ્લામાં ૫૪૫ વીજ પોલ અને ૨૯ વીજ ડીપી ટ્રાન્સફોર્મર પડી ગયા હતા. જેના કારણે ૫૦૦ ગામોમાં વીજપુરવઠો ખોરવાયો હતો. જેમાંથી ૩૫૫ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરાયો છે અને અન્ય ગામોમાં પણ વીજ પુરવઠો મોડી સાંજે સુધીમાં કાર્યરત કરી દેવામાં આવશે. તારાજીથી ઠાસરાના કપિલાબેન કેસરીસિંહ ચાવડા અને નડિયાદના પાલડી ગામના મહેશભાઈ જુવાનસિંહ સોઢાનું વૃક્ષ પડવાથી મૃત્યુ થયું છે. આ સિવાય મહેમદાબાદના બે વ્યક્તિના મૃત્યુ થયા છે. જેમાં, રુદણ ગામના રણજીતસિંહ બુધાભાઈ બારૈયાનું મકાન પડવાથી અને સણસોલી ગામના વાલીબેન મોહનભાઈ ભરવાડનું છત પાડવાથી મૃત્યુ થયું છે. આ તરફ વાવાઝોડા અને વરસાદી તારાજીમાં ૫ પશુના મૃત્યુ થયા છે. સોમવારે મોડી સાંજે અચાનક વાતાવરણ પલટાઈ ગયુ અને પુરઝડપે પવન ફૂંકાતા નડિયાદ સહિત જિલ્લાભરમાં તારાજીના દ્રષ્યો સર્જાયા હતા. વાવાઝોડામાં ઝાડ પડવા, રસ્તાઓ બ્લોક થવા, મકાન છત પડવા, પતરા ઉડવા જેવા ઘટના બની હતી. જેમાં, માલ મિલકત અને માનવ મૃત્યુ સુધીની તારાજી સર્જાઈ છે. આ વાવાઝોડા ના કારણે ખેડા જિલ્લામાં એમજીવીસીએલના ૪૯ ફીડર બંધ થઈ ગયા હતા. જેમાં ૫૦૦ ગામોમાંથી ૩૫૫ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરી દેવામાં આવ્યો હતો જ્યારે આજે સાંજ સુધીમાં બાકીના તમામ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરી દેવામાં આવશે. વાવાઝોડાના કારણે ૫૪૫ પોલ પડી ગયા હતા જેમાંથી ૫૪ પોલ ઊભા કરી દેવામાં આવ્યા છે જ્યારે બંધ પડી ગયેલા ૨૯ ડીપી ટ્રાન્સફોર્મરનું વીજ કર્મચારીઓ રીપેરીંગ કામ કરી રહ્યા છે.વાવાઝોડાના કારણે ક્ષતિગ્રસ્ત જ્યોતિ ગ્રામ યોજનાની વીજ લાઈનોનું ૪૦૦ થી વધુ લાઈનમેનો સમારકામની કામગીરી કરી રહ્યા છે. આ વાવાઝોડાના કારણે વ્યાપક નુકસાન થયાનું અધિક્ષક ઈજનેર ટી.સી.વ્યાસે જણાવ્યું હતું. જ્યોતિગ્રામ યોજનાની વીજ લાઈનોનું સમારકામ કર્યા બાદ ખેતી વિષયક વીજ લાઈનોનું સમારકામ હાથ ધરવામાં આવશે.જિલ્લામાં ભારે વાવાઝોડા અને વરસાદના કારણે શહેર અને ગ્રામ્યના વિસ્તાર અસરગ્રસ્ત થયા હતા. જેના કારણે સમગ્ર જિલ્લામાં અનેક જગ્યાએ ઝાડ પડવાની ઘટના બની હતી. તંત્ર દ્વારા વૃક્ષો હટાવવાની કામગીરી હાથ ધરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યા છે. આ માટે વન વિભાગની ૮ રેન્જમાં કુલ ૧૨ ટીમો કાર્યરત રહીને આ કામગીરી કરી રહી છે. વન વિભાગ અને માર્ગ અને મકાન વિભાગના સંયુક્ત ઓપરેશન દ્વારા આખડોલ વલેટવા રોડ, પીઠાઈ રોડ, છઠ્ઠા માઈલ પલાણા રોડ, ચકલાસી ભાલેજ રોડ, ચકલાસી સુરાસામળ રોડ, કઠલાલ કપડવંજ રોડ અને વસો પલાણા રોડ પર પડેલા વૃક્ષોને હટાવી રોડ ક્લીઅર કરવામાં આવ્યા છે.

# ધો.૧૨ સાયન્સનું વડોદરા શહેર અને જિલ્લાનું ૮૨.૨૦ ટકા પરિણામ



ધોરાજી તાલુકામાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની ૪૦ જેટલી ટીમો આજે વહેલી સવારે વીજચોરી અંગેના ચેકિંગ માટે નીકળી હતી. જેમની સાથે એક્સ-આર્મીમેનનો સુરક્ષા બંદોબસ્ત ઉપરાંત વીડિયોગ્રાફી માટેની ટીમ પણ હતી. જેમાંથી ધોરાજીનાં સુપેડી ગામ નજીક વીડિયોગ્રાફી ટીમની કારને અકસ્માત સર્જાતા ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેથી ચાર વીડિયોગ્રાફરના કરૂણ મોત નીપજ્યા હતા, જ્યારે ડ્રાઈવર સહિત અન્ય બે કર્મચારીને ગંભીર ઈજા પહોંચી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, ધોરાજી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પીજીવીસીએલ દ્વારા વીજચેકીંગ માટે એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો. જેના પગલે વહેલી સવારથી પીજીવીસીએલની ૪૦ જેટલી ટીમોને અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારોની સોંપણી કરીને રવાના કરવામાં આવી હતી. જેમાં કેટલીક ટીમો ધોરાજીથી ઉપલેટા હાઈવે પર સુપેડી ગામ નજીક આજરોજ વહેલી સવારે વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવા માટે પસાર થઈ રહી હતી, ત્યારે જ અચાનક પીજીવીસીએલના કર્મચારીઓ સાથે રહેલી ધોરાજીની વીડિયોગ્રાફી ટીમની કાર બેકાબુ બનીને ધડાકાભેર ડિવાઈડર સાથે ટકરાઈને બુકડો બોલી ગઈ હતી. ગોજારા અકસ્માતના પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી જાણ થતાં પોલીસ અને નેશનલ હાઈવેની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે પ્રાથમિક તપાસમાં મૃતકોની ઓળખ કિશોરભાઈ ચંદુભાઈ હિરાણી (ઉં.વ.૬૪, રહે. ધોરાજી), વલ્લભભાઈ ધીરજલાલ રૂંધાણી (ઉં.વ.૫૭, રહે. ધોરાજી), અફતાબ આસિફભાઈ પઠાણ (ઉં.વ.૧૯, રહે. ધોરાજી) અને મોહમદભાઈ સુમરા (રહે. ધોરાજી) તરીકે કરી છે. જ્યારે ઈજાગ્રસ્તના નામ રશ્મિન ગાંધી અને ગૌરાંગ રૂઘાણી છે. પ્રાથમિક તબક્કે અનુમાન લગાવામાં આવી રહ્યું છે કે સોમવારે ભારે પવન હોવાના લીધે કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં અક્સ્માત સર્જાયો હોઇ શકે છે. પીજીવીસીએલના અધિકારીઓ જણાવ્યું કે, ધોરાજીથી સુપેડી ગામ જવાના રસ્તે ઈનોવા કારમાં ડ્રાઈવર અને વીડિયોગ્રાફરો સહિત છ વ્યક્તિ સવાર હતા. જે કારને કોઈ કારણસર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારચાલક અને અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં ચાર વીડિયોગ્રાફરનાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ અકસ્માતને લઈને ધોરાજી તાલુકા પોલીસ તંત્ર અને નેશનલ હાઈવેની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી આવી હતી.

# અમૂલ ડેરીની ચૂંટણીના ઉમેદવારો નક્કી કરવા બે સાંસદને દિલ્હીનું તેડું



એશિયાની પ્રસિદ્ધ સહકારી ક્ષેત્રની સંસ્થા અમૂલની સત્તા હસ્તગત કરવા હવે રાજકીય દાવ પેચ શરૂ થઈ રહ્યા છે. આણંદ અને ખેડા જિલ્લાના સાંસદને ડેરીની ચૂંટણી ઉમેદવારો નક્કી કરવા માટે દિલ્હીનું તેડું આવ્યું છે. બંને સાંસદ હાઇકમાન્ડ સાથે ઉમેદવારોના નામોની ચર્ચા કરશે. ચુંટણીને અનુલક્ષીને અમૂલ ડેરીમાં મતદારો માટેની યાદી બનાવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. આણંદ અને ખેડા જિલ્લાની ૧૨૫૮ વિવિધ મંડળીઓમાંથી ૧,૨૩૬ મતદારોના નામોના ઠરાવ પણ જિલ્લા રજીસ્ટાર પાસે પહોંચી ગયા છે ચૂંટણી આગામી ઓગષ્ટમાં યોજાવાની શક્યતા છે. અમુલ ડેરીની ચૂંટણીમાં આ વખતે પેટલાદ અને ઠાસરા બેઠક મહિલા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવી છે.00:03/01:11 સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ આણંદ જિલ્લાની અમૂલ ડેરીમાં ચાર બેઠકો આવે છે તેથી આ ચાર બેઠકોના ઉમેદવારોના નામ નક્કી કરવા સંદર્ભે છેલ્લા બે દિવસમાં જિલ્લાના ભાજપ સાંસદ દેવુસિંગ ચૌહાણ અને મિતેશ પટેલ તથા સ્થાનિક ધારાસભ્ય વચ્ચે ક્રમશ બેઠકો પણ યોજાઈ હતી અને તેમાં નામોની પેનલ નક્કી કરવામાં આવી હતી. આ અંગે આણંદ જિલ્લાના સાંસદને સોમવારે અચાનક જ અમુલની બેઠકના ઉમેદવારો નક્કી કરવા બાબતે તાત્કાલિક દિલ્હી બોલાવવામાં આવ્યા હોવાનું ચર્ચાય છે. જીતના દાવા સાથે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારની યાદી તૈયાર કરવામાં આવી રહી છે.સરકારના 3 પ્રતિનિધિની નિયુક્તિ રદ કરવા હાઈકોર્ટમાં દાદ ગત સપ્ટેમ્બરમાં અમૂલ ખાતે યોજાયેલ સામાન્ય સભામાં ૬૫૦ જેટલી દૂધ મંડળીના ચેરમેન દ્વારા હોબાળો સર્જાયો હતો. સરકારના ત્રણ પ્રતિનિધિની નિયુક્તિ રદ કરે અને નિયામક મંડળની ચૂંટણી સામાન્ય યોજે તેવી માંગ કરાઈ હતી. પૂર્વ વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમાર તથા અડાસ દૂધ મંડળીના પિયુષ રાજ દ્વારા આગામી ચુંટણી જનરલ કરવા, સરકારના ત્રણ પ્રતિનિધિની નિયુક્તિ રદ કરવાની અને ખાસ સાધારણ સભા બોલાવેની દાદ હાઇકોર્ટમાં માંગતા અમૂલ ડેરીની ચૂંટણીને લઈને સ્થાનિક સહકારી રાજકારણ ગરમાયું છે.

# હાઈકોર્ટના આદેશ બાદ ભરતનગરમાં મસ્જિદનું દબાણ તોડી પડાયું

: શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની માલિકીની જગ્યામાં ૨૦ વર્ષથી ગેરકાયદે બનેલી મસ્જિદને આજે હાઉસિંગ બોર્ડે પોલીસ અને મનપા તંત્રની મદદથી હટાવી જગ્યાને દબાણમુક્ત કરી હતી. ઉલ્લેખનિય છે કે, આ દબાણ હટાવવા તંત્રએ નોટિસ આપી હતી, જેના પગલે મામલો હાઇકોર્ટમાં પહોંચતાં કોર્ટના આદેશના પગલે આજે આ કાર્યવાહી હાથ ધરાઈ હતી. શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલ મેમણ કોલોનીમાં આશરે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યામાં મસ્જિદનું ગેરકાયદે બાંધકામ હતુ, જેને દૂર કરવા હાઉસિંગ બોર્ડે જે તે સમયે મસ્જિદના સંચાલકોને નોટિસ આપી હતી. આ નોટિસના પગલે મસ્જિદના સંચાલકો ગુજરાત હાઈકોર્ટમાં ગયા હતાં.હાઈકોર્ટના આદેશ બાદ આજે હાઉસિંગ બોર્ડના સ્ટાફે ૫૦૦ સ્કે.મીટરની સરકારી જગ્યામાં બનેલી મસ્જિદને દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. આખો દિવસ ચાલેલી આ કામગીરીમાં દબાણ તોડી પાડવા માટે મહાપાલિકાના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જયારે, દબાણ હટાવ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**